




પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪


તા. ૨૪-૨-૨૦૨૬, મંગળવાર

વર્ષઃ ૧૪, અંક : ૨૯૬

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia







# શેરબજારમાં અમંગળઃ મંદીની સુનામી, રોકાણકારોમાં ફફડાટ

## સેન્સેક્સમાં ૧૧૦૦થી વધુ અને નિફ્ટીમાં ૩૦૦થી વધુ પોઈન્ટનો તોતીંગ કડાકોઃ બૂલીયન બજારમાં મિશ્ર માહોલઃ રૂપિયો પણ ડોલર સામે તૂટ્યો

**અબતક, રાજકોટ**

ભારતીય શેરબજાર માટે આજે મંગળવારનો દિવસ અમંગળકારી સાબિત થયો છે. આજે ઉઘડતી બજારે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેકસ ઉંધામાથે પટકાયા હતા. સેન્સેક્સે ઈન્ટ્રાડેમાં ૮૨૦૦૦ તો નિફ્ટીએ ૨૫૫૦૦ની સપાટી તોડી હતી. મંદીની સુનામીથી રોકાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. બૂલીયન બજારમાં મિશ્ર માહોલ જોવા મળી રહ્યો છે. અમેરિકી ડોલર સામે આજે ભારતીય રૂપિયાનું ધોવાણ રહ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ થવાની પ્રબળ બનતી સંભાવનાને કારણે ભારતીય શેરબજારમાં ફરી મંદીની મોકાણ જોવા મળી રહી છે. આજે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટા કડાકા બોલી ગયા હતા. સેન્સેક્સે ઈન્ટ્રાડેમાં ૮૨૦૦૦ સપાટી તોડી હતી અને ૮૧૯૩૪ સુધી નીચે સરકી ગયો હતો. જ્યારે ઉપલી સપાટી ૮૩૦૮૦ રહેવા પામી હતી. નિફ્ટીએ પણ દિવસ દરમિયાન ૨૫૪૦૦ની સપાટી તોડતા રોકાણકારોના અબજો રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું. નિફ્ટીની આજે દિવસની નીચલી સપાટી ૨૫૩૨૭ રહેવા પામી હતી. જ્યારે ઉપલી સપાટી ૨૫૬૪૨



રહી હતી. બેંક નિફ્ટી આજે ગ્રીન ઝોનમાં કામકાજ કરતી નજરે પડતી જ્યારે નિફ્ટી મિડકેપ-૧૦૦માં ૨૧૫ પોઈન્ટ જેવો કડાકો બોલી ગયો હતો. બૂલીયન બજારમાં મિશ્ર માહોલ રહ્યો હતો. સોનાના ભાવમાં થોડી નરમાશ દેખાતી હતી. જ્યારે ચાંદીના ભાવ થોડા ઉંચકાયેલા છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયામાં ૭ પૈસાનો ઘટાડો જોવા મળ્યો હતો.

આજની મંદીમાં બંધન બેંક, યુનિયન બેંક, બેંક ઓફ ઈન્ડિયા, પોલીકેપ, ટોરેન્ટ ફાર્મા, આઈડીએફસી ફર્સ્ટ બેંક, યશ બેંક, બેંક ઓફ મહારાષ્ટ્ર સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે કોફોર્જ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, ઈન્ટરર્નલ, ઈન્ફોસીસ, ટીસીએસ, ભારતી એરટેલ, સુઝલોન એનર્જી, એલએનટી ટેક્નોલોજી, એપટસ વેલ્યુ સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૧૧૧૬ પોઈન્ટના ઘટાડા સાથે ૮૨૧૭૮ અને નિફ્ટી ૩૦૩ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૪૧૦ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૮ પૈસાના ઘટાડા સાથે ૯૦.૯૭ પર ટ્રેડ કરી રહ્યો છે. વૈશ્વિક પરિબળોના કારણે ભારતીય શેરબજારનો ટ્રેન્ડ નક્કી થઈ શકતો નથી. સપ્તાહમાં એકાદ દિવસ ઉછાળો રહે છે તો મોટાભાગના દિવસોમાં માર્કેટ રેડ ઝોનમાં કામકાજ કરતું નજરે પડે છે. વિદેશી રોકાણકારો પણ ભારતીય શેરબજારમાંથી પોતાનું રોકાણ પાછું ખેંચી રહ્યા છે.

ભારતનું અર્થતંત્ર મજબૂતાઈ સાથે આગળ વધી રહ્યું છે પરંતુ વૈશ્વિક પરિબળોના કારણે શેરબજારમાં નક્કર ટ્રેન્ડ જોવા મળતો નથી. જેના કારણે રોકાણકારો પણ મુંજવણ અનુભવી રહ્યા છે. અમેરિકા સાથેની ટ્રેડ ડીલ ફાઈનલ થતા એક સમયે એવું લાગી રહ્યું હતું કે હવે શેરબજારમાં તેજીનો ટ્રેક પકડાઈ જશે પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારાના કારણે બજાર મંદીમાં ગરકાવ થઈ ગયું છે. બીજી તરફ બજેટમાં એસટીટીમાં વધારો કરવામાં આવતા શેરબજાર પર તેની માઠી અસર જોવા મળી રહી છે.

પ્રાયમરી માર્કેટમાં પણ કોઈ ખાસ મૂવમેન્ટ દેખાતી નથી. જેના કારણે બજારમાં આઈપીઓ આવતા પણ બંધ થઈ ગયા છે. રોકાણકારો નવું રોકાણ કરતા હાલ ડરી રહ્યા હોવાનું લાગી રહ્યું છે.

# ઈરાન-અમેરિકા યુદ્ધના ભણકારા વચ્ચે ક્રૂડ અને સોનું ભડકે બળશે?

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થવાની આશંકા વચ્ચે સરકારે ઉર્જા સુરક્ષા માટે વૈકલ્પિક રસ્તાઓ શોધ્યા; દેશનું વ્યૂહાત્મક ક્રૂડ રિઝર્વ ૭૪ દિવસ ચાલી શકે તેમ છે

### વૈકલ્પિક પાઈપલાઈનનો ઉપયોગ

જો હોર્મુઝની ખાડી બંધ થાય તો ભારત ૩૬૦ કિમી લાંબી 'હબશાન-ફજૈરાહ' (એડનોક દ્વારા સંચાલિત) અને ૧૨૦૦ કિમી લાંબી 'ઈસ્ટ-વેસ્ટ' પાઈપલાઈન (આરામકો દ્વારા સંચાલિત) નો ઉપયોગ કરી શકે છે. જેનાથી લાલ સમુદ્ર મારફતે ભારતને અવિરત ક્રૂડ મળી શકે છે.

### ભાવ વધારાની સીધી અસર

ક્રૂડની અછત કરતા ભાવ વધારો મુખ્ય ચિંતાનો વિષય છે. રેટિંગ એજન્સી આઈસીઆરએ ના સિનિયર વીપી પ્રશાંત વશિષ્ઠના જણાવ્યા મુજબ, ક્રૂડના ભાવમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરનો વધારો થાય, તો ભારતના વાર્ષિક આયાત બિલમાં સીધો ૧૩ થી ૧૪ ડોલર બિલિયનનો જંગી વધારો નોંધાઈ શકે છે.

### ભારતનું વ્યૂહાત્મક ક્રૂડ રિઝર્વ

ભારતે કટોકટીના સમય માટે દક્ષિણ ભારતમાં વિશાખાપટ્ટનમ, મેંગ્લોર અને પાદુરમાં અંડરગ્રાઉન્ડ ઓઈલ રિઝર્વ બનાવ્યા છે. આ વ્યૂહાત્મક ભંડાર અને દેશની વિવિધ રિફાઈનરીઓ પાસે રહેલા હાલના સ્ટોકને કારણે ભારત કોઈપણ પ્રકારની અછત વિના સળંગ ૭૪ દિવસ સુધી પોતાની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.

### સામાન્ય નાગરિકો પર સંભવિત અસર

જો તણાવ લાંબો ચાલશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહેશે, તો તેની સીધી અસર સ્થાનિક બજારમાં જોવા મળી શકે છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર દબાણ વધવાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે. ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થવાથી આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં પણ ઉછાળો આવવાની અને ફુગાવો વધવાની શક્યતા રહેલી છે.

**અબતક, નવી દિલ્હી**

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ અને યુદ્ધની આશંકાઓને પગલે ભારતે પોતાની ઉર્જા જરૂરિયાતોને સુરક્ષિત કરવા માટે વિવિધ રસ્તાઓ શોધવાનું શરૂ કરી દીધું છે. ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (હોર્મુઝની ખાડી) ના કેટલાક ભાગોને અસ્થાયી રૂપે બંધ કરવાનો સંકેત આપ્યો છે. આ સાંકડી ખાડી ગલ્ફને ખુલ્લા સમુદ્ર સાથે જોડે છે, જ્યાંથી વિશ્વના કુલ ક્રૂડ સપ્લાયમાંથી લગભગ ૨૦% જેટલા ક્રૂડની હેરફેર થાય છે.

હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા કાર્ગો પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ ભારતને સીધી અસર કરી શકે છે. ભારત સાઉદી અરેબિયા, ઈરાક, યુએઈ, કુવૈત, કતાર અને ઓમાન પાસેથી મોટી માત્રામાં ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ આયાત કરે છે. ભારત તેની કુલ જરૂરિયાતના ૯૦% (લગભગ ૫.૫ મિલિયન બેરલ પ્રતિ દિવસ) ક્રૂડ આયાત કરે છે. જેમાંથી ૪૦% કરતા વધુ હિસ્સો પશ્ચિમ એશિયામાંથી આ સાંકડા માર્ગ દ્વારા જ ભારતમાં આવે છે.

છેલ્લા ત્રણ વર્ષમાં ભારતે રશિયા પાસેથી મોટી માત્રામાં ક્રૂડ ખરીદ્યું હતું, પરંતુ તાજેતરના પ્રવાહો દર્શાવે છે કે રશિયન તેલનો હિસ્સો હવે ઘટવા લાગ્યો છે. સામે પક્ષે, સાઉદી અરેબિયા પાસેથી ભારતની ક્રૂડની ખરીદી આ મહિને છેલ્લા છ વર્ષની ટોચે પહોંચી છે. અધિકારીઓએ જણાવ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે ક્રૂડ આયાતના સ્ત્રોતોને પહેલેથી જ વૈવિધ્યસભર બનાવ્યા છે.

ઉર્જા નિષ્ણાત નરેન્દ્ર તનેજાના મતે, ભારત માટે ક્રૂડની ઉપલબ્ધતા કોઈ મોટી ચિંતા નથી, પરંતુ વૈશ્વિક સ્તરે તેના ભાવ વધી શકે તે ચિંતાજનક છે. હોર્મુઝની ખાડી બંધ થવી એ અમેરિકા અને ગલ્ફ દેશો માટે પણ સ્વીકાર્ય રહેશે નહીં. ભારતે તેના નાગરિકોને કોઈપણ ઉપલબ્ધ માધ્યમથી ઈરાન છોડવાની સૂચના આપી દીધી છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ઈરાનની સ્થિતિને જોતા ભારત સરકારે પોતાના નાગરિકોને દેશ છોડવાની સલાહ આપી છે. આ સાથે જ જણાવ્યું છે કે, સુરક્ષાની દ્રષ્ટિએ બગડતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખે અને કોમર્શિયલ ફ્લાઈટ્સ તેમજ પરિવહનના તમામ ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરીને દેશ છોડી દે.નોંધનીય છે કે, તેહરાનમાં ફરી એકવાર નવા છેડેથી થઈ રહેલા વિરોધ પ્રદર્શનો અને ઈરાન પર અમેરિકી સૈન્ય હુમલાની વધી રહેલી આશંકાઓને જોતા ઈરાન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતના લોકો માટે નવી એડવાઈઝરી જાહેર કરી છે. ઈરાનની ઘણી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓએ સરકાર વિરુદ્ધ પ્રદર્શનો કર્યા હતા, જે ગયા મહિને પ્રદર્શનકારીઓ પર કરવામાં આવેલી ક્રૂર કાર્યવાહી બાદ આ પ્રકારનું પહેલું આંદોલન હતું.

# સપ્તાહના અંતમાં કેનેડાના વડાપ્રધાનની ભારત મુલાકાત ૫૦ બિલિયન ડોલરનો પથ કંડારશે

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સંરક્ષણ અને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોમાં નવી ભાગીદારીની જાહેરાત થવાની શક્યતા



**અબતક, નવી દિલ્હી**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની આ સપ્તાહના અંતમાં ભારતની મહત્વપૂર્ણ ત્રણ દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાનો છે. ખાસ કરીને, ૨૦૫૦ સુધીમાં વાર્ષિક ૫૦ બિલિયન ડોલરનો દ્વિપક્ષીય વેપાર હાંસલ કરવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવશે.

વડાપ્રધાન કાર્ની પોતાની મુલાકાતના પ્રથમ બે દિવસ આર્થિક રાજધાની મુંબઈમાં વિતાવશે, જ્યાં તેઓ અગ્રણી બિઝનેસ લીડર્સ સાથે બેઠક કરી રોકાણની તકો ચકાસશે.૨ માર્ચના રોજ નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમની દ્વિપક્ષીય બેઠક યોજાશે. આ બેઠકમાં ૨૦૨૩ની ઘટનાઓ પછી બંને દેશો વચ્ચેના સંબંધોને ફરીથી પાટા પર લાવવા અને મજબૂત કરવા પર ભાર મુકાશે. આ મુલાકાત માત્ર રાજદ્વારી નથી, પરંતુ આર્થિક દ્રષ્ટિએ ગેમ-ચેન્જર

(અનુ. આઠમા પાને)

# ઝારખંડના ચતરામાં એર એમ્બ્યુલન્સ ક્રેશથી ૭ લોકોના મોત

## રાંચીથી દિલ્હી જઈ રહેલી એર એમ્બ્યુલન્સ સિમરિયાના જંગલોમાં ક્રેશ



**અબતક, નવી દિલ્હી**

ઝારખંડના ચતરા જિલ્લામાં સોમવારે સાંજે એક હૃદયદ્રાવક વિમાની અકસ્માત સર્જાયો હતો. રાંચીથી દિલ્હી જઈ રહેલી એર એમ્બ્યુલન્સ સિમરિયાના જંગલોમાં ક્રેશ થતાં તેમાં સવાર તમામ સાત લોકોના મોત થયા છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનના જણાવ્યા અનુસાર, ઉડાન ભર્યા બાદ વિમાને કોલકાતા એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક કર્યો હતો. સાંજે ૭:૩૪ કલાકે પાયલોટે ખરાબ હવામાનને કારણે રૂટ બદલવાની મંજૂરી માંગી હતી, પરંતુ તે પછી તરત જ રડાર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.

ચતરા જિલ્લા પ્રશાસને તમામ સાત મૃતદેહો બહાર કાઢ્યા હતા જેમાં કેપ્ટન વિવેક વિકાસ ભગત (પાયલોટ),કેપ્ટન સવરાજદીપ સિંહ (કો-પાયલોટ) , સંજય કુમાર (દર્દી - ૪૧ વર્ષ), ડો. વિકાસ કુમાર ગુપ્તા, સચિન કુમાર મિશ્રા, અર્ચના દેવી,ધુરુ કુમાર સવાર હતા. મૃતક દર્દી સંજય કુમાર લાતેહાર જિલ્લાના ચંદવાના રહેવાસી હતા. તેઓ ૬૫ ટકા દાઝી ગયા

(અનુ. આઠમા પાને)

"ભણતરનો ભાર"

# NEETના પ્રેસરથી પિતાને ગોળી મારી શરીરના કટકા કરી નાખ્યા

## સમગ્ર હત્યાકાંડ તેણે પોતાની નાની બહેન સામે અંજામ આપ્યો અને તેને મોઢું બંધ રાખવાની ધમકી આપી હતી

લખનઉના આશિયાના વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ૧૯ વર્ષના પુત્રએ તેના જ પિતાની ગોળી મારીને હત્યા કરી અને ત્યારબાદ પુરાવા છુપાવવા માટે પિતાના શરીરના ટુકડા કરી ડ્રમમાં ભરી દીધા હતા. પિતા પુત્ર પર મેડિકલ પ્રવેશ પરીક્ષા પાસ કરવા માટે સતત દબાણ કરતા હતા. પિતા ગુમ થયાની ફરિયાદ પુત્રએ જ નોંધાવી હતી. પરંતુ સોમવારે સાંજે જ્યારે તે શરીરના બાકીના હિસ્સાનો નિકાલ કરવા જતો હતો, ત્યારે પોલીસના પેટ્રોલિંગ યુનિટે શંકાના આધારે તેને પકડ્યો અને પૂછપરછમાં સત્ય સામે આવ્યું.

પુત્રએ તેના પિતાની લાયસન્સવાળી રાઈફલથી હત્યા કરી, લાશના ટુકડા કર્યા અને માથા સહિતના કેટલાક ભાગો દૂર ફેંકી દીધા. બાકીનો હિસ્સો પ્લાસ્ટિકના ડ્રમમાં છુપાવ્યો હતો. સમગ્ર હત્યાકાંડ તેણે પોતાની નાની બહેન સામે અંજામ આપ્યો અને તેને મોઢું બંધ રાખવાની ધમકી આપી હતી. વાલીઓને એ સમજાવવા માટે કે બાળકો પર કારકિર્દીનું અતિશય દબાણ કેવું ભયાનક સ્વરૂપ લઈ શકે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓના કારણે યુવાનોમાં વધતો ગુસ્સો અને ડિપ્રેશન ચર્ચાનો વિષય બને તે જરૂરી છે.

એક જ બ્રાન્ચમાં સરકારી રૂ.૫૯૦ કરોડની બઠાંતરી

# ખાનગી બેંકોની દલાતરવાડી વિશ્વાસ ઉઠાવી દેશે?!!!

## ખાનગી બેંકોના સરકારી ખાતાઓની સુરક્ષા પર ઉઠ્યા સવાલો : કૌભાંડ બહાર આવ્યા બાદ આઈડીએફસી બેંકના શેર ૨૦% તૂટ્યા, અન્ય ખાનગી બેંકોને પણ ફટકો પડવાની ભીતિ

**અબતક, નવી દિલ્હી**

આઈડીએફસી ફર્સ્ટ બેંકની ચંદીગઢ બ્રાન્ચમાં આશરે રૂ.૫૯૦ કરોડનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. આ કૌભાંડ હરિયાણા સરકારના વિવિધ વિભાગોના બેંક ખાતાઓ સાથે જોડાયેલું છે. આ ઘટના બહાર આવતા જ શેરબજારમાં ભારે ખળભળાટ મચી ગયો હતો અને રોકાણકારોના હજારો કરોડ રૂપિયા ધોવાઈ ગયા હતા. આ મામલે બેંકે પોતાના ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરીને પોલીસ ફરિયાદ નોંધાવી છે અને આગળની તપાસ હાથ ધરી છે.

આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ હરિયાણા સરકારે પોતાના સરકારી ખાતાઓ બંધ કરવા અને તેમાંથી ભંડોળ અન્ય બેંકમાં ટ્રાન્સફર કરવા માટે બેંકને સૂચના આપી. આ પ્રક્રિયા દરમિયાન સરકારી ચોપડે બોલતી રકમ અને બેંકના ખાતામાં રહેલી વાસ્તવિક રકમ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો. ખાતાઓના રિકન્સિલેશન (તાળમેળ) વખતે આ મસમોટી ગેરરીતિ પકડાઈ હતી. ત્યારબાદ હરિયાણાના નાણાં વિભાગે તાત્કાલિક અસરથી આઈડીએફસી ફર્સ્ટ બેંક અને એયું સ્મોલ ફાઈનાન્સ બેંકને સરકારી કામકાજ માટે ડી-એમ્પેનલ કરી દીધી હતી.

### અન્ય ખાનગી બેંકો પર તોળાતું સંકટઃ 'લો-કોસ્ટ એકાઉન્ટ્સ' જોખમમાં

આ કૌભાંડની અસર માત્ર આઈડીએફસી બેંક પૂરતી સીમિત રહી નથી. આ ઘટના બાદ અન્ય ખાનગી બેંકોમાં રહેલા સરકારી વિભાગોના 'લો-કોસ્ટ એકાઉન્ટ્સ' એટલે કે સસ્તા દરની સરકારી ડિપોઝિટ પર મોટું જોખમ ઉભું થયું છે. હરિયાણા સરકારે હવે તમામ સરકારી લેવડદેવડ અને ખાતાઓ માત્ર જાહેર ક્ષેત્રની બેંકોમાં જ રાખવાનો આદેશ આપ્યો છે. નિષ્ણાતોના મતે, આ પગલાંને કારણે ખાનગી બેંકોમાંથી હજારો કરોડ રૂપિયાની સરકારી ડિપોઝિટ સરકારી બેંકોમાં શિફ્ટ થઈ શકે છે, જેનાથી ખાનગી બેંકોને મળતું સસ્તું ભંડોળ પ્રભાવિત થશે.

### છેલ્લા ૬ વર્ષમાં બેંકના શેરમાં સૌથી મોટો કડાકો

કૌભાંડના સમાચાર વાયુવેગે પ્રસરતા જ શેરબજારમાં આઈડીએફસી ફર્સ્ટ બેંકનો શેર ધડામ દઈને ૨૦ ટકા તૂટી ગયો હતો અને તેમાં લોઅર સર્કિટ લાગી ગઈ હતી. માર્ચ ૨૦૨૦ પછી બેંકના શેરમાં આ સૌથી મોટો કડાકો છે. આ ઘટાડાને કારણે એક જ દિવસમાં રોકાણકારો અને માર્કેટ કેપિટલમાંથી આશરે રૂ.૧૪,૦૦૦ કરોડ રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું.

### ભંડોળ પાછા ખેંચવાનો હરિયાણા સરકારનો કડક નિર્ણયઃ પ્રાઈવેટ બેંકોને મોટો ફટકો

આ ઘટના બાદ હરિયાણા સરકારે કડક નિર્ણય લેતા પ્રાઈવેટ બેંકોમાંથી પોતાના તમામ સરકારી ખાતાઓ અને ભંડોળ પાછા ખેંચવાની પ્રક્રિયા શરૂ કરી છે. તમામ સરકારી વિભાગોને સૂચના આપવામાં આવી છે કે હવેથી સરકારી નાણાં માત્ર સરકારી બેંકોમાં જ જમા કરાવવામાં આવે. આ નિર્ણયને કારણે અન્ય પ્રાઈવેટ બેંકોની સરકારી થાપણોમાં પણ મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે.

પ્રાથમિક અહેવાલો અનુસાર, આ કૌભાંડમાં બનાવટી દસ્તાવેજો અને નકલી બેલેન્સ સર્ટિફિકેટનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની આશંકા છે. કથિત રીતે અમુક બેંક અધિકારીઓએ ત્રાહિત વ્યક્તિઓ (થર્ડ પાર્ટી) સાથે મિલીભગત કરીને સરકારી ખાતાઓના નાણાં અન્ય બોગસ ખાતાઓમાં ડાયવર્ટ કર્યા હતા. જ્યારે પણ સરકારી વિભાગો દ્વારા ખાતામાં રહેલા ભંડોળ અંગે માહિતી માંગવામાં આવતી, ત્યારે તેમને નકલી બેલેન્સ રિપોર્ટ દર્શાવીને ગેરમાર્ગે દોરવામાં આવતા હતા. આ સિસ્ટમેટિક ફ્રોડ લાંબા સમયથી ચાલી રહ્યો હોવાનું મનાય છે, જેણે બેંકની આંતરિક ઓડિટ અને વેરીફીકેશન સિસ્ટમની ગંભીર ખામીઓ પણ છતી કરી છે.

કૌભાંડની જાણ થતાં જ આઈડીએફસી ફર્સ્ટ બેંકના મેનેજિંગ

(અનુ. આઠમા પાને)

કળી ખીલે તે પહેલાં જ કરમાઈ જાય.....

# બદલાતા શિક્ષણ યુગમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ''બાળ કાર્યક્રમો'' લુપ્ત થયા

## શિક્ષણ પ્રણાલીમાં વધતી સ્પર્ધા, માર્ક્સ અને રિઝલ્ટ પર વધારે ભાર મૂકાતા શૈક્ષણિક પ્રવૃત્તિઓ મુખ્ય બની ગઈ છે, જ્યારે કલા, રમત-ગમત અને વ્યક્તિત્વ વિકાસ જેવી પ્રવૃત્તિઓ પાછળ રહી ગઈ છે, ઉપરાંત ટેક્નોલોજી અને મોબાઈલના વધતા પ્રભાવને કારણે બાળકો બહારની સર્જનાત્મક અને સામૂહિક પ્રવૃત્તિઓમાં ઓછા જોડાય છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

પહેલાની શિક્ષણ પદ્ધતિમાં બાળકોના સર્વાંગી વિકાસના કાર્યક્રમને વિશેષ મહત્વ અપાતું હતું, જે આજે ક્યાંય જોવા મળતું નથી. બદલાતી શિક્ષણ પ્રથા અને ભૌતિક સુવિધાથી સજ્જ શાળાઓ

સ્પર્ધા, માર્ક્સ અને રિઝલ્ટ પર વધારે ભાર મૂકાતા શૈક્ષણિક પ્રવૃત્તિઓ મુખ્ય બની ગઈ છે, જ્યારે કલા, રમત-ગમત અને વ્યક્તિત્વ વિકાસ જેવી પ્રવૃત્તિઓ પાછળ રહી ગઈ છે, ઉપરાંત ટેક્નોલોજી અને મોબાઈલના વધતા પ્રભાવને કારણે બાળકો બહારની સર્જનાત્મક અને સામૂહિક પ્રવૃત્તિઓમાં ઓછું જોડાય છે. જે આજના સમયમાં બાળકોના સર્વાંગી વિકાસ માટેના કાર્યક્રમો ઓછા થવાનું મુખ્ય કારણ છે. શાળાઓ અને સંસ્થાઓ માટે પણ સમય અને સંસાધનોની મર્યાદા એક મહત્વનું કારણ બની રહ્યું છે. બીજી તરફ, માતા-પિતાની વ્યસ્ત જીવનશૈલી અને ટ્યુશન સંસ્કૃતિ પણ જવાબદાર છે. જો સમાજ, શાળા અને પરિવાર મળીને સંતુલિત દષ્ટિકોણ અપનાવે, તો બાળકોના સર્વાંગી વિકાસને ફરીથી પ્રાથમિકતા આપી શકાય છે. આજે શાળામાં કાર્યક્રમો યોજવા કચેરીની મંજૂરી પણ લેવી પડતી હોવાથી મોટાભાગે કોઈ યોજતી નથી. જોકે અત્યારે બાળમેળા, જાદુઈ પીટારા અને લાઈફ સ્કીલ મેળા જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જે બાળકોના સર્વાંગી વિકાસ માટે જ રચાયેલા છે. રાજ્યના વિવિધ શહેરોમાં ગ્રામ્ય વિસ્તારોમાં બાળ કાર્યક્રમોની અછત કે લુપ્ત થતા જોવા મળે છે. ''નન્હે મુન્ને બચ્ચે તેરી મુઠ્ઠી મેં ક્યાં હૈ'' બાળકના જીવનમાં પ્રથમ છ વર્ષ તેમને તંદુરસ્ત અને જવાબદાર નાગરિક બનાવવામાં મહત્વનો ફાળો ભજવે છે, તેમના મગજનો ૯૦ ટકા વિકાસ પણ આ સમયગાળા દરમિયાન થાય છે. બાળકોના રસ-રૂચી-વલણોને ધ્યાને લઈ બાળકો માટે સર્વાંગી વિકાસના કાર્યક્રમો થાય તે અતી આવશ્યક છે. આજનો બાળક આવતીકાલનો નાગરિક છે, તેનું શ્રેષ્ઠ ઘડતર એ સૌની જવાબદારી છે. ૪ થી ૧૪ વર્ષની વયે બાળકો જે આવડત, કૌશલ્ય, મૂલ્ય શીખે છે, તેની લાંબે ગાળે અસર થાય છે. આ સમયમાં બાળકોને પ્રોત્સાહિત કરે તેવા અનુભવો-કાર્યક્રમો-ઈન્ડોર-આઉટ ડોર રમતો સ્પર્ધા સાથે તેનો સર્વાંગી વિકાસ થાય તેવા બાળ કાર્યક્રમોની જરૂર છે, પણ કોઈ પણ સેન્ટરમાં એક-બે સંસ્થા સિવાય ક્યાંય ટબુકડા બાલ-દોસ્તો માટે આયોજન નથી થતું. શાળાઓએ પણ તેમનામાં રહેલી વિવિધ છુપી કલાને ઉજાગર કરવાનું કાર્ય કરવું પડશે.

બાળકોના સર્વાંગી વિકાસ માટે વર્ષો પહેલા ઘણી સંસ્થાઓ બાળ કાર્યક્રમો કરતી હતી, પણ કાળક્રમે બધી જ બંધ થઈ ગઈ છે. દેશના ભાવિ નાગરિકો માટે આજે રાજ્યના તમામ શહેરોમાં બાળકો માટે બહુ જૂજ કાર્યક્રમમાં થાય છે, જેથી બાળકોને તેની સુષુપ્ત કલાને પ્રોત્સાહન મળતું નથી. વર્ષો પહેલા શાળાઓમાં બાલસભા યોજવામાં આવતી હતી, જેમાંથી બાળક ઘણું શીખતું હતું. આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજી યુગમાં ઈત્તર પ્રવૃત્તિ સાથે

સહ અભ્યાસિક પ્રવૃત્તિ પ્રોજેક્ટ જોડીને ખૂબ જ સારૂ કાર્ય થઈ શકે એમ છે, છતાં કોઈપણ સંસ્થા કે શાળા આવા કાર્યક્રમમાં યોજતી નથી. વર્ષો પહેલા બાળ ફિલ્મ શેરીમાં કે શાળાઓમાં બતાવવામાં આવતી હતી. જોકે સરકારે હમણાં બેગ લેસ ડે ની શનિવારની ઉજવણી ચાલુ કરી છે, જે એક સારી બાબત છે.

અભ્યાસની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિ કરવી પડશે, કારણ કે બાળકોનાં શારીરીક વિકાસની સાથે સામાજીક માનસિક વિકાસમાં શાળાઓ અને બાલ સંસ્થાનો વિશેષ ફાળો હોય છે રાજકોટમાં એક માત્ર બાલભવન ખાતે વિવિધ બાળ પ્રવૃત્તિઓ ચાલે છે. ગુજરાતમાં જરૂર છે આવા બાળ સેન્ટરોની ૬ થી ૧૪ વર્ષની વયે બાળકો જે આવડત, કૌશલ્ય, મૂલ્યશીખે છે તેની લાંબે ગાળે અસર થાય છે.





આજનાં યુગમાં બાળકોનાં અધિકારો માટે આપણે કે મા-બાપો કેટલા જાગૃત છે, તે પ્રશ્ન પણ ચિંતાજનક છે. રાજકોટની કે અન્ય શહેરોની વિવિધ હજારો સંસ્થામાંથી કેટલા બાળ કાર્યક્રમો યોજે છે ? યુવા-મહિલા, સીનીયર સીટીઝન માટે યોજાતા કાર્યક્રમોની સામે બાળકોનાં કેટલા કાર્યક્રમો થાય છે. નાની-નાની બાળ સ્પર્ધા યોજવાથી કંઈ નહી વળે, શાળા સંચાલકો, શિક્ષકો, વાલીઓ વિગેરે સાથે બધાની જવાબદારી છે કે બાળકોને ખીલવાનું, તેનામા રહેલી વિવિધ કલાને , આવડતને પ્લેટફોર્મ પૂરૂ પાડીને પ્રોત્સાહિત કરે. બાળકનો તબક્કાવાર વિકાસ કરવો એ બધાની જવાબદારી છે.આજના બાળકને દોડવું -કૂદવું-ચઢવું ,રમતો રમવી પુસ્તકો વાંચવા, નવું નવુ કરવું, ચર્ચા કરવી વિગેરે ગમે છે, પણ આજે બાળકોને સાંભળનારૂ કોણ? બાળકોની જીજ્ઞાસાથી ઉદભવતા પ્રશ્નોના સાચા વૈજ્ઞાનિક જવાબો કોણ આપશે, શહેરમાં હોબીસેન્ટર હોવા જોઈએ, જેમાં માટીકામ, ચિત્રકલા, વેસ્ટમાંથી બેસ્ટ જેવી વિવિધ કલા શોખનાં સેન્ટરો હોવા જોઈએ પણ ક્યાં છે? ચિલ્ડ્રન પાર્કમાં પણ હિંચકે મોટા બેસી જાય છે. બાળકો રાહ જોવે છે. રાજકોટમાં કે અન્ય ગામ શહેરોમાં શેરી રમતોનું ચલણ હમણા વધ્યું છે. જેનાથી વર્ષો પહેલાની રમતો બાળકો-મમ્મી-પપ્પા સાથે રમે છે. પહેલાતો બાળનાટકો આવતા તા જે હવે આવતા જ બંધ થઈ ગયા છે.

અગાઉ તો દાદા-દાદી વાર્તા કહીને પણ જીવનમૂલ્યો સાથે વિવિધ સંસ્કાર-ગુણોનું સિંચન કરતા હતા, પણ રાજકોટમાં કે રાજ્યના અન્ય સેન્ટરોમાં તો બાળ સંસ્થાઓની જ ખોટ છે, તો બાળક જાય તો ક્યાં જાય. બાળક એક સુંદર ચિત્ર-સંગીત છે, આપણે ફક્ત જોવાની અને સાંભળવાની જરૂર છે. બાળક ઈશ્વરનું સ્વરૂપ માનવામાં આવે છે.તેની નિર્દોષતા સૌ કોઈના મન હરી લે છે. અગાઉ બાળકો માટે વિવિધ કાર્યક્રમો-પ્રોજેકટ-બાલ મહોત્સવો થતા અત્યારે ૨૧મી સદીમાં બાળક જ મોબાઈલમાં ગુચવાય જવાથી તેને જ રસ નથી. બાળકોમાં આ ટેવ ખુદ મા-બાપે જ પાળી છે. આજે શાળાકીય લેવલે વિવિધ સ્પર્ધા શાળાનો વાર્ષિક ઉત્સવ જેવા કાર્યક્રમો યોજાય છે. તો સરકારી શાળામાં પરિપત્રો વાળા કલા મહોત્સવ, રમોત્સવ, બાળમેળા જેવા કાર્યક્રમો થાય છે. શિક્ષકે બાળકને ભણાવવાનો હોતો જ નથી તેને ભણતો કરવાનો છે. બાલ મનોવિજ્ઞાન બાળકોની વિવિધ સ્પર્ધા નંબર પ્રથાને સ્વીકારતી નથી, તેનાથી નાનકડા બાળ માનસપર ગંભીર અસર પડે છે. પાસ કે ફેઈલની જગ્યાએ ટ્રાય અગેઈન લખવું જરૂરી છે. કુમળા બાળ માનસને કોણ સમજશે? હાલની શિક્ષણ ટેકનીક-પરીક્ષા, હોમવર્ક વિગેરેમાંથી બાળક ઉંચુ જ નથી આવતું ત્યાં ઈત્તર પ્રવૃત્તિ માટે ક્યાંથી સમય કાઢે તે ચિંતાનો વિષય છે.રાજકોટમાં બાલભવન ખાતે નિયમિત બાળ કાર્યક્રમો થાય છે એ એક સારી બાબત છે. બાલ મહોત્સવમાં સંગીત, ચિત્ર, નાટય નૃત્ય જેવી વિવિધ પ્રવૃત્તિની સ્પર્ધા કે વર્કશોપ કરવા જરૂરી છે.

### દરેક શહેરમાં જરૂર છે, આવા બાળ સેન્ટરો અને હોબી સેન્ટરની

બાળકોના સર્વાંગી વિકાસ માટે હવે બધાએ ચિંતા કરવાનો સમય આવી ગયો છે. બાળકો માટે ચિલ્ડ્રન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, ટીચીંગ લર્નીંગ મટીરીયલ (ટીએલએમ) મેકીંગ સેન્ટર, સ્ટોરી ટેલીંગ સેન્ટર, બાળકો માટે વિવિધ જનરલ નોલેજ માટે સેન્ટરો, ચિલ્ડ્રન ઈકો ક્લબ, બર્ડ એન્ડ એનીમલ ઈન્ફરમેશન સેન્ટર, ચિલ્ડ્રન લાયબ્રેરી અને આર્ટ સેન્ટર, માતા-પિતા માટે ચાઈલ્ડ સાયકોલોજી અને કાઉન્સેલિંગ સેન્ટર, ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટર, રોલ-પ્લે એન્ડ ડ્રામા સેન્ટર, મેથેમેટીક ક્લબ, સાયન્સ ક્લબ, ન્યુ ઈનોવેશન સેન્ટર, વેસ્ટ માંથી બેસ્ટ ઝોન અને એજ્યુકેશનલ નિર્માણ અને ઈનોવેશન સેન્ટર જેવી પ્રવૃત્તિઓના આયોજન અને સેન્ટરો ઊભા કરવા જ પડશે.

# એમએસએમઈ સેક્ટર ઔદ્યોગિક ક્ષેત્રના આધારસ્તંભ સમાન: હસુભાઈ દવે

## કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડક્ટીવીટી કાઉન્સીલ ખાતે ઉત્પાદકતા સપ્તાહની ઉજવણી



**અબતક, રાજકોટ**

નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સીલનો સ્થાપના દિવસ છે. તે દિવસને દેશભરમાં ''ઉત્પાદકતા'' દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડક્ટીવીટી કાઉન્સીલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્પાદકતા દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ વર્ષનો વિષય હતો CLUSTERS AS GROWTH ENGINE: MAXIMIZING PRODUCTIVITY IN MSME જેને અનુલક્ષીને તારીખ ૧૨ ફેબ્રુઆરી થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન કાઉન્સીલ દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરેલ હતું. જેમાં કોલેજોના વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ અને અને ઉધ્યોગકારો માટે માર્ગદર્શક વાર્તાલાપ કાર્યક્રમનું આયોજન કરેલ હતું.

કાર્યક્રમના ભાગરૂપે તારીખ ૧૨ ફેબ્રુઆરીના રોજ કાઉન્સિલ ખાતે આત્મીય યુનીવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.રાકેશ કુમાર મુદગલનો થીમ સંદર્ભે વાર્તાલાપનું આયોજન કરેલ હતું. ત્યારબાદ તારીખ ૧૩ ફેબ્રુઆરીના રોજ આત્મીય યુનિવર્સિટી ખાતે કોમર્સ વિભાગના પ્રોફેસર ડો.અમીષા ઘેલાણી અને ડો.પાર્થ દવેનો વાર્તાલાપ કાર્યક્રમ યોજેલ હતો, ત્યારબાદ તારીખ ૧૪ ફેબ્રુઆરીના રોજ વી.વી.પી ઈન્જીનીયરિંગ કોલેજના ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ ઓફિસર ડો.દિવ્યાંગ તિવારી નો વાર્તાલાપ અને તારીખ ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી પોસ્ટર કોમ્પીટીશન, પેપર પ્રેન્ઝટેશન અને ડિબેટ કોમ્પીટીશન રાખેલ હતી.

આ સપ્તાહના અંતમાં તારીખ ૧૮ ફેબ્રુઆરીના રોજ પૂર્ણાહુતિ કાર્યક્રમ અને ઈનામ વિતરણ કાર્યક્રમ રાખેલ હતો જેમાં મુખ્ય મહેમાન સ્થાને નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સીલ, ગાંધીનગરના રિઝયોનલ ડાયરેક્ટર રાહુલ કિરકીરે હાજર રહી માર્ગદર્શન આપેલ હતું. ત્યારબાદ સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અને પ્રમાણપત્ર એનાયત કરેલ હતા.

# હોળાષ્ટકનો પ્રારંભ, શુભ કાર્યો પર બ્રેક

## આજથી ૩ માર્ચ સુધી હોળાષ્ટક: ૨ માર્ચે હોલિકા દહન અને ૩ માર્ચે ધુળેટી

**અબતક, રાજકોટ**

ફાગણ મહિનાની પવિત્ર પરંપરાઓ સાથે સંકળાયેલ હોળાષ્ટકનો પ્રારંભ મંગળવાર, તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ સવારે ૭:૦૩ કલાકે ફાગણ સુદ આઠમથી થશે. આ હોળાષ્ટક ફાગણ સુદ પૂનમ, તા. ૩-૦૩-૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૮ કલાકે પૂર્ણ થશે. જ્યોતિષી રાજદીપ જોશીના જણાવ્યા અનુસાર હોળીના આઠ દિવસ પૂર્વે ભક્ત પ્રહલાદને મારવા માટે હોલિકાએ તૈયારી શરૂ કરી હતી, તેથી આ આઠ દિવસને હોળાષ્ટક તરીકે ઓળખવામાં આવે છે.

હોળાષ્ટક દરમિયાન પરંપરાગત રીતે લગ્ન, ગૃહપ્રવેશ, મુહૂર્ત વગેરે શુભ કાર્યો ટાળવામાં આવે છે. તેમ છતાં, આ દિવસો આધ્યાત્મિક સાધના માટે ઉત્તમ માનવામાં આવે છે. જપ, તપ, સત્યનારાયણ ભગવાનની કથા, ચંડીપાઠ, રુદ્રી અને લઘુરુદ્ર જેવા ધાર્મિક કાર્યો કરી શકાય છે. ખાસ કરીને રાહુ-કેતુ ગ્રહોના જપ અને હવન આ અવધિમાં શુભ ફળદાયક ગણાય છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ હોળાષ્ટક દરમિયાન કરવામાં આવેલી ઉપાસના આત્મશાંતિ અને ગ્રહદોષ નિવારણ માટે લાભકારી સાબિત થાય છે.

ફાગણ સુદ ચૌદસ તા. ૨-૦૩-૨૦૨૬, સોમવારે સાંજે ૫:૫૬ કલાક સુધી રહેશે, ત્યારબાદ પૂનમ તિથિનો પ્રારંભ થશે, જે ૩ માર્ચ મંગળવારના રોજ સાંજે ૫:૦૮ સુધી રહેશે. હોલિકા દહન માટે પૂનમ તિથિનું વિશેષ મહત્વ હોવાથી ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૨ માર્ચ, સોમવારે હોલિકા દહન કરવામાં આવશે.

જ્યોતિષીય ગણતરી મુજબ સોમવારે આવતી ભદ્રા 'કલ્યાણી' ગણાતી હોવાથી હોલિકા દહન માટે અનુકૂળ માનવામાં આવે છે. તેથી ગુજરાતમાં હોલિકા દહન ૨ માર્ચે અને ધુળેટી ૩ માર્ચે ઉજવાશે.

હોલિકા, સાડા ત્રણ પ્રહર પૂનમ હોવાના નિયમને આધારે ભારતના ઘણા રાજ્યોમાં-ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના અમુક ભાગોને છોડીને-હોલિકા દહન ૩ માર્ચે કરવામાં આવશે અને ત્યાં ધુળેટી ૪ માર્ચે મનાવવામાં આવશે. તેથી સરકારી રજા ૪ માર્ચે જાહેર કરવામાં આવી છે. હોળાષ્ટક અને હોલિકા દહનનો પાવન તહેવાર સદાચાર અને ભક્તિના વિજયનું પ્રતિક છે. ભક્ત પ્રહલાદની અડગ ભકિત અને અસત્ય પર સત્યના વિજયની યાદ અપાવતો આ પર્વ સમાજને નૈતિકતા અને ધાર્મિક આસ્થા તરફ પ્રેરિત કરે છે.

હોળીના રંગોત્સવ પૂર્વે હોળાષ્ટક આત્મચિંતન, ઉપાસના અને સકારાત્મક સંકલ્પો માટેનું સોનેરી અવસર છે. જ્યોતિષી રાજદીપ જોશીના જણાવ્યા મુજબ, આ સમયગાળા દરમિયાન કરેલ ધાર્મિક ઉપાસના અને સકારાત્મક સંકલ્પો જીવનમાં સુખ, શાંતિ સમૃદ્ધિ લાવનારી છે

# અમદાવાદ - ગોતામાં સ્થાનકવાસી જૈનસંઘના પજમાં ઉપાશ્રયનું ઉદઘાટન



**અબતક, રાજકોટ**
વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ

- ગોતા, સ્વામી નારાયણ મંદિર પાસે, વંદે માતરમ રોડ ખાતે અમદાવાદમાં સ્થાનકવાસી જૈન સમાજના પજમાં શ્રી રાજેશભાઈ પ્રવિણચંદ્ર શાહ લોખંડવાળા ઉપાશ્રય નું ઉદઘાટન પ્રવીણભાઈ શાહ તથા વિવિધ વિભાગનું ભાવેશભાઈ હકાણી, રાજુભાઈ શાહ, જયેશભાઈ શાહ, અજયભાઈ બરાનીયાવાળા વગેરે તથા ધીરગુરુદેવ અનુગ્રહિત આયંબિલ ભવનનું મેહુલભાઈ ધોળકિયા વગેરેના હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે ગોપાલ ગચ્છ શિરોમણી પૂ. દેવેન્દ્રમુનિ મ. સા. તથા બોટાદ સંપ્રદાયના ઉપાધ્યાય જયેશચંદ્રજી મ.સા. આદિ તથા પ્રવર્તિની સવિતાબાઈ મ. સ., ગીતાકુમારીજી મ. સ., મનોજ્ઞાજી મ. સ. આદિએ આશીર્વચન ફરમાવેલ. સંઘપ્રમુખ નરેન્દ્રભાઈ શાહની નેતૃત્વમાં સંઘ, મહિલા મંડળ વગેરે એ જહેમત ઉઠાવી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૨-૨૦૨૬ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉડન છુ)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૫-૦૨-૨૦૨૬ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૨૫-૨ -૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ નોમ
**નક્ષત્ર** રોહિણી
**યોગ** વિષ્કુંભ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૭.૧૩ **સુર્યાસ્ત:** ૬.૪૮
**ચંદ્ર રાશી** વૃષભ બુધવારે રાત્રે ૧૨.૫૬થી મીથુન
**રાશિ અક્ષર** બ.વ.ઉ/ક.છ.ઘ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | ૫ | ૧ | | ૪ | ૮ |
| ૧ | ૮ | | ૭ | | ૯ | | ૫ | |
| ૫ | ૪ | ૭ | | | | | | |
| | | ૧ | | ૯ | | | | |
| | ૯ | ૮ | | | | | ૬ | |
| ૪ | | | ૬ | ૧ | | ૯ | | |
| ૮ | ૧ | ૬ | ૯ | ૭ | | | | ૫ |
| | | | ૮ | ૨ | | | ૭ | ૬ |
| | ૭ | ૪ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૬ | ૫ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૪ | ૫ | ૩ | ૬ | ૨ | ૯ | ૮ | ૭ |
| ૭ | ૨ | ૩ | ૯ | ૧ | ૮ | ૫ | ૪ | ૬ |
| ૮ | ૯ | ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ |
| ૫ | ૩ | ૪ | ૮ | ૯ | ૬ | ૭ | ૧ | ૨ |
| ૨ | ૬ | ૧ | ૭ | ૩ | ૪ | ૮ | ૯ | ૫ |
| ૩ | ૭ | ૯ | ૨ | ૫ | ૧ | ૪ | ૬ | ૮ |
| ૪ | ૫ | ૨ | ૬ | ૮ | ૩ | ૧ | ૭ | ૯ |
| ૬ | ૧ | ૮ | ૪ | ૭ | ૯ | ૨ | ૫ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૫.૨.૨૦૨૬, બુધવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ નોમ, રોહિણી નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, બાલવ કરણ આજ જન્મેલાંની ચંદ્ર રાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ (બ,વ,ઉ) :** સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવક નો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક (ડ,હ) :** થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ (મ,ટ) :** જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે,આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,દિવસ ખુશનુમા વીતે.

**વૃશ્ચિક (ન,ય) :** નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે,પ્રગતિ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર (ખ,જ) :** વિદ્યાર્થીવર્ગને ઉચ્ચ અભ્યાસમાં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

**કુંભ (ગ,સ,શ) :** આજના દિવસે તમારા રસના વિષયોમાં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ માં પસાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

# જંગલ 'રાજ' પર વિકાસનું 'બુલડોઝર'

## તંત્રની નિભંરતા અને નેતાઓની ઉદાસીનતાના પાપે પાંચ દાયકાથી વિકાસથી વંચીત રહેલા જંગલેશ્વર વિસ્તારમાં હવે વિકાસના દ્વાર ખુલશે

**અબતક, રાજકોટ**

રાજકોટના ઈતિહાસમાં જંગલેશ્વર વિસ્તારમાં ગઈકાલથી નિંભર તંત્રના આંખ આડા કાન અને નેતાઓની ત્રાસ હતો કે દાયકા પહેલા અહી પીજીવીસીએલની ટીમ લાઈટ બીલ આપવા જતા પણ ફફડતી હતી. પોલીસ પણ અહીં જતા રિતસર ડરતી વિભાગ અને રાજકીય પક્ષોના. શહેરનો ચોતરફ સર્વાંગી વિકાસ થાય તે આ સમગ્ર ઘટના ક્રમથી કોર્પોરેશન, પોલીસ વિસ્તાર જંગલેશ્વર ન બને રાજનેતાઓએ પણ પોતાની જવાબદારી પ્રત્યે થોડુ સભાન



તસવીરઃ શૈલેષ વાડોલિયા

## આજે સાંજ સુધીમાં ડિમોલીશન પૂર્ણ થયા બાદ કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરાશેઃ ગુરૂવારથી ટીપી રોડને ટનાટન કરવાનું કામ હાથ પર લેવાશે

સૌથી મોટુ ઓપરેશન ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે. ૧૪૮૯ પૈકી ૧૧૩૪ ઉદાસીનતાના કારણે જંગલેશ્વર વિસ્તાર અસામાજીક પ્રવૃત્તિઓનો અડ્ડો બની ગયું હતુ. આ વિસ્તારમાં હતી. તમામ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આ વિસ્તારમાં ધમધમતી હતી. આ વાતથી એક એક સરકારી સામાન્ય કાર્યકરથી માંડી મંત્રી પદ ધરાવતા નેતાઓ વાકેફ હતા પણ બધાને પોતાનો સ્વાર્થ જ જ મહત્વનું છે. ટીપીના રોડ અને આજી નદીના પટમાં દોઢ હજાર બાંધકામો ગેરકાયદે ખડકાય ગયા અને પીજીવીસીએલના તંત્રએ એક વાતની પ્રેરણા લેવી જોઈએ કે ભવિષ્યમાં શહેરનો એક પણ થવું પડશે. આખો વિસ્તાર ગેરકાયદે હોવા છતા અહી રોડ, રસ્તા, લાઈટ, પાણી સહિતની સુવિધાઓ હતી આવશ્યકતા છે. ટીપીના રોડ કે અનામત પ્લોટ પર દબાણ ખડકાય કે તરત આકરી





### જંગલેશ્વર ગુનેગારોનો 'અડ્ડો' હતોઃ હર્ષ સંઘવી

**રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતુ કે, રાજકોટનો જંગલેશ્વર વિસ્તાર ગુનેગારોનો અડ્ડો બની ગયો હતો. મોટાભાગના લોકો અહી ભાડે રહેતા હતા. અસામાજીક તત્વોએ સરકારી જમીન પર કબ્જો કરી લઈ પ્લોટ ભાડે આપી દીધા હતા. આ વિસ્તારમાં ખૂબજ ટુંકાગાળામાં ૧૯ આરોપીઓ ઝડપાયા હતા. ખુનકેસના ૮ આરોપી, મારામારી કેસના ૬૮ આરોપીઓ, ગેરકાયદે મંડળી રચવાના ૮૦થી વધુ આરોપી અહીથી પકડાયા છે.**

**૪૭૨ કિલો ગાંજો પણ પકડી લેવાયો છે. ડ્રગ્સના ૮ આરોપી આ વિસ્તારમાંથી પકડાયા છે. ટુંકમાં આ વિસ્તાર ગુનાખોરીનું એપી સેન્ટર હતુ.**

દબાણો પર આજે સવાર સુધીમાં બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આજ સાંજ સુધીમાં ઓપરેશન જંગલેશ્વર પૂર્ણ થઈ જશે. જંગલ 'રાજ' પર વિકાસનં બુલડોઝર ફરી વળ્યુ છે. હવે છેલ્લા પાંચ વર્ષથી વિકાસથી વંચિત વિસ્તારામં વિકાસના દ્વાર ખૂલશે.

ખરેખર જંગલરાજ જ હતુ જેના કારણે આખા વિસ્તારનું નામ જ જંગલેશ્વર પડી ગયું હતુ. અહી અસામાજીક તત્વોનો એટલો



સામાન્ય વ્યકિતનું બાંધકામ નિયમ મુજબ હોય તો પણ તેને લાઈટ, નળ જોડાણ મળતા નથી.

શહેરના અનેક વિસ્તારોમાં હજી ગેરકાયદે દબાણના ખડકલો છે.જ્યાં સામાજિક પ્રવૃત્તિઓ પણ ધમધમી રહી છે. હવે કોર્પોરેશન સહિતના તંત્રએ જંગલેશ્વરની ઘટના માટે બોધ પાઠ લઈ આવી તમામ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ અટકે તે માટે દબાણકર્તાઓ સામે ગંભીરતાપૂર્વક કરવાની કાર્યવાહી કરવામાં આવે તો કોઈ મોટો વિસ્તાર દબાણગ્રસ્ત બનતા અટકી શકે છે. પરંતુ અફસોસ તંત્ર હંમેશા ઘટના બની ગયા પછી જ જાગે છે.

કોઈપણ શહેરનો એક વિસ્તાર અસામાજિક પ્રવૃત્તિનો અડ્ડો બની ન જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી ઓપરેશન ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. દ્વારકા અને અમદાવાદ સહિતના અને શહેરોમાં આ પ્રકારે અમુક ચોક્કસ વિસ્તારમાં ગેરકાયદે દબાણ પર બુલડઝર ફેરવી દેવામાં આવી રહ્યા છે રાજકોટનો જંગલેશ્વર વિસ્તાર પણ કુખ્યાત પ્રવૃત્તિઓ માટે રાજ્યભરમાં ખૂબ જ જાણીતો હતો.

આ વિસ્તાર એક રીતે અસામાજિક પ્રવૃત્તિઓનો એપી સેન્ટર હતું તંત્રની નિંભરતાના કારણે અહીં અસામાજિક પ્રવૃત્તિ વધી રહી હતી હવે જ્યારે જંગલ રાજ પર બુલડોઝર ફરી વળ્યું છે ત્યારે વિકાસને વેગ આપવા માટે તંત્રએ ગંભીરતા દાખવી પડશે.



દેખાતોહતો. જેના પાપે વિકાસ અહી બાળ મરણ પામ્યો હતો. જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટમા અને ટીપી ના રોડ પર ખડકાયેલા ૧૪૮૯ દબાણો હટાવવા માટે રાજકોટના ઈતિહાસનું સૌથી મોટું ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે. આજે સવારે ૯ વાગ્યા સુધીમાં ૧૧૩૪ દબાણો દૂર કરી દેવામાં આવ્યું છે. જંગલેશ્વર વિસ્તાર હવે મેદાનમાં ફેરવાય ગયો છે. ઠેર ઠેર કાટમાળનાં ગંજ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. આજે સાંજ સુધીમાં તમામ ૧૪૮૯ બાંધકામો જમીન દોસ્ત કરી દેવામાં આવશે ત્યારબાદ યુધ્ધના ધોરણે કાટમાળ હટાવવા સહિતની કામગીરી હાથ પર લેવામાં આવશે. આગામી ગુરૂવારથી જંગલેશ્વરમાં ટીપીના રોડને ડામરને મઢવાની કામગીરી પણ શરૂ કરી દેવાની કોર્પોરેશનની ગણતરી છે.

ત્યાં સુધી કોર્પોરેશનનું તંત્ર બિન્દાસ રહ્યું હતુ. આ વિસ્તારના લોકો રાજકોટના વિકાસથી તદન વંચિત હોવાનો અહેસાસ કરી રહ્યા હતા. એકાએક તંત્રને સુરાતન ચડયું અને માત્ર બે દિવસમાં ૧૪૮૯ બાંધકામો તોડી પાડવામાં આવ્યા વિકાસ માટે ગેરકાયદે બાંધકામો તોડવા પણ જરૂરી હતા





# જંગલ 'રાજ'નો સૂર્યાસ્તઃ 'વિકાસ' આગળ વધવા તલપાપડ

વિકાસ અને દબાણ આ બન્ને શબ્દો ભલે ત્રણ અક્ષરના રહ્યા પણ બન્ને વચ્ચે જમીન આકાશનો ફેર છે. દબાણથી વિકાસનું ગળુ ટૂંપાઈ જાય છે. જ્યારે દબાણ મૂકતથી વિકાસને વેગ મળે છે. દબાણ અનેક અસામાજીક પ્રવૃતિનું જ જન્મદાતા બને છે. શહેરના જંગલેશ્વર વિસ્તારમાં દબાણોના કારણે જંગલ 'રાજ'નું સામ્રાજ્ય સ્થપાયું હતું. જે દિન-પ્રતિદિન સતત મજબૂત બની શાંતિપ્રિય રાજકોટ શહેરની શાંતિનું બિન્દાસ વસ્ત્રાહરણ કરી રહ્યું હતું. અંતે તંત્રની આંખ ઉઘડી છે. અસામાજીક પ્રવૃતિઓથી ક્યારેય વિકાસનો સુર્યોદય થતો નથી તે નરી વાસ્તવિકતા છે. હવે જંગલ રાજનો સુર્યાસ્ત થઈ ગયો છે. આ તરફ અનેક રીતે વિકાસનો મર્મ સમજાવી રહી છે. હવે જ્યારે જંગલ રાજનો સંપૂર્ણ સફાયો થઈ ગયો છે ત્યારે પાછળ ઉભેલી ઉંચી દિવાલો જાણે એવું કહી રહી છે કે વિકાસનો દ્વાર ખુલ્લી ગયો છે. હવે વિકાસ આગળ વધશે જે રીતે વંચિતોને સમાજના પ્રવાહમાં સામેલ કરવા માટે કોઈને કોઈ આગળ આવતું હોય છે. તે રિતે વિકાસને આગળ વધારવા જાણે બુલડોઝરોએ નેતૃત્વ લીધું હોય તેવું લાગી રહ્યું છે. જંગલ રાજના પાપે એક સમયે જે વિસ્તારમાં જતા શહેરીજનો અચકાતા કે ડરતા હતા તે વિસ્તારમાં હવે વિકાસનો સુર્યાદય થશે. 'જંગલ રાજ'ના સફાયા બાદ હવે વિકાસ આગળ વધવા તલપાપડ થઈ રહ્યો છે. હવે જોવાનું એ રહે છે કે વિકાસને વેગ આપવા માટે તંત્રમાં કેટલી ઈચ્છા શકિત છે. **તસવીરઃ શૈલેષ વાડોલિયા**

## દિગંબર જૈન સમાજ દ્વારા અષ્ટાનિકા મહાપર્વની ભવ્ય ઉજવણીઃ આચાર્યના સાનિધ્યમાં ભકિતરસની હેલી

### ૧૦૫ કિમીનો વિહાર કરી પધારેલા ગુરુદેવના વધામણાંઃ રાજકોટમાં આજથી સિદ્ધચક્ર મહામંડળ વિધાનનો મંગલ પ્રારંભ

**અબતક, રાજકોટ**

જૈન શાસનના પ્રભાવક આચાર્ય ભગવંતના સાનિધ્યમાં રાજકોટ શહેરના આંગણે ભકિત અને સાધનાના મહાપર્વ 'અષ્ટાનિકા'નો મંગલ પ્રારંભ થયો છે. અમદાવાદના વર્ષ ૨૦૨૪ના ચતુર્માસ અને ત્યારબાદ ધોધામાં પંચ





તસવીરઃઅભિષેક આસીયાણી

કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કરી, આચાર્યશ્રી પાલીતાણા અને સિદ્ધક્ષેત્ર ગિરનારની પવિત્ર યાત્રા પૂર્ણ કરી રાજકોટ પધાર્યા છે. ખાસ વાત એ છે કે, ગુરુજીએ માત્ર ચાર દિવસના ટૂંકા ગાળામાં ૧૦૫ કિલોમીટરનો કપરો પદવિહાર પૂર્ણ કરી રાજકોટની ધરા પર પગલાં પાડ્યા છે, જેનાથી શ્રદ્ધાળુઓમાં ભારે હર્ષની લાગણી જોવા મળી રહી છે.

આ આઠ દિવસીય ઉત્સવમાં દરરોજ સવારે ૭:૩૦ કલાકે શ્રીજીનો ભવ્ય અભિષેક અને વિશ્વ શાંતિ માટે શાંતિધારા કરવામાં આવશે. ત્યારબાદ દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા અર્ચના થશે અને આચાર્ય દ્વારા જ્ઞાનવર્ધક પ્રવચન આપવામાં આવશે. બપોરે ૧:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી સિદ્ધચક્ર મહામંડળ વિધાનની વિશેષ પૂજા અને મંડળ આરાધના થશે. દિવસના અંતે સાંજે ૭:૦૦ કલાકે શ્રીજી અને આચાર્યશ્રીની મંગલમય આરતી યોજાશે. રાજકોટમાં આ ધાર્મિક આયોજનને પગલે જૈન સમાજમાં ઉત્સાહ અને આધ્યાત્મિકતાનો માહોલ છવાયો છે.

### આઠ દિવસ દરમિયાન મુનિરાજ વિહાર કરવાને બદલે એક જ સ્થાને આરાધના કરે છેઃ પ્રિયેશ જૈન



પ્રિયેશભાઈ જૈને 'અબ તક' સાથેની વિશેષ વાતચીતમાં વિગતો આપતા જણાવ્યું હતું કે, દિગંબર જૈન ધર્મમાં અષ્ટાનિકા પર્વનું વિશેષ મહત્વ છે. આ આઠ દિવસ દરમિયાન મુનિરાજ વિહાર કરવાને બદલે એક જ સ્થાને સ્થિર રહીને આરાધના કરે છે, જે શ્રાવકો માટે તપ અને ભકિતનો અમૂલ્ય અવસર બની રહે છે. આ પર્વના ઉપલક્ષમાં રાજકોટમાં તારીખ ૨૪-૦૨-૨૦૨૬ થી ૦૩-૦૩-૨૦૨૬ સુધી ભવ્ય 'સિદ્ધચક્ર મહામંડળ વિધાન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં શહેરના અંદાજે ૩૦૦ થી ૪૦૦ જેટલા ભાવિકો જોડાઈને ભકિતનો લ્હાવો લેશે.

## હાઈચેઝર ગેસ ઈક્વિપમેન્ટ્સના ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટનું રાજયમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ઉદ્ઘાટન

### આધુનિક પ્લાન્ટ્સ મેક ઈન ઈન્ડિયા અભિયાનને ગતિ મળશેઃ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા




**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના હડમતાળા ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત હાઈચેઝર ગેસ ઈક્વિપમેન્ટ્સ પ્રા. લિ. દ્વારા આજે ગ્રીન હાઈડ્રોજન જનરેટર પ્લાન્ટનું ભવ્ય ઉદઘાટન સમારોહ યોજાયો હતો. પર્યાવરણમિત્ર ઊર્જા ક્ષેત્રે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવતો આ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં નવી દિશા આપશે.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે ગ્રીન હાઈડ્રોજન જનરેટર પ્લાન્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા ઉપસ્થિત રહી સંસ્થાને શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમનું આયોજન કંપનીના ચેરમેન ગોકુલદાસ ગોંડલિયા, ડાયરેક્ટર ચિંતન ગોંડલિયા, ડાયરેક્ટર મંજુલા દેવી ગોંડલિયા, સીઈઓ દીપક ઉંધાડ તથા સીઓઓ વિશાલ શિંગાળા દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે સંબોધન કરતાં મુખ્ય અતિથિએ જણાવ્યું હતું કે ગ્રીન હાઈડ્રોજન ઊર્જાનું ભવિષ્ય છે અને આવા આધુનિક પ્લાન્ટ્સ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને નવી ગતિ આપશે. તેમણે જણાવ્યું કે ગુજરાત ઊર્જા અને ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર રાજ્ય તરીકે આગળ વધી રહ્યું છે. કંપની તરફથી જણાવાયું હતું કે ગ્રીન હાઈડ્રોજન જનરેટર પ્લાન્ટ પર્યાવરણને અનુકૂળ ટેક્નોલોજી પર આધારિત છે અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઉભી કરશે. આ કાર્યક્રમમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ, આમંત્રિત મહાનુભાવો અને કંપનીના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### કોડ ભરેલી કન્યાના શાહી લગ્નના ઓરતા પૂરા થશે

## સર્વમંગલ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૫૧ દીકરીઓને પ્રેમનું પાનેતર પહેરાવી સાસરે વળાવશે

### દાતાઓના સન્માન સમારંભઃ દીકરીના મંડપમાં તેજસ શિશાગીયા, રમેશભાઈ હિરપરા અને સરસ્વતીબેન હિરપરાના મધુર સુર રેલાશે

### સમૂહ લગ્ન ઉત્સવમાં માવતરની હૂંફ પૂરી પાડનાર દાતાઓ

સર્વ મંગલ સેવા છે ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૫૧ દીકરીઓના શાહી લગ્ન ઉત્સવમાં દાતા નેમેશભાઈ મહેતા, લલિતભાઈ રંગાણી ગોવિંદભાઈ સોલંકી, કૃષ્ણરાજસિંહ જાડેજા ,ચુગ સુનિલભાઈ કલોલા, મુકેશભાઈ વાઘેલા, હાર્દિકભાઈ વ્યાસ, પૃથ્વીસિંહ વાઘેલા, કિશોર સખીયા, સહિતના અનેક દાતાઓએ સમુહ લગ્ન માટે દાનની સરવાણી કરી અને જોળી ભરી દીધી છે.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં સામાજિક સેવાના ઉત્તમ ઉદાહરણરૂપ કાર્યક્રમ તરીકે સર્વમંગલ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માતા-પિતા વિહોણી સર્વજ્ઞાતિની ૫૧ દિકરીઓ માટે ૧૩મો શાહી સમૂહલગ્ન યોજાઈ રહ્યો છે. આ પવિત્ર પ્રસંગ ૨૮ ફેબ્રુઆરી, શનિવારે કણકોટ રોડ સ્થિત ડ્રીમલેન્ડ પાર્ટીપ્લોટ ખાતે સપ્તપદીના સથવારે ઉજવાશે.

અબ તકની શુભેચ્છા મુલાકાતમાં પ્રવીણભાઈ સખીયા જણાવ્યું હતું કે

સમૂહલગ્ન સમારંભમાં સંતો-મહંતો તથા સમાજના આગેવાનો ઉપસ્થિત રહી દિકરીઓને આશીર્વાદ આપશે અને તેમના નવા જીવનપ્રવાસ માટે શુભકામનાઓ પાઠવશે. આ કાર્યક્રમ માત્ર લગ્નવિધિ પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમાજમાં સહકાર, સહાનુભૂતિ અને સેવા ભાવનાનો પ્રેરક સંદેશ પણ આપશે.

કાર્યક્રમ અંતર્ગત સાંજે ૫ વાગ્યે તમામ દાતાઓનો સત્કાર સમારંભ યોજાશે, જેમાં ટ્રસ્ટ દ્વારા સહયોગ આપનાર મહાનુભાવોનો આભાર વ્યક્ત કરવામાં આવશે. કાર્યક્રમને સાંસ્કૃતિક રંગ આપવા માટે તેજશભાઈ શીશંગીયા, રમેશભાઈ હિરપરા અને સરસ્વતીબેન હિરપરા દ્વારા ગીત-સંગીત સેવા આપવામાં આવશે, જ્યારે એન્કર તરીકે હાર્દિકભાઈ સોરઠિયા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરશે.

તકનીકી અને આયોજન બાબતે રામદૂત સાઉન્ડવાળા વિપુલભાઈ વિરમગામા દ્વારા સાઉન્ડ વ્યવસ્થા, રોશનભાઈ સાકરીયા દ્વારા એલઈડી સ્ક્રીન તથા આકાશ ઈવેન્ટ્સ ઓર્ગેનાઈજરના સંજયભાઈ ભૂવા અને તેમની ટીમ દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવી છે.

સામાજિક એકતા અને સેવા ભાવનાને મજબૂત બનાવતો આ સમૂહલગ્ન કાર્યક્રમ શહેર માટે ગૌરવરૂપ બની રહ્યો છે.

આ સમૂહલગ્નને સફળ

(અનુ. આઠમા પાને)

### દીકરીઓને લાખેણા કરિયાવર ભેટ આપશે

સમૂહલગ્નમાં દિકરીઓને કરિયાવર રૂપે વિવિધ ઉપયોગી અને આવશ્યક સામાન આપવામાં આવશે. જેમાં સોનાનાં દાણા, ચાંદીના સાંકળા, ચાંદીની ગાય, પિતળની લોટી, કંકાવટી અને દિવો, ઈમિટેશન મંગળસૂત્ર અને સેટ ઉપરાંત મીક્ચર, સેન્ડવીચ ટોસ્ટર, બ્લેન્ડર, મોટા બાજોટ, ઈસ્ત્રી, બ્લેન્કેટ, બેડશીટ, ડ્રેસ, સાડી, ખુરશી, અનાજની કોઠી, મામટ, પ્લાસ્ટીક બાથરૂમ સેટ, ટેબલ, કન્ટેનર સેટ, દિવાલ ઘડીયાળ, ગેસચુલો, પંખો, ટ્રોલી બેગ, કેશ રોલ, ફ્રીઝ, ટીવી, લાકડાના કબાટ અને બોક્સ પલંગ જેવી ઘરગથ્થુ અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો સમાવેશ થાય છે. તે ઉપરાંત યુ એન્ડ આઈ મોબાઈલ એસેસરિઝ દ્વારા ફ્રૂટ જ્યુસર, સ્ટીલ મોપ, મુખવાસ ટ્રે, જ્યુશ જગ અને વોટર જગ જેવી વસ્તૂઓ પણ ભેટ આપવામાં આવશે.

**પ્રેમનું પાનેતર લગ્નોત્સવ અબતક પર લાઈવ નિહાળો**

| ઈન કેબલ | ડેન નેટવર્ક | રિયલ જીટીપીએલ-સુરત | સહયોગ નેટવર્ક |
|---|---|---|---|
| ૫૬૧ | ૫૭૩ | ૩૫૦ | ૧૦૫ |

અબ તક CHANNEL
YouTube Live
f LIVE
@abtakmedia

સર્વમંગલ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત પ્રેમનું પાનેતર લગ્નોત્સવ ૨૮ ફેબ્રુઆરીએ અબતક પર લાઈવ નિહાળી શકાશે

# બસપોર્ટના બે ચોકીદાર ચોર નિકળ્યા: મુસાફરોના ખિસ્સા હળવા કરતી ગેંગ ઝબ્બે

## એસટી બસપોર્ટ અને માધાપર ચોકડી પરથી બસમાં ચડતા લોકોના ખિસ્સા કાપી ગેંગે રૂ.૧.૧૦ લાખની રોકડ સેરવી લીધી'તી

### બસપોર્ટના ચોકીદારો સહિત રાજકોટ, જામનગરના છ શખ્સોની ધરપકડ રૂ.૧.૧૬ લાખની રોકડ કબ્જે

### એ ડિવિઝન પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણા ટીમની કામગીરી ત્રણ ગુનાનો ભેદ ઉકેલાયો

**અબતક, રાજકોટ**

એસટી બસમાં મુસાફરી કરતાં મુસાફરોના ખિસ્સા હળવા કરતી ગેંગના છ શખ્સોને એ.ડિવિઝન પોલીસે પકડી પાડ્યા હતા. એસટી બસપોર્ટ અને માધાપર ચોકડી પરથી ચડેલ લોકોના ખિસ્સા હળવા કરી રૂ.૧.૧૦ લાખની રોકડ સેરવી લીધાં હતાં. રાજકોટ અને જામનગર અને નાગપુરના શખ્સોની ટોળકીને પકડી રૂ.૧.૧૬ લાખની રોકડ કબ્જે કરી હતી. સમગ્ર ગુનામાં બસપોર્ટના બે ચોકીદારોની પણ સંડોવણી ખુલતા તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી.

### કોની શું ભુમિકા?

મુસાફરોના ખિસ્સા હળવા કરતી ગેંગના મુખ્ય સૂત્રધાર અમીન નાગરીયા અને સંજય દેત્રોજા હોવાનું પોલિસ વર્તુળોમાંથી જાણવા મળ્યું છે. તેઓ તફડંચીને અંજામ આપવા જામનગર ખાતેથી અમીન તરૈયા અને મુકેશ વાળાને બોલાવતા હતા અને તેઓ બંને તફડંચીને અંજામ આપતાં હતા. મુસાફરોને શિકાર બનાવતી વેળાએ અમીન નાગરીયા અને સંજય દેત્રોજા ભીડભાડ કરતા હતા અને ધક્કામુકકી કરતા હતા જેથી મુસાફરોને ખિસ્સું કપાયાનો અંદાજ ન આવે. અમીન તરૈયા ખિસ્સું કાપતો જયારે મુકેશ બસના દરવાજે ધ્યાન રાખતો હતો. તફડંચીને અંજામ આપી પોતાનું મોઢું બંધ રાખવા ચારેય શખ્સો સિક્યુરિટી ગાર્ડ સ્વસ્તિક ઉપાધ્યાય અને કિશન ગઢવીને કમિશન પેટે રૂ. ૧૫૦૦ આપતાં હતા.



સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો વાણીયાવાડી ૩/૬ ના ખુણે રહેતાં મનોજભાઈ તુલસીદાસ જાદવ (ઉ.વ.૫૭) ગત તા.૧૮ ના રોજ માઠા પ્રસંગે મોરબી જવા બા સ્ટેન્ડ ખાતે પહોંચ્યા હતા. જ્યા પ્લેટ ફોર્મ નં.૦૬ અને ૦૭ ની વચ્ચે મોરબી-રાજકોટ ઈન્ટરસીટી બસ આવતા તે બસમા ચડી ગયેલ અને સીટમા બેસવા જતા પેન્ટના પાછળના ખીસ્સામાં હાથ નાખીને પર્સ ચેક કરતા પર્સ જેમા રૂ. ૧૧ હજાર રોકડા, પાનકાર્ડ, આધારકાર્ડ રાખેલ હતા, તે મળી ના આવતા પર્સ ચોરાયાની શંકા જતા તુરંતજ બસમાંથી નીચે ઉતરી પ્લેટફોર્મ પર તપાસ કરતા પર્સ મળી આવેલ નહી.

જયારે બીજા બનાવમાં રૈયા ધારમાં સ્લમ કવાર્ટરમાં રહેતા જેન્તીભાઈ લાખાભાઈ મુછડીયા (ઉવ.૫૩) ભરણ પોષણના કેસમાં જેલ હવાલે થયેલા પુત્રને છોડાવવા અને ખાધા ખોરાકીના પૈસા ભરવા એક લાખની લોન મેળવી મોરબી કોર્ટ ખાતે જવા નીકળ્યા હતા. જેમા તેઓ પાસે રોકડા રૂ.૬૦ હજાર, ભાભી હંસાબેન જાદવ પાસે ૫૦ હજાર રોકડા એમ બંન્ને અલગ -- અલગ રકમ લઈને નિકળેલા હતાં. માધાપર ચોકડી ખાતે રાજકોટથી હળવદ જતી બસ આવેલ અને તેઓ બંન્ને આ બસમા ચડેલા આ દરમ્યાન ખિસ્સામાં રૂ.૬૦ હજાર હતા, બાદ ટિકિટ લેવા માટે રુપિયા ચેક કરતા ખિસ્સામાં રાખેલ રુપિયા જોવા મળેલ નહીં, જેથી તરત કંડકટરને જાણ કરી તેઓ અને ભાભી બંન્ને બેડી ચોકડી બસમાથી નીચે ઉતરેલ હતાં. બાદમાં તરત માધાપર ચોકડી આવેલ અને બસમા ચઢતી વખતે તેમના ખિસ્સામાં રાખેલા ૬૦ હજાર રોકડા કોઈ અજાણ્યો શખ્સ ભીડનો લાભ લઈ ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

બંને ગુના ડિટેક્ટ કરવાની ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાથી એ ડિવિઝન પોલીસની ટીમે તપાસ ધમધમાટ આદર્યો હતો. ત્યારે પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ.એમ .રાણા ટીમના હેડ કોન્સ્ટેબલ કનુભાઈ બસિયા, સાગરભાઈ માવદિયા અને કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખાને મળેલી બાતમીના આધારે બસ સ્ટેન્ડ નજીકથી અમીન અબ્દુલ તરૈયા(રહે. શરૂ સેકસા રોડ, શ્રદ્ધા એપાર્ટમેન્ટ, જામનગર)ને દબોચી યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા તેણે વટાણા વેર્યા હતા. જે બાદ મુકેશ જસુભાઈ વાળા (રહેમ ગાંધીનગર રેલવે સ્ટેશન પાછળ, જામનગર) ની ધરપકડ કરવામાં આવી હતી. બંને આરોપીઓએ કબૂલાત આપી હતી કે, તફડંચીમાં અમીન અજીતભાઈ નાગરીયા(રહે. અક્ષરનગર મેઈન રોડ, ગાંધીગ્રામ, રાજકોટ) અને સંજય બટુકભાઈ દેત્રોજા (રહે. મોરબી રોડ, સીતારામ સોસાયટી શેરી નં.-૭, રાજકોટ) ની સંડોવણી હોય તેમજ ચોરીને અંજામ આપી તેઓ બસ સ્ટેન્ડ ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા સ્વસ્તિક સૂર્યવલીભાઈ ઉપાધ્યાય (હાલ રહે. એસટી બસ સ્ટેન્ડ મૂળ રહે. નાગપુર, મહારાષ્ટ્ર) ને પણ કમિશન આપતાં હોવાની કબૂલાત આપતાં જ એ ડિવિઝન પોલિસે ત્રણેય શખ્સોની પણ ધરપકડ કરી હતી.

એ ડિવિઝન પોલિસે રાજકોટ, જામનગર અને નાગપુરના શખ્સોની ધરપકડ કરી રૂ. ૧.૧૬ લાખની રોકડ કબ્જે કરી ત્રણ ગુનાના ભેદ ઉકેલ્યા હતા. બાદમાં પાંચેય શખ્સોની પૂછપરછમાં બસ સ્ટેન્ડ ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા કિશન ગઢવીની પણ ભુમિકા નીકળતા પોલીસે તેની પણ ધરપકડ કરવામાં આવી હતી.

# રાજકોટ, મોરબી, અમદાવાદ, પાવાગઢમાં મુસાફરોને લૂંટી લેતી રીક્ષાગેંગ ઝડપાઈ

## ટ્રેક્ટરના કામ અર્થે રાજકોટ આવેલા અમદાવાદના યુવાનનું રૂ. ૩૫ હજાર ભરેલું પાકીટ સેરવી લીધું'તું થોરાળા પોલિસ મથકમાં ગુનો નોંધાયો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર, ગ્રામ્ય, મોરબી, અમદાવાદ, પાવાગઢમાં મુસાફરોને રીક્ષામાં બેસાડી ઉલટી ઉબકાનું નાટક કરી નાણાં સહીતની મતા સેરવી જતી રીક્ષા ગેંગની ત્રિપુટીને ક્રાઈમ બ્રાન્ચે દબોચી રીક્ષા સહીતની મત્તા કબ્જે કરી હતી. મહિલા સહીતની ત્રિપુટીએ ૧૫ મુસાફરોને લૂંટી લીધાની કબૂલાત આપતા પોલિસે કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

શહેરમાં રીક્ષા ગેંગ રીતસર તરખાટ મચાવી રહી છે. એક ગેંગને પોલીસ પકડે ત્યાં બીજી ગેંગ સક્રિય થઈ જાય છે. ત્યારે રીક્ષા ગેંગે વધુ એક મુસાફરને શિકાર બનાવ્યા છે. અમદાવાદમાં રહેતો યુવાન તેના ભાઈ સાથે રાજકોટ ટ્રેક્ટરના કામ સબબ આવ્યા હતાં. બાદમાં દ્વારકા જવા માટે રીક્ષામાં બેસતા રીક્ષા ગેંગે યુવાનના ખંભા પર રહેલા થેલામાંથી રૂ.૩૫ હજાર રોકડ સાથેનુ પાકિટ સેરવી લીધું હતું.

અમદાવાદમાં ચાંદલોડિયા વિસ્તારમાં ચિત્રકૂટ રોહાઉસ પાસે રહેતા જીતેન્દ્રભાઈ પરમાભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૧) દ્વારા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૭/૨/૨૦૨૬ ના બપોરના ચારેક વાગ્યે આસપાસ જીતેન્દ્રભાઈ તથા તેમના ભાઈ હર્ષદસિંહ તેમના ગામ કોચાડાથી મીની ટ્રેકટરમાં લોડર બનાવવાનું હોય જેથી ગામ કોચાડાથી મીની ટ્રેકટર છોટા હાથીમાં લઈ રાજકોટ ૮૦ ફૂટ રોડ પર રાજ ટ્રેક્ટરમાં છોટાહાથી મૂકીને ફરિયાદી તથા તેમના ભાઈ ચાલીને ગંજીવાડા ચોકડી પાસે આવ્યા હતા અને ત્યાંથી બંને ભાઈને દ્વારકા જવાનું હોય જેથી બસ સ્ટેન્ડ જવા માટે એક રીક્ષા ઉભી રખાવી હોય જે રિક્ષામાં પાછળના ભાગે એક સ્ત્રી અને એક બાળક અને એક પુરુષ અગાઉથી મુસાફર તરીકે બેઠા હોય જેથી આ રિક્ષાચાલકે ફરિયાદીને આગળ ડ્રાઈવરની બાજુમાં બેસાડયા હતાં.

બાદમાં ૮૦ ફૂટ ચોકડી આગળ મોહનભાઈ સરવૈયા હોલ પાછળ ભાવનગર રોડ પર રીક્ષા ઉભી રાખે અને રીક્ષા ડ્રાઈવરે કહ્યું હતું કે, તમે અહીંયા ઊભા રહો હું અહીંયા નજીકમાં આવી સોસાયટીમાં બીજા પાછળના પેસેન્જરને ઉતારીને આવું છું તેમ કહીને ફરિયાદીને ત્યાં મોહનભાઈ સરવૈયા હોલ પાછળ ઉતારીને રીક્ષા લઈને ચાલ્યો ગયો હતો. દરમિયાન ફરિયાદીના ભાઈની નજર ફરિયાદીના ખંભા પર રહેલ થલાની ચેન પર પડતા કહ્યું હતું કે, આ ચેન કેમ ખુલી છે? જેથી ફરીયાદીએ થેલો કાઢીને જોતા ચેન ખુલી હોય અને તેમાં રાખેલ પાકીટ જેમાં આધારકાર્ડ, પાનકાર્ડ ચાર એટીએમ કાર્ડ ડેબિટ કાર્ડ અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦ રાખ્યા હતા તે આ રીક્ષામા સવાર ટોળકી સેરવી ગઈ હોવાનું માલુમ પડ્યું હતું જેથી આ અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મુસાફરોને રીક્ષામાં બેસાડી લૂંટી લેતી ગેંગને દબોચી લેવાની ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર કે ગોહિલની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન સીસીટીવી ફૂટેજ સહિતના ટેકિન્કલ રિસોર્સ અને હ્યુમન સોર્સના આધારે માહિતી મળતા જ ક્રાઈમ બ્રાન્ચે રીક્ષા ગેંગના સભ્ય કિશન ઉર્ફે કિસલો મગન ભાંભળીયા (ઉવ ૨૭ ધંધો ડ્રાયવિંગ રહે. માલધારી સોસાયટી શેરી નં.-૩, આરટીઓ પાસે, રાજકોટ), વિરલ ઉર્ફે વિરૂ ગોવિંદ ઉદેશ (ઉવ ૨૬ ધંધો. ટ્રાન્સપોર્ટમાં મજૂરી રહે. નવાગામ રંગીલા સોસાયટી, ૫૦ વારીયા ઢાળ, રાજકોટ) અને હિના શરીફ મેમણ (ઉવ ૨૫ રહે. ભગવતીપરા પોલિસ ચોકી પાસે શેરી નં.-૪, રાજકોટ)ની ધરપકડ કરી રોકડ, રીક્ષા સહીતની મતા કબ્જે કરી હતી. ઝડપાયેલ શખ્સોની પ્રાથમિક પૂછપરછમાં તેમણે સાથે મળી રાજકોટ શહેર ઉપરાંત ગ્રામ્ય, મોરબી, અમદાવાદ, પાવાગઢ સહીત અનેક સ્થળેથી ૧૫ થી વધુ મુસાફરોને લૂંટી લીધાની કબૂલાત આપી હતી. જેથી પોલિસે રીક્ષા ગેંગની ત્રિપુટીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

**ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફૂટેજના આધારે ભગવતીપરાની યુવતી સહીતની ત્રિપુટીને દબોચી ૧૫ મુસાફરોને લૂંટી લીધાની કબૂલાત, રીક્ષા સહિતનો મુદ્દામાલ કબ્જે**

# રણછોડનગર - આજી વસાહતના મંદિરમાંથી દાનપેટી ચોરી તસ્કર ઝડપાયો

## ગંજીવાડાના ધ્રુપદ ઉર્ફે ધ્રુપેશને પ્રદ્યુમનપાર્ક નજીકથી ઝડપી લેતી બી ડિવિઝન પોલિસ

### રવિવારી બજારમાંથી મોબાઈલ પણ તફડાવી લીધાની તસ્કરની કબૂલાત



**અબતક, રાજકોટ**

રણછોડનગર અને આજી વાસાહત પાસે મંદિરને નિશાન બનાવી દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરી લેનાર મૂળ ગઢકા ગામના વતની અને હાલ ગંજીવાડમાં રહેતા ધ્રુપદ ઉર્ફે ધ્રુપેશ ઉર્ફે ધૂપલાને પ્રદ્યુમનપાર્ક પાસેથી બી ડિવિઝન પોલીસે ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ.૧૫ હજાર રોકડ અને મોબાઈલ કબજે કર્યો હતો. આરોપીએ આ બે મંદિરમાં કરેલી ચોરી ઉપરાંત મોબાઈલ રવિવારી બજારમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી.

રણછોડનગર શેરી નંબર ૧૩ કુવાડવા રોડ પર રહેતા વેપારી જય ભરતભાઈ રાજાણી (ઉ.વ. ૨૭) દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, ગઈ તા. ૨૦/૨/૨૦૨૬ ના રાત્રિના સમયે અહીં કુવાડવા રોડ પર રણછોડનગર શેરી નંબર ૧૩ માં આવેલા સાંઈબાબા મંદિરમાં કોઈ અજાણ્યા શખસે પ્રવેશ કરી મંદિરની દાનપેટી તોડી તેમાંથી રૂપિયા ૧૨,૦૦૦ રોકડની ચોરી કરી લીધી હતી. જે અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.ચોરીના આ બનાવને લઈ બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ.એસ.રાણેની રાહબરી હેઠળ પી.એસ.આઈ એ.બી. ચૌધરી તથા ટીમ તપાસમાં લાગી હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ ચાવડા અને જગદીશભાઈ ધાધળને મળેલી બાતમીના આધારે પ્રદ્યુમન પાર્ક નજીકથી એક શંકાસ્પદ શખસને ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ ધ્રુપદ ઉર્ફે ધ્રુપેશ ઉર્ફે ધૂપલો અશોકભાઈ દેત્રોજા વ્યાસ (ઉ.વ. ૨૩ રહે. કોઠારીયા સોલવન્ટ, ચૈતન્ય હનુમાન મંદિર પાસે, મૂળ ગઢકા તા.રાજકોટ) હોવાનું જણાવ્યું હતું.પોલીસે આરોપીની સઘન પૂછતાછ કરતા તેણે રણછોડનગરમાં થયેલી આ ચોરી કબૂલી હતી પોલીસે આરોપી પાસેથી રોકડ રૂપિયા ૧૫,૪૮૧ અને એક મોબાઈલ ફોન કબજે કર્યો હતો. આરોપીએ આપેલી કબુલાત મુજબ રણછોડનગરમાં સાંઈબાબાના મંદિરો ઉપરાંત આજી વસાહત શેરી નંબર ૧૦ ત્રણ માળિયા કવાર્ટરની બાજુમાં બાપા સીતારામ ચોક પાસે આવેલા બહુચરાજી માતાના મંદિરમાં પ્રવેશી મંદિરની દાનપેટીમાં ડુબલીકેટ ચાવી લગાડી તાળું ખોલી રૂપિયા ૪૦૦૦ રોકડ ચોરી દરિયાની કબુલાત આપી હતી. જે ચોરી અંગે પ્રદિપભાઈ અરવિંદભાઈ માંડવીયા(રહે. આનંદનગર બાપાસીતારામ ચોક,કોઠારીયા રોડ) દ્વારા થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે આરોપી પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન પણ ચોરાઉ હોવાનું કબૂલ્યું હતું જે મોબાઈલ ફોન તેણે રવિવારી બજારમાં ભીડનો લાભ લઈ એક વ્યક્તિના ખિસ્સામાંથી શેરવી લીધો હોવાની કબુલાત આપી હતી.

આરોપી હાલ કંઈ કામ ધંધો કરતો ન હોય મોજશોખ પૂરા કરવા અને ખર્ચો કાઢવા માટે તક મળે ત્યાં હાથ ફેરો કરી લેતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.આરોપી અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકુમાર કોલેજના સિક્યુરિટી ગાર્ડ પર પૂર્વ પગીનો છરી વડે હુમલો

## નોકરી પરથી કાઢી મુકાયાનો ખાર રાખી પેટ, ગળા અને માથાના ભાગે ઘા ઝીંક્યા ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકુમાર કોલેજના સિકયુરિટી ગાર્ડ યુવાનને અહીં અગાઉ નોકરી કરનાર શખસે છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતાં. હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. નોકરીમાંથી કાઢી મૂક્યાનો ખાર રાખી યુવાન પર હુમલો કર્યો હતો. બનાવ અંગે યુવાનની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

નાનામવા રૈયા પર માલધારી શેરી નં.૩ માં રહેતા રજનીશભાઈ લક્ષ્મણભાઈ સોંદરવા(ઉ.વ. ૩૬) દ્વારા પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અમીત પરમારનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, વિશ્વંભી સિકયુરિટી એજન્સીમાં સિકયુરિટી ગાર્ડ તરીકે છેલ્લા ત્રણ મહિનાથી નોકરી કરે છે. સંતાનમાં પુત્ર યુવરાજ(ઉ.વ. ૧૪) તથા દીકરી સીયા(ઉ.વ. ૧૨) છે.


ગઈકાલે રાત્રીના સાડા આઠ વાગ્યા આસપાસ યુવાન રાજકુમાર કોલેજ ગેઈટ નં.૨ પાસે ગાર્ડ તરીકેની નોકરી પર હતો દરમિયાન અગાઉ અહીં ગાર્ડ તરીકે નોકરી કરનાર અમીત પરમારને સિકયુરિટી ગાર્ડ તરીકેની નોકરીમાંથી કાઢી મૂકયો હોય તેનો ખાર રાખી કોલેજના ગેઈટ નં.૨ પાસે આવી યુવાન કંઈ સમજે તે પૂર્વે તેને પેટ, મોઢા, ગળા અને માથાના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતાં. બાદમાં અમિત અહીંથી નાસી ગયો હતો. યુવાને બુમાબુમ કરતા અહીં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરનાર ઈન્દુબેન અને જેન્તીભાઈ આવી ગયા હતા.બાદમાં યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આમ આરોપીને નોકરી પરથી કાઢી મૂક્યાનો ખાર રાખી આરોપીએ યુવાનને છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતાં. જે અંગે યુવાનની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે આરોપી સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# પોલીસ રનિંગની પરીક્ષા આપવા આવેલી દ્વારકાની યુવતીનો આપઘાત

## મવડી હેડક્વાર્ટર ખાતે ૨૬મીએ રનિંગ ટેસ્ટ આપવા આવેલી રિતુબેને અગમ્ય કારણોસર મિત્રના ઘરે અંતિમ પગલું ભર્યું

**અબતક, રાજકોટ**

શહેરના મુંજકા વિસ્તારમાં પોલીસ રનિંગની પરીક્ષા આપવા આવેલી આશાસ્પદ યુવતીએ અગમ્ય કારણોસર ગળાફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મૂળ દેવભૂમિ દ્વારકાના ભાટિયા ગામની રિતુબેન દેવાભાઈ કાબરિયા (ઉં.વ. ૨૧) નામની યુવતીએ તેની મિત્રના ઘરે પંખા સાથે ચુન્ની બાંધી આપઘાત કરી લેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, રિતુબેન આહીર આગામી ૨૬ ફેબ્રુઆરીના રોજ મવડી હેડકવાર્ટર ખાતે યોજાનારી પોલીસ રનિંગની પરીક્ષા આપવા માટે રાજકોટ આવી હતી. તે મુંજકા શેરી નંબર-૩ માં સોમનાથ મંદિરની સામે રહેતી તેની બહેનપણીના ઘરે રોકાઈ હતી. ગઈકાલે સાંજે તેની મિત્ર હિનાબેન તેની બીજી મિત્રના ઘરે ગયેલ હતી. તે દરમિયાન મધરાત્રે અથવા વહેલી સવારે રિતુબેને રૂમમાં પંખા સાથે ચુન્ની બાંધીને ગળાફાસો ખાઈ લીધો હતો. આજે સવારે જ્યારે હિનાબેન ઘરે પરત ફર્યા અને દરવાજો ખખડાવ્યો ત્યારે અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો નહોતો. આજુબાજુના લોકોની મદદથી દરવાજો ખોલાતા રિતુબેન લટકતી હાલતમાં મળી આવી હતી.

ઘટનાને પગલે તાત્કાલિક ૧૦૮ મારફતે યુવતીને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રિતુબેન ત્રણ બહેનોમાં વચેટ હતી અને લાંબા સમયથી સરકારી પરીક્ષા માટે મહેનત કરી રહી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, યુવતીએ કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે હજુ જાણી શકાયું નથી. પરીક્ષાના ટેન્શનમાં આ પગલું ભર્યું છે કે અન્ય કોઈ અંગત કારણ છે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ઘટનાની જાણ થતા જ ભાટિયાથી પરિવારજનો રાજકોટ આવવા રવાના થયા છે.

**મોરબી વન વિભાગ મોરબી**

**ટોયલેટ બ્લોક, સ્ટુડન્ટ પ્લેટફોર્મ, ટીચર પ્લેટફોર્મ અને પ્રિકાસ્ટ પ્રીસ્ટ્રેસ્ડ આરસીસીની કામગીરી**

**-:: જાહેર નિવિદા ::-**

મોરબી વન વિભાગ, મોરબીના કાર્યક્ષેત્ર હેઠળના મોરબી જિલ્લાની ચેર રેન્જ મોરબી હેઠળ સને ૨૦૨૫-૨૬ ની સાલે ટોયલેટ બ્લોક, સ્ટુડન્ટ પ્લેટફોર્મ, ટીચર પ્લેટફોર્મ અને પ્રિકાસ્ટ પ્રીસ્ટ્રેસ્ડ આરસીસીની કામગીરીના ભાવપત્રકો ઓનલાઇન ઇ-ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર માહિતી www.nprocure.com વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

- ઓનલાઇન ટેન્ડર બીડ ભરવાની છેલ્લી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધીની રહેશે.

| અ નં | ટેન્ડર નોટીસ નંબર | ઈ-ટેન્ડર આઈ.ડી. નંબર | ટોયલેટ બ્લોક, સ્ટુડન્ટ પ્લેટફોર્મ, ટીચર પ્લેટફોર્મ અને પ્રિકાસ્ટ પ્રીસ્ટ્રેસ્ડ આરસીસી સ્થળની વિગત |
|---|---|---|---|
| ૧ | ૪૪/૨૦૨૫-૨૬ | ૨૭૮૬૨૦ | ચેર નર્સરી (ફડસર) |

નાયબ વન સંરક્ષક
મોરબી વન વિભાગ મોરબી

**સરનામુ :**
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
મોરબી વન વિભાગ,
અરૂણોદય મીલ રોડ,
મોરબી-૨ પીન નંબર-૩૬૩૬૪૨
ફોન નં. ૦૨૮૨૨-૨૪૧૬૧૧

માહિતી -રાજ-૧૮૪૮-૨૫-૨૬

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ**
**મું. માંગરોળ જી. જુનાગઢ**
**-:: જાહેર નોટીસ ::-**

જન્મ-મરણ/નોંધણી/ કેસ રજી. નં. ૩૧/૨૦૨૬

(૧) શ્રી પરમાર રાજુ ધનજી
રહે. માંગરોળ તા. માંગરોળ જી. જુનાગઢ .................. અરજદાર

વિરૂદ્ધ

(૧) જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી
નગરપાલિકા, માંગરોળ તા. માંગરોળ, જી. જુનાગઢ.................. સામાવાળા

જન્મ મરણની નોંધણી અધિનિયીમ ૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામના અરજદારશ્રી પરમાર રાજુ ધનજીના પુત્ર રાજ રાજુભાઈ પરમાર નો જન્મ તા. ૦૧/૦૬/૨૦૧૩ ના રોજ માંગરોળ ગામે તેઓશ્રીના નિવાસ સ્થાને થયેલ હોય જેમની જન્મ નોંધ નગરપાલિકા કચેરી માંગરોળ તા. માંગરોળ જી. જુનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી નગરપાલિકા કચેરી માંગરોળની કચેરીના રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વાંધા યા તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં મામલતદાર કચેરી માંગરોળ ખાતે વાંધા અરજી સાથે રુબરુ હાજર રહેશો. જેમાં કસુર થયે કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવું માની આગળની ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. ૨૪-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો

સ્થળ:- માંગરોળ
તારીખ: ૨૪/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
માંગરોળ

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946

ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧

૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૮.૨૦૨૫ થી અમલમાં)

7.00% જનરલ ડિપોઝીટર માટે
7.50% વરીષ્ઠ નાગરીકો માટે

૧૦ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે

વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052

'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગોંડલ (તાલુકા)ની કોર્ટ સમક્ષ**
"તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ, તા. ગોંડલ, જી. રાજકોટ
ફોન નં. ૦૨૮૨૫-૨૨૦૦૯૩, ફેકસ નં. ૦૨૮૨૫-૨૪૦૪૯૩,
ઈ-મેઈલ : mam-gondal@gujarat.gov.in

જન્મ-મરણ કેસ નં.૫૯/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી સુલેમાનભાઈ ઈસ્માઈલભાઈ ડેલા ............અરજદાર

વિરુધ્ધ

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, હડમતાળા, તા.ગોંડલ, જી. રાજકોટ ...સામાવાળા

**વિષય : જન્મ/મરણ અધિ.૧૯૬૯ની કલમ ૧૩(૩)હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૮ ના રોજ હડમતાળા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધોતકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)

### તંત્રી લેખ

# પવિત્ર બંધન ''લગ્ન''ની પવિત્રતા જાળવી રાખવા ગુજરાત મક્કમ

પવિત્ર બંધન ''લગ્ન'' પવિત્રતા જાળવી રાખવા ગુજરાત મક્કમ છે.રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

લગ્ન નોંધણી પ્રક્રિયાના સુધારા કરવામાં આવ્યા છે. હવે માતા-પિતાને લગ્ન નોંધણી પ્રક્રિયામાં સમાવવામાં આવ્યા છે.

લગ્નમાં 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે સખત પગલા લેવાશે. દરેક દીકરીના સન્માનએ સનાતન પરંપરા છે. ભારતની લગ્ન વ્યવસ્થાને બચાવવા માટે આ મોટું પગલું મનાય રહ્યું છે. કેટલાક ગામોમાં, જ્યાં એક પણ મુસ્લિમ પરિવાર કે મસ્જિદ નથી, ત્યાં સેંકડો 'નિકાહ' સર્ટિફિકેટ ઈશ્યૂ થયા છે.જે સમાજ માટે ખતરા સમાન છે.ઓળખ છુપાવીને થતા લગ્નો એ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે.ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે તેવો કડક કાયદો બનશે.લગ્નની નોંધણી વખતે હવે માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે માટે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે.રાજ્યમાં દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાને જાળવી રાખવા માટે સરકાર 'ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ ૨૦૦૬'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં ધરખમ સુધારા કરવામાં આવશે.

રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં કેટલીક છટકબારીને કારણે ગેરઉપયોગ થઈ રહ્યો છે. અસામાજિક તત્વો પોતાની સાચી ઓળખ છુપાવી, લાલચ આપી કે છળકપટથી રાજ્યની દીકરીઓને પ્રેમની જાળમાં ફસાવે છે. ગુજરાત સરકાર દીકરીઓના સુરક્ષા કવચ સમાન જે ફેરફારો લાવી રહી છે.રાજ્યમાં લવ-મેરેજનો વિરોધ નથી, પણ 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે આ સરકાર ચોક્કસપણે સખત પગલા લેશે.

ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે.

## 'અબતક' પરિવારના મીત માવાણીનો આજે જન્મદિવસ



'અબતક' પરિવારના તરવરીયા, કર્મઠ અને સાલસ સ્વભાવના ગ્રાફિક્સ ડિઝાઈનર મીત માવાણીનો આજે જન્મ દિવસ છે. ૨૧ વર્ષ પૂરા કરી ૨૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરનર મીતને દીર્ઘાયુ સાથે જીવનમાં સફળતા મળે તેવી શુભેચ્છા સાથે 'અબતક' પરિવાર અને સ્નેહીજનો મોબાઈલ નંબર ૯૨૬૫૨ ૨૧૬૧૩ પર શુભેચ્છાનો વરસાદ કરી રહ્યા છે.

## એડવોકેટ અશ્વિન મહાલિયા અને પુત્ર ધ્રુવ મહાલીયાનો જન્મદિવસ



રાજકોટ બાર એસોસીએશનના સભ્ય ફોજદારી રેવન્યુ પ્રેકટીસ કરતા એડવોકેટ અશ્વિન મહાલિયા તથા પુત્ર ધ્રુવ અશ્વિન મહાલિયાનો આજે જન્મદિવસ છે.અશ્વિન મહાલિયા છેલ્લા ૧૭ વર્ષથી વકીલાતનાં વ્યવસાય સાથે જોડાયેલ છે. શહેર બી.જે.પી. લીગલ સેલમાં કારોબારીમા અને વોર્ડ નં.૪માં બુથ વાલી તરીકે સેવા આપી ચુકયા છે. રાજકોટ શહેર તકેદારી સમિતિના સભ્ય તરીકે પણ સેવા આપેલ છે, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના પછાત વર્ગ કર્મચારી મંડળના લીગલ એડવાઈઝર તરીકે પણ સેવા આપે છે. અશ્વિન મહાલિયા મિલનસાર સ્વભાવ ધરાવતાં હોવાથી જુનિયર- સીનીયર વકીલોમાં અને મિત્રવર્તુળમાં ખુબ જ લોકપ્રિય છે, તેમજ તેમના પુત્ર 'ધ્રુવ મહાલિયા'નાં જન્મદિવસ નિમિતે જુનિયર-સિનિયર વકીલઓ તેમજ મિત્રવર્તુળ તરફથી ખુબ ખુબ શુભેચ્છાઓ મો.નં.૯૯૭૯૬ ૦૦૭૮૭ ઉપર પાઠવી રહ્યા છે.

## એડવોકેટ અભિષેક શુકલનો આજે જન્મદિવસ



શહેર ભાજપ લીગલ સેલ યુવા સહાયક ટીમના એડવોકેટ અભિષેક શુકલનો આજે જન્મદિવસ છે. તેઓએ પોતાના યશસ્વી જીવનના ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. પિતા નલિનભાઈ રાજકોટના સિનિયર એડવોકેટ છે. દાદા બળવંતભાઈ પણ ધારાશાસ્ત્રી હતા. અભિષેક શુકલાએ કાયદાના અભ્યાસ બાદ પિતા અને દાદાના પગલે વર્ષ ૨૦૧૧માં વકીલાતની સનદ મેળવી હતી. તેઓ જુદી જુદી બેંકો, મંડળીઓ અને સંસ્થાઓમાં પેનલ એડવોકેટ છે. ઉપરાંત તેઓ ભાજપ સાથે પણ જોડાયેલ છે. તાજેતરમાં તેઓને શહેર ભાજપ લીગલ સેલના સંસદીય મત વિસ્તારના સહ ઈન્ચાર્જ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આજે તેમના જન્મદિવસે મો. નં. ૯૭૩૭૬ ૯૯૦૦૦ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

## ક્યુટ ગર્લ્સ મનસ્વીનો આજે જન્મ દિવસ



વિવાયોમાં સેવા આપતા હર્ષકુમાર જોષી અને માતા અવનીબેન જોષીની લાડકવાયી દીકરી મનસ્વીનો આજે જન્મ દિવસ છે. આજે જીવનનું બીજુ વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. આ ઉપરાંત વીવાયઓના વ્રજરાજકુમારજી મહોદયએ મનસ્વીને જીવન આનંદમય રહે તેવા આશીર્વાદ પાઠવ્યા છે.

### સતર્કતાને અપાય સલામી

# ઓખા-બનારસ ટ્રેન મેનેજરને મેન ઓફ ધ મંથ સુરક્ષા પુરસ્કારથી નવાજાયા

## ભાટેલ-ખંભાળિયા વેલ્ડીંગ ફોલ્ટ પારખી તંત્રને એલર્ટ કરાયું



**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના એક કર્મચારીની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી સંભવિત રેલ દુર્ઘટના ટળી હતી. આ કાર્ય માટે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક પ્રદીપ કુમારે મુંબઈ સ્થિત પશ્ચિમ રેલવે મુખ્યાલય ખાતે આયોજિત સમારોહમાં જગદીશ પ્રસાદ બૈરવા, વરિષ્ઠ પેસેન્જર ટ્રેન મેનેજર (રાજકોટ)ને મેન ઓફ ધ મંથ સુરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

તારીખ ૧૫ જાન્યુઆરીના રોજ જગદીશ પ્રસાદ બૈરવા ટ્રેન ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસમાં ફરજ પર હતા. ભાટેલ અને ખંભાળિયા સ્ટેશનો વચ્ચે ટ્રેનમાં અસામાન્ય ઝટકો અનુભવાયો હતો. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને તેમણે તત્પરતા દાખવી સંબંધિત સ્થળને ચિહ્નિત કર્યું અને તરત જ સંબંધિત અધિકારીઓને જાણ કરી. લોકો પાઈલટનો સંપર્ક કરી અસામાન્ય ઝટકાની પુષ્ટિ કર્યા બાદ તેમણે ખંભાળિયા સ્ટેશનના સ્ટેશન માસ્ટરને લેખિત જાણ પણ કરી હતી, જેના કારણે તાત્કાલિક જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત થઈ શકી.

જાણ મળતાની સાથે જ સ્ટેશન માસ્ટર, ખંભાળિયા દ્વારા ઓપરેટિંગ અને એન્જિનિયરિંગ વિભાગના સંબંધિત કર્મચારીઓને વાકેફ કરવામાં આવ્યા હતા. એન્જિનિયરિંગ વિભાગની ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવતા સંબંધિત સ્થળ પર રેલ વેલ્ડ ફ્રેક્ચર જોવા મળ્યું હતું, જે ગંભીર અકસ્માતનું કારણ બની શકતું હતું. સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપીને તે સેક્શન પર તાત્કાલિક ટ્રેનો માટે ૨૦ કિમી પ્રતિ કલાકનો ઝડપ સાવચેતી આદેશ લાગુ કરવામાં આવ્યો હતો અને જરૂરી સમારકામ બાદ રેલ સંચાલન પૂર્ણ સુરક્ષા સાથે ફરી શરૂ કરવામાં આવ્યું હતું.

બૈરવાની સતર્કતા, જવાબદારી અને નિષ્ઠાને કારણે એક સંભવિત ગંભીર અકસ્માત ટળી ગયો, જેનાથી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત થઈ અને રેલવે મિલકત તેમજ રેલ સંચાલનને સંભવિત નુકસાનથી બચાવી શકાયું હતું.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ જગદીશ પ્રસાદ બૈરવાને પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, બૈરવા દ્વારા પ્રદર્શિત સતર્કતા, જવાબદારી અને નિષ્ઠા રેલવે કર્મચારીઓ માટે એક પ્રેરણાદાયક ઉદાહરણ છે. તેમની સજાગતાથી સંભવિત અકસ્માત ટળવો તે દર્શાવે છે કે સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા જ સુરક્ષિત રેલ સંચાલનનો પાયો છે. આવા સમર્પિત પ્રયાસો ભારતીય રેલવેની સુરક્ષા સંસ્કૃતિને વધુ મજબૂત બનાવે છે.

# પંતજલિ યોગા કલાસમાં ચક્ષુદાન જાગૃતિ અભિયાન



**અબતક, રાજકોટ**

ભારત વિકાસ પરિષદ રાજકોટ જિલ્લા પતંજલી યોગ તથા ગુજરાત રાજય યોગ દ્વારા ચાલતા નિશુલ્ક યોગ કલાસમાં યોગ કોચ, નીતીનભાઈ કેસરીયા તથા ધીરુભાઈ ઠુમ્મર, અજયભાઈ જોશી, આનંદભાઈ વાઢેરના સહયોગથી જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અંગદાન, ચક્ષુદાન, દેહદાન અંગે ચેરમેન ઉમેશ મહેતાએ વિગતવાર જાણકારી યોગ કલાસમાં દરેકને આપેલ તથા માહીતી સભર કમ્પલેટનું વિતરણ કરેલ.

આ કાર્યક્રમમાં ચેરમેન ઉમેશ મહેતાની સાથે પ્રશાંતભાઈ તથા ગોવિંદભાઈ મોરીએ સહયોગ આપેલ. જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૮૧૬ ચક્ષુદાન, ૪૭ સ્કીન ડોનેશન, ૬૫ દેહદાન થયેલ છે. ગમે ત્યારે સંપર્ક કરો ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર કરવો.

### ધીરગુરુદેવની દીક્ષા જયંતિ નિમિતે

# શ્રી કંથુંનાથ જૈન સંઘ ઘંટેશ્વરમાં કિટ વિતરણ અને સંઘ જમણ



**અબતક, રાજકોટ**

પડધરી સ્થા. જૈન સંઘ નિમિર્ત અને કુંથુંનાથ સંઘના ઉપક્રમે પ્રેરણાદાતા પૂ. ધીરગુરુદેવની ૪૫મી દીક્ષા જયંતિ અનુમોદનાર્થે માનવરાહતમાં કીટનું વિતરણ અને સંઘ જમણનું પ્રથમવાર આયોજન તા. ૧૫-૨ ના કરાતા અનેરો ધર્મોત્સાહ છવાયો હતો. કાર્યક્રમ પ્રસંગે વિકાસ જૈન સંજય કામદાર આર્શિષ શાહ ચિંતન કામદાર ધાર્મિક મોદી વગેરેએ સેવા બજાવી હતી. કમલ મોદીએ સૂત્ર સંચાલન કરેલ. સિવીલ હોસ્પિટલમાં સવારે નાસ્તો અને સાંજે ૩૦૦ દર્દીઓને જમાડવામાં આવેલ. જશાપર ગામે નારણ ગાગલીયા પ્રેરિત ભજન મંડળીનો કાર્યકમ તથા જમણવાર કરવામાં આવેલ.

### કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ સંચાલીત

# હીરાલક્ષ્મી શેઠ પ્રાથમિક શાળાના વાર્ષિક મહોત્સવ 'રંગમય' ઉમંગભેર ઉજવાયો

## સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળ કલાકારોની પ્રતિભાથી સૌ થયા મંત્ર મુગ્ધ



**અબતક, રાજકોટ**

રાજકોટની કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ સંચાલીત હિરાલક્ષ્મી કે. શેઠ પ્રાથમીક શાળામાં તા ૧૮-૨ ના રોજ રંગમંચ વાર્ષિક મહોત્સવ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવાયો હતો.

રંગમંચ મહોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ન્યુટ્રીશન, ડાયેટિશિયન પ્રોફેસર રીમાબેન રાવ, સીનીયર ફીઝીયોથેરાપીસ્ટ જી.ટી. શેઠ ઓર્થોપેડીક હોસ્પિટલ ડો. દેવાંગીબેન વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા હતા તેમણે વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ આપી સન્મીત કર્યા હતા.

પ્રસંગે વિદ્યાર્થીઓએ સામાજીક સંદેશ આપતા નાટકો, લોકનૃત્ય, દેશભકિત અને હાસ્ય પ્રસ્તુતિઓ દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનો આત્મ વિશ્વાસ અને પ્રતિભા સ્પષ્ટપણે ઝળકાઈ હતી.

# કણસાગરા કોલેજમાં ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ સ્નેહમિલનમાં વાગોળી જુની યાદો-વાતો




**અબતક, રાજકોટ**

કણસાગરા કોલેજ ખાતે ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન સમારોહ ઉમંગભેર યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ વિદ્યાર્થીઓ એકત્રિત થઈ જૂની યાદોને તાજી કરી અને વર્તમાન વિદ્યાર્થીઓ સાથે પોતાના અનુભવો શેર કર્યા

ભુતપૂર્વ વિદ્યાર્થીઓ આજે રાજકારણ, રેવન્યુ વિભાગ, પોલીસ વિભાગ, શિક્ષણ ક્ષેત્ર, કોમર્સ અને મેનેજમેન્ટ, આર્મી, વ્યવસાય તથા અગત્યના ક્ષેત્રોમાં સફળતાપૂર્વક કાર્યરત છે. તેમની સિદ્ધિઓ સંસ્થાના ગૌરવમાં વધારો કરતી હોવાનું જણાવાયું હતુ. કોલેજના પ્રિન્સિપાલ ડો. સ્નેહલ કોટકે જણાવ્યું હતું કે સંસ્થાની સાચી ઓળખ તેના પૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિઓથી થાય છે અને તેમની પ્રગતિ વર્તમાન પેઢી માટે પ્રેરણાસ્રોત છે.

# એસ.બી.આઈ. પેન્શનર્સ એસો. દ્વારા બોર્ડની પરીક્ષા આપનાર પૌત્ર-પૌત્રીઓને શુભકામનાઓ અપાઈ

## સભ્યોના ઘેર ઘેર જઈ બાળકોને આશિર્વાદ અપાયા




**અબતક, રાજકોટ**

દેશની સૌથી મોટી બેંક ઓફ ઈન્ડિયાના નિવૃત કર્મચારીઓ પેન્શનરોના બનેલ સંગઠન એસ.બી.આઈ. પેન્શનસઈ એસો. દ્વારા સભ્ય કલ્યાણની સાથે અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે જે અંતર્ગત આગામી તા. ૨૬ ફેબ્રુઆરીથી બોર્ડની પરીક્ષા શરુ થઈ રહી છે ત્યારે પેન્શનર્સ એસો. રાજકોટ દ્વારા રાજકોટ નિવાસી સભ્યોના ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષા આપનાર પૌત્ર-પૌત્રીઓનું તેના ઘરે રુબરુ જઈને સંગઠન વતી પ્રેરણાદાયી પત્ર સ્મૃતિ પત્ર આપીને બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ આશીર્વાદ આપેલ.

રાજકોટના શરદાભાઈ દવે, અનુપમ દોશી, કે.સી. પંડયા, શીરીષ કચ્છી દક્ષિણ જોષી, પરષોત્તમ મુંગલપરા, જિતુ ગણાત્રા એ જહેમત ઉઠાવી હતી.

# રાષ્ટ્રીય શાળામાં હોમિયોપેથી ક્લિનિકનું ઉદ્‌ઘાટન



**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીયશાળાએ માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, પરંતુ તે સમાજસેવા, રાષ્ટ્રીય ચેતના અને માનવમૂલ્યોનું જીવંત કેન્દ્ર છે. મહાત્મા ગાંધીજીના વિચારોને આત્મસાત કરનાર આ સંસ્થાએ સમયાંતરે સમાજના વિવિધ ક્ષેત્રોમાં લોકહિતકારી પહેલો કરી છે. જે આરોગ્ય સેવાના ક્ષેત્રમાં એક મહાવપૂર્ણ પગથીયું છે.

''કસ્તુરબા ગાંધી'' નિવાર્ણદિને રાષ્ટ્રીયશાળા ટ્રસ્ટ તથા રેવાકુંવરબેન આર. કોઠારી ટ્રસ્ટ રાજકોટના સંયુકત સહયોગથી વર્ધમાન હોમિયોપેથી કલીનીકનું ઉદ્દઘાટન કરવામાં આવેલ. રાજકોટ શહેરના પ્રતિષ્ઠિત ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ મનિષભાઈ મડેકા, શંભુભાઈ પરસાણા તથા રમણીકભાઈ જસાણીના વરદહસ્તે ઉદ્દઘાટન કરવામાં આવેલ. સૌ પ્રથમ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ ગાંધીજીએ જ્યાં ઉપવાસ કરેલ તે ખંડની મુલાકાત લઈ રાષ્ટ્રીયશાળાની પ્રવૃતિઓ નિહાળીને ક્લિનિકનું ઉદ્દઘાટન કરવામાં આવેલ.

રાષ્ટ્રીયશાળા ખાતે સ્થાપિત આ હોમિયોપેથી ક્લિનિકનો મુખ્ય ઉદ્દેશ સમાજના દરેક વર્ગને, ખાસ કરીને આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદ લોકોને, સસ્તી અને અસરકારક આરોગ્યસેવા પૂરી પાડવાનો છે. આજના સમયની દોડધામ ભરેલી જીવનશૈલીમાં અનેક લોકો દીર્ઘકાલીન રોગો, માનસિક તણાવ અને જીવનશૈલીજન્ય બીમારીઓથી પીડાય છે. આવા સમયમાં હોમિયોપેથી જેવી સૌમ્ય અને નિર્દોષ ઉપચાર પદ્ધતિ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

આ પ્રસંગે ક્લિનિકના રીનાબેન જે. ટોલિયા સહિત શંભુભાઈ પરસાણા, મધુભાઈ દોંગા, અર્જુનભાઈ ખાટરીયા, દેવેન્દ્રભાઈ ધામી, જયંતિભાઈ કાલરીયા, વિનોદભાઈ ગોસલીયા, હિમતભાઈ ગોડા, ડો.અલ્પાબેન ત્રિવેદી, ડો.યજ્ઞેશભાઈ જોષી, જગદેવસિંહ જાડેજા, સુરેશભાઈ પરમાર, જાગનાથ દેરાસર, ગૌરવભાઈ મહેતા વિગેરે હાજર રહેલ.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૧૪મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

કુંદનબેન હસમુખભાઈ ચગનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૧૪ ચક્ષુદાન થયેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં સાતમું ચક્ષુદાન છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# સાહિત્ય સેતુ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની ગરિમાપૂર્ણ ઉજવણી

## માતૃભાષાની ગરીમા વધારવા કરાયું ગ્રંથ પુજન

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે શહેરના નાના મવા રોડ ઉપર મોકાજી સર્કલ પાસે આવેલ શિક્ષણ સમિતિ સંચાલિત વિનોબા ભાવે પ્રાથમિક શાળા નંબર ૯૩ માં માતૃભાષાની મહત્વતા, સન્માન અને સંરક્ષિત કરવાના તેમજ માતૃભાષા વિશે જાગૃતિ કેળવવાના શુભ આશયથી માતૃભાષા મહોત્સવ યોજવામાં આવેલ જેનું નિવૃત્ત ટ્રેઝરી અધિકારી નરેન્દ્રભાઈ વિઠલાણીએ ઉદઘાટન કરેલ.

ગ્રંથપૂજન કાર્યક્રમ અંતર્ગત ભારતીય બંધારણ, સત્યના પ્રયોગો, ભગવદ ગીતા, સરસ્વતીચંદ્ર સહિતના ગ્રંથોનું કવયિત્રી જશુબેન બકરાણિયા, ભરતભાઈ સુરેલીયા, મહેન્દ્રભાઈ રાઠોડ, હસમુખ રામદેપુત્રા, ડો.ગીતાબેન વોરા, શાળાના શિક્ષકો તેમજ છાત્રોએ કંકુ-ચોખા પુષ્પથી ગ્રંથપૂજન કરેલ હતું.

શાળાના છાત્રાઓ પ્રિન્સ ચાવડા, ઉર્વી જોશી, ગુંજન ભટ્ટી, ભોમિયા વિના, જનનીની જોડ સખી, મનપાંચમના મેળામાં સહિતની કવિતાનું પઠન કરેલ. માનસી પરમાર તેમજ ઉર્વશીએ અમૃત ઘાયલ તેમજ ઝવેરચંદ મેઘાણી સહિતના સર્જકોનો પરિચય જીવન કવનની વાત કરી હતી.

શાળાની છાત્રાઓ તમન્ના ગોવાણ, ઈશિકા ખ્રિસ્તી, જાગૃતિ દાફડાએ નાગર નંદજીના લાલ, વાદલડી વરસી રે, કળજુગનો કનૈયો સહિતની કવિતાનું ગાન કરેલ હતી.

માતૃભાષાનો મહિમા વિશે વાત જાણીતા કવિ લેખક ઉદઘોષક નટવર આહલપરાએ જણાવેલ કે ખારા રણને પણ મીઠુ કહેતી આપણી ભાષાની મીઠાશ અનેરી છે.

શાળાના પ્રિન્સિપાલ ડો.વનિતાબેન રાઠોડે સ્વાગત આભારવિધી દિપેશભાઈએ કરેલ. સંચાલન અનુપમ દોશીએ કરેલ. સમગ્ર આયોજનની સફળતા માટે અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, દિનેશભાઈ ગોવાણી, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, હસુભાઈ શાહે જહેમત ઉઠાવી હતી.

# ગોંડલની સરગમ સોસાયટીમાં જીગીશા પટેલ પર હુમલો

## ફરિયાદ મળતા કાર્યકરો સાથે ગયા ત્યારે ચાર મહિલા સહિત છ શખ્સોએ મારમારી કારમાં તોડફોડ કરી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલને કાર્યક્ષેત્ર બનાવી સક્રીય બનેલા આપનાં મહીલા નેતા જીગીશાબેન પટેલ ઉપર ભગવતપરા નાં ઘોઘાવદર રોડ પર આવેલી સરગમ સોસાયટી માં હુમલો થયો હતો. હુમલા સમયે તેમની સ્વિફ્ટ કાર પર પથ્થરમારો કરી કાચ તોડાયા હતાં. ઈજાગ્રસ્ત જીગીશાબેન તુરંત સરકારી હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા. બનાવનાં પગલે જીગીશાબેનનાં ટેકેદારો તથા આપનાં કાર્યકરો હોસ્પિટલ દોડી ગયા હતા.

શહેરની એ, બી ડિવિઝન પોલીસ ઉપરાંત રૂરલ ક્રાઈમ બ્રાંચ પોલીસનો કાફલો પણ હોસ્પિટલ દોડી ગયો હતો. બનાવને લઈને ગોંડલમાં ચકચાર મચી જવા પામી છે. પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ ખાતે ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ સવારે સાડા અગીયારનાં સુમારે સરગમ સોસાયટીમાંથી પાણી, કચરા અને ગટર અંગે રજુઆત આવી હોય





જીગીશાબેન પટેલ ત્રણ ચાર કાર્યકરો સાથે સ્વિટ કારમાં સરગમ સોસાયટીમાં પંહોચ્યા હતા. ત્યાં મહીલાઓએ નગર પાલીકા દ્વારા અપાતુ પાણી લીલુ આવતુ હોય ઉપરાંત કચરાનાં ઢગલા ખડકાયા હોય કોઈ સફાઈ માટે આવતુ નહી હોવાની ફરિયાદ કરી હતી. જીગીશાબેને આ વિસ્તારનાં સ્થાનિક સુધરાઈ સભ્યને ફોન કરી રૂબરૂ આવવા ફોન કરી તેની રાહમાં કારમાં બેઠા હતા. દરમિયાન અચાનક ધસી આવેલી ત્રણથી ચાર મહીલાઓ તથા બે-ત્રણ પુરૂષોએ કારમાં બેઠેલા જીગીશાબેન ઉપર હુમલો કરી દીધો હતો. પત્થરથી હુમલો થતા જીગીશાબેનને માથામાં તથા આંખ પર ઈજા પહોંચી હતી. હુમલા સમયે કાર ઉપર પથ્થરમારો થતા કાચ ફુટ્યા હતા. પરિસ્થિતિ વણસતા જીગીશાબેન ત્યાંથી રવાના થઈ સારવાર માટે સરકારી હોસ્પિટલ પહોંચ્યા હતા. હુમલાને કારણે તેઓ અસ્વસ્થ હોય પોલીસ નિવેદન લઈ શકી નથી. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

### સરકારી હોસ્પિટલે ખાતે 'આપ'ના કાર્યકરો સહિતના ટોળા ઉમટ્યા: સ્થાનિક પોલીસ અને એલસીબી સહિતનો કાફલો દોડી ગયો

# ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ ખાતે માતૃભાષા મહોત્સવની ઉજવણી



**અબતક, રાજકોટ**

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત માતૃભાષા મહોત્સવ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે તા.૨૧-૦૨-૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૦.૪૫ કલાકે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના માર્ગદર્શનમાં મળી માતૃભાષા મને ગુજરાતી શીર્ષકથી ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ, રાજકોટ ખાતે કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના પ્રારંભે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા સાહેબનો શુભેચ્છા સંદેશ સૌ કોઈએ વિડિયો સ્વરૂપે નિહાળ્યો. ત્યાર બાદ કવિ નીતિન વડગામા, કવિ સંજુ વાળા, કવિ સ્નેહીપરમાર, આ કાર્યક્રમના મુખ્ય અતિથિ અને એ.એમ.પી. લો કોલેજના પ્રિન્સીપાલ ડો. કે.કે. બુદ્ધભટ્ટી, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ, રાજકોટના પ્રિન્સીપાલ પરેશ એન. રાવલ, આ કાર્યક્રમમાં ભાવક તરીકે ઉપસ્થિત ભાવનગરના કવિ હિમલ પંડ્યા વગેરેએ હસ્તાક્ષર બેનરમાં માતૃભાષામાં પોતાના હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ મંચ ઉપર કવિ નીતિન વડગામા સ્થાન લીધું. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ, રાજકોટના પ્રિન્સીપાલ પરેશ એન. રાવલે ઉપસ્થિત સૌ કોઈનું ગુજરાતીના યુગંધર કવિ રમેશ પારેખની કવિતા સાથે ભાવપૂર્વક શાબ્દિક સ્વાગત કર્યું.

આ કવિ સંમેલનમાં ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ, રાજકોટના અધ્યાપકો સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લોકોની સુખાકારી માટે સભાનતાપૂર્વક દિવસ - રાત પ્રયત્નશીલ રહીશું: ડો.માધવ દવે

## ભાજપ સંગઠનના નવ નિયુક્ત હોદ્દેદારોનું અભિવાદન સમારોહ યોજાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી સંગઠનની ટીમ અને વિવિધ મોરચાના સૌ હોદ્દેદારોનો અભિવાદન સમારોહ વોર્ડ નં.૧૧ ખાતે યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, નવનિયુકત મહામંત્રીઓ લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા તેમજ ઉપપ્રમુખઓ મહેશભાઈ પીપળીયા, ભાર્ગવભાઈ મિયાત્રા, દીપાબેન કાચા, કેતનભાઈ વાછાણી, કૌશિકભાઈ ચાવડા, સોમાભાઈ ભાલીયા અને મેઘાબેન વૈષ્ણવ, મંત્રીઓ કિશન ટીલવા, સુનીલભાઈ ગોહિલ, ધર્મિષ્ઠાબેન વાઘેલા, ચાંદનીબેન ગોંડલીયા, નિશાબેન રાણપરા અને અરૂણાબેન પરમાર, સહ કાર્યાલયમંત્રીશ્રી શૈલેષભાઈ દવે, રાજકોટ મહાનગર આઈ.ટી.વિભાગના નિખીલ રાઠોડ, મીડીયાના હાર્દિક બોરડને



સન્માનીત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં વોર્ડ નં.૧૧ પ્રભારી પરેશભાઈ ઠાકર, વોર્ડ નં.૮ ના પ્રભારી સંજયભાઈ દવે, વોર્ડ નં.૧૧ ના પ્રમુખ હિરેનભાઈ મુંગલપરા, મહામંત્રી વિનોદભાઈ ઈસોટીયા, વોર્ડ નં. ૧૧ ના કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠીયા, ભારતીબેન પાડલીયા સહિતના બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા. રાજકોટ શહેર સંગઠનના નવનિયુકત હોદ્દેદારોને સંબોધન કરતાં શહેર પ્રમુખ ડો.માધવ દવેએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીમાં હોદ્દોએ એક વ્યવસ્થાનો ભાગ છે, તેમજ હોદ્દો એ સત્તા નહિ પણ જવાબદારીનું પ્રતિક છે. રાજકોટ શહેર ભાજપ સંગઠનની ટીમમાં નિમણુંક થયેલા સૌ હોદ્દેદારોને વોર્ડ નં.૧૧ આ સભાના મંચ ઉપરથી અભિનંદન આપતાં વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના આ નવનિયુકત તમામ હોદ્દેદારો વોર્ડ અને શહેરના વિકાસમાં હંમેશા ૨૪ કલાક તત્પર અને તૈયાર રહેશે અને શહેરના લોકોની સુખાકારી પ્રત્યે સભાનતા પૂર્વક દિવસ રાત પ્રયત્નશીલ રહેશે તેવી હું આ જાહેર મંચ ઉપરથી ખાત્રી અને બાંહેધરી આપું છું. આ તકે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીનું નામ સમગ્ર વિશ્વમાં સૌથી મોટી લોકશાહીની પાર્ટી બની છે ત્યારે આપણે સહુ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદાર તરીકે ગૌરવ અનુભવવાની વાત છે. વોર્ડ નં.૧૧ એ ભાજપ પાર્ટીનો ગઢ છે આ વોર્ડમાંથી સદસ્યતા અભિયાન અંતર્ગત સૌથી વધુ સદસ્યતા અને સક્રિય સભ્ય બન્યા હતા. ગત લોકસભાની ચુંટણીમાં પણ પ્રથમ ક્રમાંકે સૌથી વધુ લીડ વોર્ડ નં.૧૧ માંથી મળેલ હતી. આ સંદર્ભમાં સર્વે આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા અને આવનાર મહાનગરપાલિકાની ચુંટણીમાં બિલાડીના ટોપની જેમ ફુટી નીકળતી અન્ય પાર્ટી તરફ ધ્યાન ન આપતાં ભારતીય જનતા પાર્ટીને આવો જ બહોળો પ્રતિસાદ મળે અને મહાનગરપાલિકાની ચુંટણીમાં ઉભેલ ઉમેદવારને જંગી લીડથી જીતાડવાની અપીલ કરી હતી.

# ગીર ગાય અને નંદી સૌરાષ્ટ્રની સૌથી મોટી ઓળખ: સાંસદ પરસોત્તમ રૂપાલા

## ભાજપ હોદ્દેદારોએ રેસકોર્ષ ખાતે ઈન્ડિયન કેટલ કેમ્પની મુલાકાત લેતા લોકસભા સાંસદ પરષોતમભાઈ રૂપાલા, શહેર પ્રમુખ ડો.માધવ દવે અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના રેસકોર્ષ ખાતે ચાલી રહેલ એશીયાનો સૌથી મોટો સ્વદેશી ગાય એકસ્પોમાં સમગ્ર રાજયમાંથી આવેલ વિવિધ ગૌશાળા તેમજ વ્યકિગત ઉછેરવામાં આવેલ ગાયો અને નંદિ સહિત ગાય પરિવારની ઓળખ તેમજ દુધ આપતી ક્ષમતાઓ સહિત તેમની તંદુરસ્તીનું હરિફાઈ પ્રદર્શન ચાલી રહ્યું છે. આ પ્રદર્શન કેમ્પની રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ મુલાકાત લીધેલ હતી. આ તકે લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, ભારત દેશમાં આદિકાળથી ઋષિમુનીઓ દ્વારા ગાયનું જતન અને પુજન



કરવામાં આવે છે. આજે ખેતરમાં જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે ત્યારે જે ખેડુત ભાઈઓ ગૌમુત્રનો ઉપયોગ અને ગોબરનો ખાતર તરીકે ઉપયોગ કરે છે, તેઓની જમીન ફરીથી ફળદ્રુપ બની રહી છે અને સારો એવો પાક લઈ રહ્યા છે. તંદુરસ્ત ગાયના દુધથી દહિં, માખણ, છાશ અને ઘીનો ઉપયોગ કરવાથી આપણો સમાજ સાત્વિક તંદુરસ્ત બને છે. જેથી ગાયને ગાય માતાનું બિરૂદ આપવામાં આવેલ છે, અને પોતાની ગાય સાથે આવેલ સૌ ગૌપાલકને બિરદાવ્યા હતા.

આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, એશીયાનો સૌથી મોટો સ્વદેશી ગાય એકસ્પોમાં પધારેલ સૌ ગૌપ્રેમી ગૌપાલકને જણાવ્યું હતું કે ગીર ગાય અને નંદિ આપણા પ્રદેશની સૌથી મોટી ઓળખ છે. આ એકસ્પોના નિર્માણથી ગાય અને નંદિ વિષે સૌ કોઈ માહિતગાર થઈએ છીએ જેનો સૌથી મોટો લાભ ગાય ઉછેરતા ગૌપાલક અને ગૌશાળાને અને પશુધનને તંદુરસ્ત અને અદ્યતન બનાવવા માટે એક અભ્યાસવર્ગ બની રહેશે.

# ગુરુગ્રામ માનેસર ખાતે ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સ દ્વારા ૯૪મું અધિવેશન યોજાયું

## પ્રથમ મહિલા મેયર ભાવના જોશીપુરા કોષાધ્યક્ષ કુલજીત કૌર અધ્યક્ષ સ્થાને અને રેહાના મહામંત્રી તરીકે વરણી

**અબતક, રાજકોટ**

તાજેતરમાં ગુરુગ્રામ માનેસર ખાતે ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સ દ્વારા ૯૪ મુ રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ ગયું. દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાંથી આવેલા પ્રતિનિધિઓની હાજરીમાં યોજાયેલી ત્રિવાર્ષિક ચૂંટણીમાં અખિલ હિંદ મહિલા પરિષદના રાજકોટ શાખાના પ્રમુખ રાજકોટના પ્રથમ મહિલા મેયર, વરિષ્ઠ ધારાશાસ્ત્રી ભાવના જોશીપુરા રાષ્ટ્રીય કોશાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. અધ્યક્ષ તરીકે દિલ્હીના કુલજીત કૌર અને મહામંત્રી તરીકે રેહાના (પુડુચેરી)ચૂંટાયા હતા.





અત્યંત પ્રતિષ્ઠાભરી રાષ્ટ્રીય કક્ષાની આ ચૂંટણીમાં ભાવના જોશીપુરાને દેશના તમામ રાજ્યો માંથી જબરદસ્ત સમર્થન પ્રાપ્ત થયું હતું અને ભારે બહુમતીથી ચૂંટાઈને આવ્યા હતા. ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સની સ્થાપના ૧૯૨૬ ના વર્ષોમાં થઈ હતી અને વર્તમાન વર્ષ શતાબ્દી વર્ષ તરીકે ઉજવવામાં આવનાર છે

તેવા મહત્વ પૂર્ણ સમયે ભાવના જોશીપુરાને રાષ્ટ્રીય નેતૃત્વમા સ્થાન મળ્યું છે. ૧૯૨૬માં પણ વડોદરા રાજ્ય ના મહારાણી ચીમનાબાઈ ગાયકવાડે રાષ્ટ્રીય નેતૃત્વ કર્યુંહતું અને ૨૦૨૬માં પણ ગુજરાત પાસે આ ઉત્તરદાયિત્વ આવ્યું છે. ૨૦૧૮ ની સાલમાં ભાવના જોશીપુરાને કમિશનઓ ફસ્ટેટસઓફવુમન યુનાઈટેડ નેશન્સ અંતર્ગત કેનેડિયન વુમન ફેડરેશન દ્વારા સ્વાવલંબન પ્રવૃત્તિ તેમજ પડકારોને તકમાં કેવી રીતે પરિવર્તિત કરી શકાય તેવા વિષયને લઈને અમેરિકા ખાતે નિમંત્રણ પણ મળ્યું હતું, ભાવના જોશીપુરા વર્તમાનમાં બાર એસોસિએશન ઓફ ઈન્ડિયાના ગુજરાતમાંથી કારોબારી સભ્ય તરીકે રાષ્ટ્રીય કક્ષાએ જવાબદારી સંભાળી રહેલ છે

અને ઈન્ડિયનલો ઈન્સ્ટિટયૂટના લાઈફ મેમ્બર પણ છે.

ભાવના જોશીપુરા, હરગંગાબેન દેસાઈના માધ્યમથી ૧૯૯૫ની સાલમાં અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટ શાખામાં જોડાયા હતા અને પ્રથમ રાજકોટના મંત્રી, પછીથી અધ્યક્ષ તેમજ છ વર્ષ સુધી પશ્ચિમ ભારતના ઝોનલ ઓર્ગેનાઈઝર તથા રાષ્ટ્રીય કક્ષા એમેમ્બર ઈન્ચાર્જ લીગલ, સોશિયલજસ્ટિસ સહિત વિવિધ ઉત્તરદાયિત્વ સફળતા પૂર્વક વહન કર્યું છે તેમજ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે પણ ચૂંટાયા હતા.

# દાહોદની વિધવા વૃધ્ધા માટે સિવિલ હોસ્પિટલ બની આશિર્વાદરૂપ

## સિવિલમાં સફળ સારવાર બાદ હવે મૂળીના શિવાલય આશ્રમમાં વૃધ્ધાને મળ્યો કાયમી આશરો

**અબતક રાજકોટ**

કહેવાય છે કે સેવા એ જ પરમો ધર્મ છે, અને આ વાક્યને રાજકોટની સિવિલ હોસ્પિટલે અક્ષરશઃ સાર્થક કરી બતાવ્યું છે. અમદાવાદ હાઈવે પર સાત હનુમાન પાસે નિરાધાર હાલતમાં જીવન ગુજારતા સવિતાબેન નવલભાઈ મોરાણા માટે સિવિલ હોસ્પિટલ માત્ર સારવારનું કેન્દ્ર નહીં, પણ પુનર્જન્મનું નિમિત્ત બની છે. પૈસા કે ઓળખાણ વગરના આ દર્દી માટે હોસ્પિટલનો સ્ટાફ જ તેમનો પરિવાર બન્યો હતો.

મૂળ દાહોદના લીમખેડાના વતની અને ત્રણ વર્ષ પહેલાં પતિના અવસાન બાદ સૌરાષ્ટ્રમાં મજૂરી અર્થે આવેલા



સવિતાબેનની માનસિક સ્થિતિ કથળતા તેઓ રઝળતું જીવન જીવવા મજબૂર બન્યા હતા. અચાનક તબિયત બગડતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા. અહીં તેમની પાસે નહોતા પૈસા કે નહોતું કોઈ સગું-વહાલું, છતાં દર્દી એ જ પરમેશ્વરના ભાવ સાથે સર્જરી યુનિટ-૩ માં તેમની સારવાર શરૂ કરવામાં આવી.

સર્જરી વિભાગના એચઓડી ડો. જતીન ભટ્ટના માર્ગદર્શન હેઠળ એક આખી ટીમ સવિતાબેનની વહારે આવી. જેમાં એપી ડો. ભાવેશ વૈષ્ણાની, ડો. સંજય વાઘેલા, સિનિયર રેસિડેન્ટ ડો. વિદિત, ડો. રીતુ તેમજ રેસિડેન્ટ ડો. જય ચોથાણી, ડો. ઓમ અને ડો. રિશુ કુમારે દિવસ-રાત એક કરીને તેમની સારવાર કરી. માત્ર દવા જ નહીં, પણ સેવાનું પણ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા વોર્ડ ઈનચાર્જ જ્યોતિબેન ડોબરિયા અને સર્વન્ટ સ્ટાફે સવિતાબેનને જમાડવાથી માંડીને નવડાવવા અને કપડાં બદલાવવા સુધીની તમામ જવાબદારી એક દીકરીની જેમ નિભાવી હતી.

હોસ્પિટલની હેલ્પ ડેસ્ક ટીમે સવિતાબેન સાથે આત્મીયતા કેળવી તેમની વિગતો મેળવી હતી. જેમાં જાણવા મળ્યું કે તેઓ અગાઉ મોરબી પાસે ભાગિયા તરીકે કામ કરતા હતા. હેલ્પ ડેસ્કની સક્રિયતાને કારણે સુરેન્દ્રનગરના મૂળી સ્થિત શિવાલય આશ્રમના નીતાબેન જાનીનો સંપર્ક કરાયો, જેમણે સવિતાબેનને કાયમી આશરો આપવાની ખાતરી આપી માનવતાનું વધુ એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. મોનાલી માકડીયા, આરએમઓ ડો. હર્ષદ દુસરા અને એચઆર મેનેજર ભાવનાબેન સોનીના કુશળ સંચાલન હેઠળ રાજકોટ સિવિલ હોસ્પિટલ આજે ગરીબ અને નિરાધાર દર્દીઓ માટે આશાનું કિરણ બની છે. અહીં ગરીબી સારવારમાં ક્યારેય અડચણ બનતી નથી, તે આ કિસ્સાએ સાબિત કરી દીધું છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં માત્ર દવા નથી મળતી, અહીં દયા અને માનવતાના દર્શન પણ થાય છે. સવિતાબેન જેવી વ્યક્તિ માટે આ હોસ્પિટલ માત્ર ઈમારત નથી, પણ એક આશીર્વાદ છે.''

# સરસ્વતી શિશુ મંદિર ખાતે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત સરસ્વતી શિશુમંદિર રણછોડનગર ખાતે આગામી બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ માતૃ-પિતૃ વંદના સાથે મોટિવેશનલ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વાલી પંડિત રગનેશભાઈ જાની દ્વારા વિધિવત પૂજન કરાવવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું પૂજન કરી તેમના આશીર્વાદ લીધા હતા. માતા-પિતા દ્વારા વિદ્યાર્થીઓને રક્ષાપોટલી બાંધી પરીક્ષામાં ઝળહળતી સફળતા મળે તેવા આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. પરીક્ષાના તણાવને દૂર કરવા માટે ડો. કલ્યાણીબેન રાવલ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી વિશેષ માર્ગદર્શન પૂરું પાડી પ્રોત્સાહિત



કરવામાં આવ્યા હતા. સરસ્વતી શિશુમંદિર ખાતે બોર્ડના વિદ્યાર્થીઓ માટે માતૃ-પિતૃ વંદના સાથે યોજાયેલા મોટિવેશનલ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર, કોષાધ્યક્ષ ખંતિલભાઈ મહેતા અને ટ્રસ્ટી સમીરભાઈ પંડિતએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## જંગલેશ્વર મેગા ડિમોલીશન

# ગુનેગારોના આઠ કિંમતી મકાનો, ૯૭ ઓરડી, ત્રણ દુકાન, ત્રણ હજાર સ્કવેર ફૂટનો વંડો ધ્વસ્ત

### કુખ્યાત રમા સંધી, જાવેદ જૂણેજા, સમીર ઉર્ફે મુરઘો, સમીર ઉર્ફે સંજલા સહીત ૧૧ નશાના સોદાગરો અને હિસ્ટ્રીશીટરોની મિલકતની તપાસ કરી બુલડોઝર ફેરવી દેવાયું

### જંગલેશ્વરમાં ગેરકાયદે ઓરડીઓ ખડકી ભાડાની આવક કરી ગુનાખોરીનું નેટવર્ક ચલાવતા અસામાજિક તત્વોની કમર તોડી નખાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટના ઐતિહાસિક જંગલેશ્વર ડિમોલીશનના પ્રથમ દિવસે ૧૧૩૪ મકાનો તોડી પડાયા હતા જયારે આ કામગીરી આજે પણ અવિરત ચાલુ રખાઈ હતી. ત્યારે પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, કેટલાંક કુખ્યાત શખ્સોની મિલકત પણ ડિમોલેટ થઈ છે. જે જંગલેશ્વરમાં ઓરડીઓ ભાડે આપી કમાણીમાંથી ગુનાખોરીના નેટવર્ક ઉભા કરાયાનો પણ ધડાકો થયો છે.

કુખ્યાત રમા સંધી અને તેના પરિવારે દારૂ, ગાંજો સહિતના ગેરકાયદેસર ધંધા કરી જંગલેશ્વરને જંગલ બનાવી દિધું હોવાનો પણ ઘટસ્ફોટ પોલીસની તપાસમાં સામે આવ્યું છે. જેમાં રમા સંધીએ જ પોતાના ત્રણ પાકા મકાનની બાજુમાં ૪૮ ઓરડીઓ બનાવી ભાડે આપી દીધી હતી. જ્યારે તેના પતિ જાવેદ જુસબ જુણેજા તેમજ સમીર ઉર્ફે મુરઘો, સમીર ઉર્ફે સંજલાએ પણ અનેક ઓરડીઓ બનાવી ભાડાની આવકમાંથી ગુનાખોરી આચરતાં હોવાનું ખુલ્યું છે. જેમાં કુખ્યાત ૧૧ શખ્સોની પોલીસે ક્રાઈમ કુંડળીની સાથે મિલકતની પણ તપાસ કરી હતી. જેમાં કુલ ૮ કિંમતી મકાનો, ૯૭ ઓરડીઓ, ૩ દુકાનો અને ૩ હજાર સ્કવેર ફૂટ વંડા પર બુલડોઝર ફરી વળ્યું હતું. જે અંગે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, આજે બપોર સુધીમાં ૧૩૦૯ મકાનો પર બુલડોઝર ફરી વળ્યા છે, જેમાં ૧૧ જેટલા આરોપીઓના મકાન પણ ડીમોલેશન થયેલ છે, જેમાં દારૂ, ગાંજો, ચરસ, જુગાર કલબ તેમજ હિસ્ટ્રીશીટરોના મકાનનો પણ સમાવેશ થાય છે, આ આરોપીઓ પહેલા પોતાને રહેવા માટે મોટા મોટા મકાનો ગેરકાયદેસર રીતે બનાવી તેની બાજુમાં ઓરડીઓ બનાવી નાખતા હતા અને તે તમામ ઓરડીઓ વર્ષોથી ભાડે આપી દીધેલ હતી. જેમાંથી થતી આવકમાંથી તેઓએ ગુનાખોરીનું સામ્રાજ્ય ઉભું કરી જંગલેશ્વરને જંગલમાં જ તબદીલ કરી નાંખ્યું હોય તેવું ચિત્ર સામે આવ્યું હતું. જે જોતા પોલીસે પણ આરોપીઓની ક્રાઈમ કુંડળીની સાથે સાથે ગેરકાયદેસર મિલકત અંગે પણ તપાસ કરી હતી. જેમાં સૌથી મોટી મિલકત કુખ્યાત રમા સંધીની તૂટી છે જેમાં તેના ત્રણ મોટા મકાનો, ૪૮ ઓરડીઓ અને ૩ હજાર સ્કવેર ફૂટ વંડાનો સમાવેશ થાય છે.

### કોની કોની મિલ્કતો કાટમાળમાં ફેરવાઈ?

જંગલેશ્વરના ડિમોલીશનમાં કુખ્યાત રહેમત ઉર્ફે રમા જાવીદ જુણેજા જે જંગલેશ્વર વિસ્તારને ગુનાખોરીમાં ધકેલનાર મુખ્ય સૂત્રધાર કહેવાય છે, જે વર્ષોથી જુગાર કલબ અને દારૂ-ગાંજાનું મોટું નેટવર્ક ચલાવે છે. તેમના પણ ત્રણ મકાનો અને ૪૮ ઓરડીઓનું ડીમોલેશન થયું છે.

સમીર ઉર્ફે સંજય ઉર્ફે સંજલો જાવીદ જુણેજા જે ૧૨ ગુનામાં સંડોવાયેલા છે અને હાલ ગુજસીટોક એકટમાં જેલમાં છે તેમની પણ ૧૬ ઓરડીઓ તોડી પડાઈ છે.

ગુજસીટોકનો આરોપી કુખ્યાત અને હિસ્ટ્રીશીટર સમીર ઉર્ફે મરઘો યાસીન પઠાણની ત્રણ ઓરડીઓનો સમાવેશ થાય છે, જે આરોપી કુલ ૧૪ ગુનામાં સંડોવાયેલ અને બે વખત પાસામાં પણ જેલમાં જઈ આવેલ છે. હાલમાં જ મંગળા રોડ ઉપર ફાયરિંગમાં તે આરોપી હોય અને હાલ તે ગુજસીટોક એકટમાં જેલમાં છે.

૧૭ ગુનામાં સંડોવાયેલા આશિષ ઉર્ફે ગંધારાનું ૧ મકાન, હિસ્ટ્રીશીટર દિનેશ જીવા વાળાની એક ઓરડી પણ ધરાશાયી થઈ છે. જાવીદ જુસબ જુણેજા જે રમા સંધીનો પતિ અને એનડીપીએસ પેડલર છે, તેની પણ ૮ ઓરડીઓ તોડી પડાઈ હતી.

ઉપરાંત બુટલેગર તોસિફ ઉર્ફે બાધો અસીમ ઉમરેટિયાનું એક મકાન અને ૮ ઓરડીઓ, બુટલેગર અસીમ હાજી ઉમરેટિયાનું એક મકાન અને ૧૨ ઓરડીઓ, ટપોરી ઈમરાન ઉર્ફે ટીકડો અસીમ ઉમરેટિયાનું એક મકાન, એક દુકાન, તેમજ ટપોરી તનવીર ઉર્ફે તનિયો રફીક શિશાંગીયાનું એક મકાન, એક દુકાન તેમજ બુટલેગર વિનુ કમા શીંઘવની એક ઓરડી અને એક દુકાન પણ પાડી નાંખવામાં આવી છે.

# લીંબડી પાસે કંડકટરે ચાલુ બસે મહિલાને ધક્કો માર્યો!

### રાજકોટથી ભાણેજના જન્મદિવસ માટે સુરત જતી હતી ત્યારે, સીટ બાબતે કંડકટરે ઝઘડો થતા ધક્કો માર્યાનો મહિલાનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

રાજકોટથી સુરત જઈ રહેલી એસટી બસમાં સીટ બાબતે રાજકોટના જંગલેશ્વર વિસ્તારની મહિલાને બસના કંડકટરે લીંબડી પાસે ચાલુ બસે ધક્કો મારી નીચે પાડી દેતા ચકચાર મચી ગઈ છે. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, રાજકોટના જંગલેશ્વર શેરી નંબર ૧૨ માં રહેતા માયાબેન રાજુભાઈ નિશાળ (ઉં.વ. ૩૦) ગઈકાલે રાત્રે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ભાણેજના જન્મદિનની ઉજવણીમાં સામેલ થવા માટે બસમાં બેસી સુરત જઈ રહ્યા હતા. મુસાફરી દરમિયાન બસમાં કોઈ અજાણ્યા શખ્સ સાથે સીટ બાબતે બોલાચાલી થઈ હતી. માયાબેને હોસ્પિટલના બિછાનેથી આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સીટ બાબતે થયેલી માથાકૂટમાં કંડકટર પણ વચ્ચે પડ્યો હતો. લીંબડી ગામ પાસે પહોંચતા કંડકટરે ઉશ્કેરાઈ જઈને તેમને ચાલુ બસે ધક્કો મારી દીધો હતો. રોડ પર પટકાતા માયાબેનને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે માયાબેન મૂળ ઉત્તર પ્રદેશના વતની છે અને હાલ રાજકોટમાં રહે છે. તેમના પતિ છત ભરવાનું (કોંક્રિટિંગ) કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. બનાવની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને મહિલાનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી હતી. મધરાતે બનેલી આ ઘટનામાં ખરેખર કયા કારણોસર વિવાદ વકર્યો અને કંડકટરે ધક્કો માર્યો તો? કે કેમ? તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# લોધિકાના પારડીમાં મામાના ઘરે બાળકનું પાણીના ટાંકામાં પડી જતાં મોત

### ત્રણ વર્ષનો માસૂમ ગુમ બાદ શોધખોળ કરતા ઘર પાસે પાણીના ટાંકામાંથી મૃત હાલતમાં મળ્યો!

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના પારડી ગામે મામાના ઘરે રહેતા ત્રણ વર્ષના માસૂમ બાળકનું ઘર પાસેના ખાલી પ્લોટમાં રમતા-રમતા પાણીના ટાંકામાં પડી જવાથી મોત નીપજ્યું છે. પરિવારનો એકનો એક લાડકવાયો પુત્ર ગુમાવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ચોટીલાના ભેટુડા ગામમાં રહેતા પ્રભાતભાઈ લાખાભાઈ પરમારના પત્ની છેલ્લા આઠ મહિનાથી રિસામણે હોવાથી પોતાના પિયર પારડી ગામે રહેતા હતા. તેમની સાથે તેમનો ૩ વર્ષનો પુત્ર આયુષ પ્રભાતભાઈ પરમાર પણ મામાના ઘરે જ હતો. ગઈકાલે સાંજે ૫ વાગ્યાની આસપાસ આયુષ ઘરની પાસે આવેલા ખાલી પ્લોટમાં રમી રહ્યો હતો. રમતા-રમતા તે અચાનક પ્લોટમાં આવેલા પાણીના ટાંકામાં પડી ગયો હતો. બાળક લાંબો સમય ન દેખાતા પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આયુષ પ્લોટના ટાંકામાંથી મળી આવતા તેને તાત્કાલિક સારવાર માટે શાપર હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક આયુષ પ્રભાતભાઈનો એકનો એક પુત્ર હતો. પિતા પ્રભાતભાઈ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. આઠ મહિનાથી માવતરે રહેતા પુત્રના મોતના સમાચાર મળતા જ પિતા અને મોસાળ પક્ષમાં શોક વ્યાપી ગયો છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# શાપર(વે.)માં નોનવેજની પાર્ટીમાં પ્રૌઢ પર પાઈપ વડે હુમલો : માથું ફોડી નાખ્યુ

**અબતક, રાજકોટ**

શાપર(વે.)માં નોનવેજની પાર્ટીમાં પ્રૌઢ પર લોખંડના પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો. અગાઉ જમવા બેસી ગયેલ શખ્સને સાથે જમવાનું કહેતા તેણે ઉશ્કેરાઈ પ્રૌઢનું માથું ફોડી નાખ્યું હતું. હુમલામાં ઘવાયેલા પ્રૌઢને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડાયા હતા. બનાવ અંગે શાપર(વે.) પોલિસે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે મૂળ વંથલીના રહેવાસી અને હાલ શાપર(વે.) મફતીયાપરામાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢ પ્રવિણભાઈ પાલાભાઈ સોંદરવાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રામદેવનગરમાં રામાપીર મંદિર નજીક રહેતો રામો ઉર્ફે અલ્પેશ વજુભાઈ જાદવનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૩-૦૨ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના વખતે હું મારા ઘરે હતો. ત્યારે મારા મકાનમાં ભાડે રહેતા રણજીતભાઈ અશ્વીનભાઈ પરમાર તેમની સાથે એક ભાઈને લઈને મારા ઘરે આવેલ અને મને કહેલ કે, આ મારા મિત્ર રામો ઉર્ફે અલ્પેશભાઈ વજુભાઈ જાદવ છે અને આજે આપણે બધાએ સાથે જમવાનું છે. રણજિતભાઈ ગામમાં હોટલે રોટલો લેવા ગયેલ અને મે તેમજ રામો ઉર્ફે અલ્પેશભાઈએ નોનવેજનું શાક બનાવ્યું હતું. બપોરના બે વાગ્યે રણજીતભાઈ રોટલા લઈને પરત આવતા અમે જમવા બેસવાના હતા પરંતુ રામો પોતાની રીતે એકલા એકલા જમવા લાગતા મે તેને બધાની સાથે જમવાનું કહેતા તેને આ બાબત સારી ન લાગી હતી. જે બાદ રામો એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મને ગાળો આપવા લાગેલ હતો. મેં ગાળો આપવાની ના પાડતા રામાએ મારા ઘરમાં પડેલ લોખંડના પાઈપ વતી મને માથામાં બે ઘા મારી દીધા હતા. ત્રીજો ઘા માથામાં મારવા જતા મે મારો જમણો હાથ આડો રાખતા મને જમણા હાથમાં ઘા વાગ્યો હતો. જેથી મને માથા અને હાથમાંથી લોહી નીકળવા લાગેલ હતું. બાદ રામો ત્યાંથી નાસી ગયેલ હતો.ત્યારબાદ ઘર સામે આવેલ કારખાને પ્રૌઢનો પુત્ર રાહુલ કામ કરતો હોય તેને બનાવની જાણ થતાં તે પિતાને ૧૦૮ એમ્બયુલન્સમાં પ્રથમ શાપર સરકારી હોસ્પિટલ અને ત્યાંથી રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા પ્રૌઢને માથાના ભાગે ૧૦ ટાકા અને હાથમાં છ ટાકા આવેલ હતા. જે બનાવ મામલે પ્રૌઢએ હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા શાપર પોલિસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

# એઆઈ સમીટમાં કોંગ્રેસ કાર્યકર દ્વારા કરાયેલા નિર્લજ્જ પ્રદર્શનના વિરૂધ્ધમાં ભાજપે કર્યા સુત્રોચ્ચાર

### શહેર યુવા ભાજપ મોરચા દ્વારા કોંગ્રેસ કાર્યાલય સામે કર્યું પ્રદર્શન

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર વિશ્વ એઆઈ ટેકનોલોજીથી માહિતગાર થાય અને તે માટે નવી દિલ્હીમાં એઆઈ સમીટ ચાલી રહી છે, તેનું દેશને ગૌરવ છે. આ ગૌરવવંતી ક્ષણમાં સમગ્ર દેશની સાથે રહેવાને બદલે કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રદર્શનના માધ્યમથી દેશની છબી બગાડવાનો ખરાબ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ દેશ વિરોધી કૃત્યને રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટી શહેર યુવા મોરચા પ્રમુખ મીલન લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુ રાજ્યગુરૂની



આગેવાનીમાં શહેર ભાજપના તમામ કાર્યકર્તાઓ દ્વારા કોંગ્રેસ અને રાહુલ ગાંધી વિરૂધ્ધ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ તકે રાજકોટ શહેર યુવા મોરચા પ્રમુખ મીલન લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુ રાજ્યગુરૂ, વિવિધ શહેર મોરચાના પ્રમુખ, મહામંત્રી સહિત પૂર્વ મોરચાના પ્રમુખ, મહામંત્રી સહિત ભાજપ કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### કેનેડા - ભારત...

સાબિત થઈ શકે તેમ છે ભારત અને કેનેડા એક વ્યાપક આર્થિક ભાગીદારી કરાર માટે ફ્રેમવર્ક તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.ભારતની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે કેનેડા પાસેથી યુરેનિયમ મેળવવા માટેના ૧૦ વર્ષના લાંબાગાળાના કરાર પર હસ્તાક્ષર થવાની પ્રબળ શક્યતા છે.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સંરક્ષણ અને સેમિકન્ડકટર જેવા ક્ષેત્રોમાં નવી ભાગીદારીની જાહેરાત થઈ શકે છે.

કેનેડાના પીએમ ઓફિસે જણાવ્યું છે કે, ''વિશ્વમાં વધી રહેલી અસ્થિરતા વચ્ચે કેનેડા ભારત જેવા મજબૂત ભાગીદારો સાથે મળીને પોતાની અર્થવ્યવસ્થાને વધુ સ્થિતિસ્થાપક બનાવવા માંગે છે.'' આ મુલાકાત દ્વારા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષા અને સમૃદ્ધિના નવા દ્વાર ખુલશે.

### એર એમ્બ્યુલન્સ ક્રેશ...

હોવાથી રાંચીની દેવકમલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. પરિવારજનો વધુ સારી સારવાર માટે તેમને એર એમ્બ્યુલન્સ દ્વારા દિલ્હી લઈ જઈ રહ્યા હતા, તે દરમિયાન આ કમનસીબ ઘટના બની હતી.

ચતરાના ડેપ્યુટી કમિશનર કીર્તિશ્રી જી. એ પુષ્ટિ કરી છે કે બચાવ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે 'એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો'ની ટીમ આ દુર્ઘટનાના ચોક્કસ કારણોની તપાસ કરશે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંપઈ સોરેને પણ આ ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

### ખાનગી બેંકો...

ડિરેક્ટર અને સીઈઓ વી. વૈદ્યનાથને સ્પષ્ટતા કરી છે કે આ સમસ્યા માત્ર ચંદીગઢની એક જ બ્રાન્ચ પૂરતી સીમિત છે અને તેમાં કોઈ સિસ્ટમ લેવલની ખામી નથી. બેંકે ફોરેન્સિક ઓડિટ માટે કેપીએમજી ની નિમણૂક કરી છે. આ ઉપરાંત, જે અન્ય બેંકોના ખાતાઓમાં કૌભાંડના પૈસા ટ્રાન્સફર થયા છે, તે ખાતાઓને ફ્રીઝ કરવા માટે પણ અન્ય બેંકોને વિનંતી મોકલી આપવામાં આવી છે. બીજી તરફ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ પરિસ્થિતિ પર નજર રાખી છે અને જણાવ્યું છે કે આનાથી બેન્કિંગ સિસ્ટમ પર કોઈ મોટું જોખમ નથી.

ખાનગી બેંકોના બિઝનેસ મોડલ પર અસર

ખાનગી બેંકો માટે સરકારી વિભાગોની થાપણો હંમેશા 'કાસા' રેશિયો જાળવી રાખવા માટેનો એક મોટો અને આકર્ષક સ્રોત રહી છે. આ પ્રકારના 'લો-કોસ્ટ ફંડ્સ' એટલે કે સસ્તા ભંડોળના આધારે જ બેંકો ગ્રાહકોને સ્પર્ધાત્મક દરે ધિરાણ આપી શકે છે. પરંતુ હરિયાણા સરકારના આકરા પગલાં બાદ હવે અન્ય રાજ્યોની સરકારો અને સરકારી સંસ્થાઓ પણ ખાનગી બેંકોમાં રહેલી પોતાની થાપણો અંગે સતર્ક બની છે. જો આ ટ્રેન્ડ આગળ વધશે અને વધુ સરકારી ફંડ્સ પાછા ખેંચાશે, તો ખાનગી બેંકો માટે ભંડોળ એકત્ર કરવાનું મોંઘુ બનશે, જેની સીધી નકારાત્મક અસર તેમના નફાના માર્જિન પર પડશે.

(ચોથા પાનાનું ચાલું)

### સર્વમંગલ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ...

બનાવવા ટ્રસ્ટી મંડળ ના પ્રમુખ પ્રવિણભાઈ સખીયા, ઉપપ્રમુખ કિશોરભાઈ સોજીમા, ટ્રસ્ટી રાજનભાઈ સખીયા, પંકજભાઈ સખીયા, કીર્તિકુમાર ચૌડાણ,રાજુભાઈ ઓડેદરા, સંજયભાઈ જોશી, પરાગભાઈ વિરડીયા, યોગેશભાઈ સાકરીયા, પરેશભાઈ પીપળીયા, અનિલભાઈ માવાણી, તારકભાઈ ગજેરા, કલ્પેશભાઈ સેલડીયા તેમજ સંયોજક રમેશભાઈ રીબડીયા સહિત સમગ્ર ટ્રસ્ટી મંડળ જહેમત ઉઠાવી રહ્યું છે. આ સમારોહ દરમિયાન ઈમરજન્સી સારવારની સુવિધા માટે ગિરિરાજ હોસ્પિટલની નિષ્ણાંત ડોકટરોની ટીમ હાજર રહેશે.

આ ઉપરાંત સેવાના સારથિ એવા ભુષણ સખીયા, ભરતસિંહ ચુડાસમા, ગજેન્દ્રસિંહ ચુડાસમા, રણજીતભાઈ વિરડીયા, હાર્દિકભાઈ શેલડીયા, મીરાતભાઈ કોઠીયા, વિનુભાઈ ગાધેર, જીજ્ઞેશભાઈ ગૌસ્વામી, બિરજુભાઈ કીકાણી, સલીમભાઈ વિકયાણી, બકુલભાઈ સખીયા, રમેશભાઈ સખીયા, પ્રકાશભાઈ વેકરીયા, વિજયભાઈ ટાંક, મનિષભાઈ ઝાલાવડીયા, શ્રુતીકભાઈ પીપળીયા, ઉત્તમભાઈ પેઢડીયા સહિતના લોકો પોતાની અમૂલ્ય સેવા આપી સહયોગ આપે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વંદે માતરમ...

વિશ્વ આખાને બતાવી દીધી છે

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વંદે માતરમ ગીતની રચનાના ૧૫૦ વર્ષની દેશવ્યાપી ઉજવણીથી દેશના મહાન નાયકોનું પૂણ્ય સ્મરણ અને ભારત માતાની વંદના કરવાનો આપણને પુનઃ અવસર આપ્યો છે તેમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું.

વંદે માતરમ એ ગાન નથી આપણી આન, બાન અને શાન છે. આઝાદીના મહાયજ્ઞની આહુતિ છે. રાષ્ટ્રભક્તિની આહલેક છે. વિકાસની સતત ધબકતી અણનમ ઓળખ છે. પ્રજા જીવનની દરેક પ્રભાતની પ્રબુદ્ધ ચેતનાનો સ્વર છે એવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાની એક કાવ્ય રચનામાં વ્યક્ત કરેલી વંદે માતરમ પ્રત્યેની અટલ શ્રદ્ધા અને રાષ્ટ્ર ભાવનાનું પણ ગૌરવસહ સ્મરણ પણ મુખ્યમંત્રીએ સભાગૃહમાં સભ્યોના વંદેમાતરમના નારાના ગુંજારવ સાથે કર્યું હતું.

### જળ સંચયનું મહા અભિયાન...

અલ્પેશભાઈ ઠાકોર અને રીટાબેન પટેલ, ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ગૌરાંગભાઈ, શહેર ભાજપ પ્રમુખ આશિષ દવે, જળ સંપત્તિ સચિવ પી.સી. વ્યાસ, અધિક સચિવ એમ.ડી. પટેલ અને ગાંધીનગર મ્યુનિસીપલ કમિશનર વાઘેલા વરિષ્ઠ અધિકારીઓ તથા ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા.

### એમએસએમઈ યુનિટસ સર્ટિફાઈડ...

નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત સતત પાંચમી વાર 'બેસ્ટ પરફોર્મર' રહ્યું છે. વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ દરમિયાન ૨ લાખથી વધુ સરકારી જગ્યાઓ ભરવાનું ૧૦ વર્ષનું 'ભરતી કેલેન્ડર' જાહેર કરાયું છે. ડિસેમ્બર સુધીમાં ૧૨૬૮ ભરતી મેળાઓ દ્વારા ૭૨,૧૨૮ યુવાનોને રોજગારી મળી છે.

ખેડૂતો વિશે વાત કરતા તેમણે કહ્યું કે, હવે ગુજરાતમાં 'ટેન્કર રાજ' નહીં પણ 'નર્મદા રાજ' છે. 'કિસાન સૂર્યોદય યોજના' દ્વારા દિવસે વીજળી અને ૬૦ લાખ ખેડૂતોના ખાતામાં 'પીએમ કિસાન નિધિ' હેઠળ સન્માન સાથે સીધા નાણાં જમા થઈ રહ્યા છે. તાજેતરમાં જ કુદરતી આફત સમયે રાજ્ય સરકારે ૧૧,૦૦૦ કરોડનું ઐતિહાસિક રાહત પેકેજ આપી ખેડૂતોનો હાથ પકડ્યો છે અને સરકાર ખેડૂતોની પડખે ઊભી રહી છે.

હર્ષ સંઘવીએ વિપક્ષના નકારાત્મક વલણની ટીકા કરતા ઉમેર્યું હતું કે, વિરોધ પક્ષ માત્ર 'વિરોધની રાજનીતિ' જાણે છે જ્યારે ભાજપ સરકાર 'વિકાસની રાજનીતિ' માં માને છે. ગુજરાતની વિકાસયાત્રા 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્ર સાથે અવિરત ચાલુ રહેશે.

### જુનાગઢ...

રૂ. ૭૫.૫૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે પણ રૂ. ૨.૬૫ કરોડથી વધુનું અનુદાન મળવાની અપેક્ષા છે, સામાજિક કલ્યાણ માટે રૂ. ૧૦ લાખ અને અન્ય પરચુરણ ખર્ચ માટે રૂ. ૨૦.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતના બજેટમાં માનવીય અભિગમ અપનાવી, દુર્ઘટનાઓમાં ભોગ બનેલાના પરિવારો માટે સહાયની જાહેરાત કરવામાં આવી છે. થોડા વર્ષો પૂર્વે જામકાની હાઈસ્કૂલમાં સર્જાયેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનાર બે વિદ્યાર્થીઓના પરિવારજનોને રૂ. ૪.૫ લાખની આર્થિક સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ભેસાણમાં ગત વર્ષે બનેલા બનાવમાં પણ રૂ. ૩૦ લાખની સહાય ચૂકવવામાં આવી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગઈકાલે જુનાગઢ જિલ્લા પંચાયત ખાતે મળેલી સામાન્ય સભાની બેઠક જિલ્લા પંચાયત પ્રમુખ હરેશ ઠુંમર અને જિલ્લા વિકાસ અધિકારી એચ.પી.પટેલની અધ્યક્ષતામાં મળી હતી.

### સરકારી કોલેજો...

હાથીજણ વિસ્તારમાં શરૂ થનારી નવી આર્ટસ, કોમર્સ અને સાયન્સની કોલેજમાં ૪ આસી. પ્રોફેસર સહિત કુલ ૧૧ જગ્યા મંજૂર કરવામાં આવી છે. આજ રીતે અન્ય ૭ કોલેજોમાં ૧૧ જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવી છે. આગામી દિવસોમાં આ જગ્યાઓ માટે જાહેરાત આપીને ઈન્ટરવ્યૂ ગોઠવવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે. જોકે, દરેક કોલેજોમાં પટ્ટાવાળાની કુલ ૧૩ જગ્યા આઉટસોર્સિંગથી ભરવામાં આવશે તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. મહત્વની વાત એ કે, તાજેતરમાં સરકારી કોલેજોમાં અધ્યાપકોની ભરતી માટે અધ્યાપક સહાયક તરીકે કામગીરી કરી હોય તે અનુભવને પણ ધ્યાનમાં લેવાની જાહેરાત કરવામાં આવી છે. આમ, નવા નિયમ પ્રમાણે ભરતીની પ્રક્રિયા કરવાની રહેશે.

### લીંબડી નજીક...

પાયે હેરાફેરી કરતા હોવાની સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું ને ધ્યાને આવતા સમગ્ર જિલ્લાના પોલીસ મથકો અને મહત્વની બ્રાન્ચને પેટ્રોલિંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે એલસીબીના સ્ટાફ દ્વારા અમદાવાદ રાજકોટ ધોરીમાર્ગ પર આવેલા લીમડી નજીક વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે લીમડી સાયલા માર્ગ પર આવેલ પરશુરામ ધામ નજીક પાર્ક કરેલા આરજે ૩૨ જીબી ૩૮ ૮૨ નંબરના કન્ટેનરમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની કોન્સ્ટેબલ કુણાલસિંહ ઝાલાને મળેલી બાતમીના આધારે સ્ટાફ દ્વારા દરોળો પાડ્યો હતો. દરોડા દરમિયાન કન્ટેનરના ચોર ખાનામાં છુપાવેલો રૂપિયા ૯૨.૭૩ લાખની કિંમતના ૨૦૭૩૬ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે દારૂ અને વાહન મળી રૂપિયા ૧.૧૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે પોલીસે કન્ટેનરના ચાલક અને માલિક અને દારૂનો જથ્થો મોકલનાર તેમજ મંગાવનાર વિરુદ્ધ ગુનો નોંધી વિદેશી દારૂના મૂળ સુધી પહોંચવા ધમધમાટ આદરવામાં આવ્યો છે. એલસીબીએ સ્થાનિક પોલીસને અંધારામાં રાખી દરોડો પાડતા અનેકની ઊંઘ હરામ થઈ છે. હોળી ધુળેટી ના તહેવારો નજીક આવી રહ્યાં છે ત્યારે તહેવારો અને હોળાષ્ટક બાદ લગ્નગાળા માટે મંગાવાયેલો રાજસ્થાન થી વાયા અમદાવાદ થઈ સૌરાષ્ટ્ર માં ઘુસાડવામાં આવતો ઈંગ્લિશ દારૂ ભરેલુ મોટુ કંટેઈનર અટકાવી પોલીસે તલાશી લેતાઈંગ્લિશ નો જથ્થો મળી આવતા સૌરાષ્ટ્ર ભરના બુટલેગરો મા દોડધામ મચી જવા પામી છે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** સ્વ. જયંતિભાઈ નાનજીભાઈ પીસાવાડીઆ રાજકોટ નિવાસી (ઉ.વ.૮૩) તે મયંકભાઈ જયંતિભાઈ પીસાવાડીઆના પિતાનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાષ્ટ્રીય શાળા, યાજ્ઞીક રોડ પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. સ્નહેલતાબેન ગજાનનરાવ ચૌગુલે (ઉ.વ.૮૮) તે સ્વ. ગજાનનરાવ પાંડુરંગરાવ ચૌગુલે (નિવૃત રેલવે કર્મચારી) ના પત્ની, સ્વ. અનિલભાઈ નિવૃત નાગરીક બેંક કર્મચારી, સૌ. સુરેખાબેન, સૌ. નિર્મલાબેન, રાજુભાઈ સહયોગ પાન અને મનોજ ચૌગુલે ઓમ સાઈ એન્ટરપ્રાઈસના માતા, પાર્થ, પ્રશાંતના દાદીમાનું તા. ૨૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું પ્રાર્થના સભા તા. ૨૬ ને ગુરુવારે સાંજે ૫ થી ૬.૩૦ કલાકે ભીડભંજન મહાદેવ મંદિર, પરસાણા નગર શેરી નં.૭, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ.જનકભાઈ નરસિંહદાસ અડીએચા (ઉ.વ.૭૭), મુ.રાજકોટ, હાલ લંડનનું ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૬ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેઓ વનિતાબેનના પતિ, પિયુષભાઈ - કેતનભાઈ અને નિશાબેન બકરાણીયાના પિતા તેમજ સ્વ.મહેન્દ્રભાઈના નાનાભાઈ, કૌશિકભાઈ અને સ્વ.રમેશભાઈના મોટાભાઈ તેમજ સ્વ.ત્રિવેણીબેન નરશીભાઈ ધોરેચાના ભાઈ અને સ્વ.નાનજીભાઈ હંસરાજભાઈ પેસાવરીયાના જમાઈનું અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૬ ફેબ્રુઆરી-૨૦૨૬ને ગુરૂવારે વિશ્વકર્મા કેળવણી મંડળ, ભક્તિનગર સ્ટેશન પ્લોટ પાસે રાજકોટ ખાતે સાંજે ૪:૦૦ થી ૫:૩૦ દરમિયાન રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# "ત્રણ માત્રા વાળુ ૐ જ બ્રહ્મ અને બ્રહ્માંડનું પ્રતિનિધિ કે રૂપ છે"

## "હાલના વૈજ્ઞાનિક સંશાધનોથી મેળવેલા જ્ઞાનને ઋષિમુનીઓએ હજારો વર્ષ પહેલા અતિન્દ્રિય જ્ઞાન દ્વારા દર્શાવેલું છે"

### જીવનનું રહસ્ય

વેદાંતનું દાર્શનિક મહાત્મ અને ઉપયોગીતા વિશ્વમાં અજોડ છે. તેમાં જગતનું મુળ તત્વ અને બ્રહ્મ વિશે જે ઉંડાણથી સમજુતી આપેલ છે તે વિશ્વ આખાની કોઈ દાર્શનિક માન્યતામાં નથી. આ તત્વજ્ઞાનના અભ્યાસ માટે જુના જમાનામાં ઋષિમુનીઓનાં ગુરૂકુળમાં જઈને તપસાધના, સ્વાશ્રય સાથે જ્ઞાન પ્રાપ્ત કરવાનુ રહેતું.

ઋષિમુનીઓએ ઉપનિષદકાળમાં જે જ્ઞાન આપ્યું તેને આજના વૈશ્વીક, કોમ્પ્યુટર, અવકાશ અને અણુ પરમાણુનું જ્ઞાન પણ સીધી કે આડકતરી રીતે સમર્થન આપે છે. આશ્ચર્યની વાતતો એ છે કે હાલના વિજ્ઞાનનું જે જ્ઞાન પ્રાપ્ત થયું તે આધુનિક સંસાધનોને કારણે મેળવ્યુ છે, પરંતુ હજારો વર્ષ પહેલા ઋષિમુનીઓ એ હાલના પ્રકારનું જે જ્ઞાન આવા કોઈ સંશાધનો વગર આપેલું ! ખરી રીતે તો ઋષિમુનીઓએ આ જ્ઞાન તેમને આધ્યાત્મિક સાધના-ધ્યાન-સમાધી દ્વારા અતિન્દ્રિય શકિતથી મેળવ્યું હતુ.

દા.ત. ઋષિવેદવ્યાસજીએ મહાભારતના કુરૂક્ષેત્રનું યુધ્ધ અને ખાસ તો શ્રીમદ ભગવદગીતાનું જ્ઞાન વિશ્વને આપવા માટે કુરૂક્ષેત્રમાં જે જ્ઞાન ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને આપેલું તે હસ્તિનાપૂર (દિલ્હી)માં બેઠા બેઠા સંજયે જોઈ સાંભળીને મહારાજા ધુતરાષ્ટ્રને સંભળાવેલું ખરેખર તો ત્યારે વાયરલેસ, ટીવી, મોબાઈલ ફોન નહતા પણ ઋષિએ પોતે સાધનાથી મેળવેલી દિવ્ય દ્રષ્ટિ સંજયને આપતા સંજયે સમગ્ર મહાભારતનું યુધ્ધ અને શ્રીમદ ભગવદગીતા ભગવાન શ્રી કૃષ્ણના શ્રી મુખે જ સાંભળેલી, આમ આવું જ્ઞાન આધુનીક સંશાધનો સિવાય પણ આ પૌરાણિક સાધનો-આધ્યાત્મિક સાધના, ધ્યાન, સમાધી દ્વારા અતિન્દ્રિય શકિતથી પણ મેળવી શકાય છે. પરંતુ વિશ્વની આ ગ્લોબલ ઝડપી હરીફાયમાં આ ટુંકા જીવનમાં (ખાસ તો કાંઈ ત્યાગ કર્યા સિવાય) કોઈ આ રસ્તે જવા માગતુ નથી તે સહજ છે. પરંતુ આ વાસ્તવિકતા શાસ્ત્રો અને આધુનિક વિજ્ઞાનની સરખામણી કરતા આ સત્ય કેટલું વાસ્તવિક સત્ય અને આશ્ચર્યજનક છે તે તો જાણવું જ રહ્યું.

પ્રશ્નોપનિષદના વકતા ઋષિ પિપ્પલાદ છે.તેમની પાસે તે સમયે તત્વજ્ઞાનની જીજ્ઞાસા વાળા છ શિષ્યો તેમના પ્રશ્નો લઈને આવે છે.ઋષિ એ છ એ જણાને પોતાના બ્રહ્મચારી (શિષ્ય) તરીકે સ્વીકારીને કહ્યું કે આશ્રમમાં એક વર્ષ રહી શ્રધ્ધાપૂર્વક તપ (સાધના) કરવા અને વર્ષ પુરૂ થયે પ્રશ્નો પુછવા અને જો પોતાને જવાબ આવડતો હશે તોકહીશ એમ જણાવ્યું આ વાતચિત ઉપરથી એ ફલિત થાય છે કે તે યુગમા જ્ઞાન સાધનોનો કેટલોસાચો અને સરળ વ્યવહાર હતો!

વર્ષને અંતે છ પૈકીના એક શિષ્ય કાત્યાયને પ્રશ્ન પુછયો 'હે ભગવાન, આ વિશ્વમાં ઉત્પન્ન થતા પ્રાણીઓ કયાંથી જન્મ લે છે ?

ઋષિએ સિધ્ધો નિશ્ચિત જવાબ આપતા કહ્યું કે 'પ્રજાપતિએ પ્રજા ઉત્પન્ન કરી છે. આ વિશ્વમાં પ્રજા ઉત્પન્ન કરવાની પ્રજાપતીને ઈચ્છા થઈ ત્યારે તેણે તપ (સાધના) કર્યું અને તેની શકિત વડે એક યુગલ (જોડકુ) ઉત્પન્ન કર્યું તે યુગલમાં એક પ્રાણ અને બીજો રયિ નીકળ્યો. પ્રાણ પુરૂષનું અને રયિ સ્ત્રી સ્વરૂપ છે. આ સંસારથી અનેક પ્રકારના પ્રાણીઓ ઉત્પન્ન થશે. તેમાં સૂર્યએ પ્રાણ છે. અને ચંદ્રમાં રયિ છે. આધુનિક વિજ્ઞાન પણ કહે છે કે સૃષ્ટિની ઉત્પતિનું કારણ સૂર્ય છે. હાલનું વિજ્ઞાન કહે છે કે ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ છે અને પૃથ્વીમાંથી જ ઉત્પન્ન થયેલો છે. એટલે ચંદ્ર અને પૃથ્વીના પંચમહાભૂત (ભૌતિક તત્વો) સહજ રીતે સમાન જ હોય. સૂર્ય તો બંને વચ્ચે સામાન્ય જ છે ! સૂર્ય પોતાના કિરણો દ્વારા ચારેય દિશાઓમાં પ્રાણ તત્વ ફેલાવે છે.

હાલનું ઉત્ક્રાંતિવાદ વિજ્ઞાન એમ કહે છે કે પૃથ્વી ઉપર જીવનની ઉત્પતીની શરૂઆત જળ (ભૌતિક)માં સૂર્યના કિરણોની મદદથી અમીબા જેવા એક કોષિય સુક્ષ્મ જીવથી થઈ છે. અને તેમાંથી જ વિકાસ પામતા પામતા હાલના વિશાળ વિકસિત જગત-વનસ્પતિ-પ્રાણી સમુદાયો તેમાંથી ક્રમશઃ ઉત્ક્રાંતી પામતા બન્યા છે!





આ રીતે જીવોત્પતિ અંગે હાલનું વિજ્ઞાન જે કહે છે તે સદીઓ પહેલા ભલે થોડા જુદા સ્વરૂપે પણ મુળભૂત બાબતો તો એજ બતાવી ને તેનું મુળ કારણ રજૂ કરે છે. જે આધુનિક સંશોધન પછી અમલમાં આવેલા ઉત્ક્રાંતીવાદની થીઅરીની સમકક્ષ છે જે નોંધનીય છે.

બીજો પ્રશ્ન ભાર્ગવ વૈદર્ભિએ પુછયોઃ ભગવાન કેટલા દેવતાઓ આ પ્રજાને ધારણ કરે છે. અને તે સર્વ માં સૌથી મોટું કોણ?

ઋષિ પિપ્પલાદે ઉત્તર આપ્યોઃ- 'આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીએ વિરાટ દેવતાઓ છે, તેમના પ્રતિનિધિ વાણી, મન, ચક્ષુ, શ્રોત્ર અને પ્રાણ આ પાંચ શરીરમાં રહેલા દેવતા છે. એક વખત આ દેવતાઓ વચ્ચે ચડ ઉત્તર થઈ અને કહેવા લાગ્યાકે હું મોટો, હું મોટો અમેજ શરીરને ધારણ કરીએ છીએ. ઉપરાંત પૃથ્વી આકાશ અને તેની વચ્ચેનો ભાગ અમારા બળથી જ ટકી રહેલા છે. આ પ્રમાણે સૌ પોત પોતાની મોટાઈ કહેવા લાગ્યા, પ્રાણ (સૂર્ય)ના પ્રતિનિધિએ તેમને સમજાવતા કહ્યું 'અરે ભાઈ તમે ખોટા વિવાદમાં ન પડો, હું જ આ શરીરને ધારણ કરૂ છું.' પરંતુ વાણી વિગેરે ચારને પ્રાણની આ વાતમાં વિશ્વાસ બેઠો નહીં. આથી પ્રાણ શરીર છોડીને જવા લાગ્યો ત્યારે વાણી વિગેરેથી પણ શરીરમાં રહેવાયું નહી અને પરવશ પણે શરીરમાંથી બહાર નીકળવા લાગ્યા ત્યારે પ્રાણ શરીરમાં રહેતા, વાણી વિ. દેવતાઓ પોત પોતાના સ્થાનમાં સ્થિર થયા. આમ પ્રાણ જ સર્વ દેવતાઓમાં શ્રેષ્ઠ છે. આ પ્રાણ જ અગ્નિ, સૂર્ય, પર્જન્ય (મેઘ), વાયુ અને અમૃત છે.

ત્રીજા શિષ્ય કૌસલ્ય આશ્વલાયે પણ પ્રાણનો જ વિષય આગળ વધારતા બીજા છ પેટા પ્રશ્નો પુછયા જેનો જવાબ (સાર) ટુંકમાં એવો છેકે 'મનુષ્યનું ચિત્ત અથવા વિચાર જેવા બને છે, તેવા જ તેના પ્રાણ અથવા જીવન બને છે'

પ્રાણ પુરૂષ (જીવાત્મા)નું જેવું ચિત્ત હોય છે. તે અનુસાર ગતિ અથવા જીવન પ્રાપ્ત કરે છે. જયારે શરીરમાંથી પ્રાણ જાય ત્યારે શરીરમાં રહેલ તેજ અથવા અગ્નિને લઈ ને જાય છે. અને સાથે જ આત્માનું (પ્રાણી-જીવાત્માનું) જે પ્રકારે ચિત્ત (વાસના) હોય છે તેવા જ પ્રકારની યોનિને પ્રાપ્ત કરે છે.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

શિષ્ય સૌર્યાયણિ ગાર્ગ્યે ઋષિ પિપ્પલાદને ચોથો પ્રશ્ન પુછયો 'હે ભગવત ! સ્વપ્ન વખતે આ શરીરમાં કઈ શકિતઓ સૂઈ જાય છે. અને જાગૃત અવસ્થામાં કઈ શકિતઓ જાગતી રહે છે? સ્વપ્ન જોનારો દેવ કોણ છે? સુષુપ્તિ અવસ્થામાં સુખ અને આનંદનો સાથી કોણ છે? આ બધી અવસ્થાઓનો અંતિમ આધાર શું છે?

આ પાંચેય પેટા પ્રશ્નોના ઉત્તર આ પ્રમાણે છે (૧) નિંદ્રા સમયે ઈન્દ્રીયો મનમાં લીન થઈ જાય છે. (૨) જાગૃત અવસ્થા થતા શરીરના પ્રાણાગ્નિઓ (પ્રાણશકિતઓ) આ શરીર રૂપી નગરીમાં જ પોત પોતાના કાર્યોને માટે ફરી પ્રદીપ્ત થવા લાગે છે. (૩) સ્વપ્ન અવસ્થામાં કોઈ વિરાટ દેવ (આત્મદેવ) સત અને અસત, ભૌતિક અને પ્રાણિક (અર્થાત સ્થુળ અને સુક્ષ્મ) દરેક પ્રકારના અનુભવોને ગ્રહણ કરે છે. (૪) તે વિરાટ (આત્મદેવ) જ સુષુપ્તિ અવસ્થામાં સુખનો અનુભવ કરે છે. (૫) આ આત્મદેવ જ સમસ્ત ઈન્દ્રિયો અને પ્રાણોની ક્રિયાઓનો આધાર છે. તેજ મન, બુધ્ધિ, અહંકાર અને ચિતનો આશ્રય છે. તેને જ મનનો જાણનાર, મનનો સાક્ષી અને વિજ્ઞાનાત્મા (સર્વજ્ઞાનો) અનુભવોને ગ્રહણ કરનારો કહેવો જોઈએ. આ આત્મા જ જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિમાં કામ કરતી સર્વ ઈન્દ્રિયો-ઈન્દ્રિય દેવતાઓ, પ્રાણો તથા ભૂતોના એકમાત્રને એક માત્ર આધાર અક્ષર તત્વ છે.

શૈબ્ય સત્યકામ નામના શિષ્યે ઋષિ પિપ્પલાદને પાંચમો પ્રશ્ન પુછયો કે ઓમ (ૐ)કાર અને સંસારમાં પરસ્પર સામ્યતા શું છે?

આચાર્ય પિપ્લાદે આ પ્રશ્નના જવાબમાં સમજાવ્યું કે ૐ કારમાં ત્રણ માત્રા (અ.ઉ.મ.) વાળુ અને એક માત્રા વાળુ (ચૈતન્ય) એમ બે રૂપ છે. એક અપર છે. અને બીજુ પર છે. આ વિશ્વએ અપર રૂપ છે. અને બીજુ વિશ્વાતિત પરબ્રહ્મ (ચૈતન્ય) એ 'પર' રૂપ છે. જે ઓંકારનું સંપૂર્ણ તત્વ છે. જેમ ઓંકાર અથવા પ્રણવમાં ત્રણ માત્રાઓ છે તે પ્રમાણે જ સંસાર (વિશ્વ)માં પૃથ્વી, અંતરિક્ષ અને ધૌ (સ્વર્ગ અથવા આકાશ)આ ત્રણ લોક છે. અગ્નિ, વાયુ અને સૂર્ય એ ત્રણ તેમની સંચાલક શકિતઓ અથવા દેવતાઓ છે. સંસારમાં સર્વત્ર સમાન રૂપે રહેલ બ્રહ્મ (ચૈતન્ય)નું જ્ઞાન થાય તો બ્રહ્મલોકમાં ગતિ કરે અને તો જ સાક્ષાત્કાર -સાક્ષાત અનુભવ કરે છે. આ વિરાટ ચૈતન્ય પુરૂષ પરાત્પર (સૌથી મહાન) હોવા છતાં દેહ (શરીર)માં નિવાસ કરે છે. ઓંકારની ત્રણ માત્રાઓ મૃત્યુમતિ કહેવામાં આવે છે. કારણ કે તેમનાથી જ આ મૃત્યુ જગતનો બાહ્ય અને આંતરિક વ્યવહાર ચાલે છે. આ ત્રણ માત્રાઓથી પર જે શાંત, અજર, અમર, અભય અને અમૃત સ્થિતિ (ચૈતન્ય) છે તે જ ઓંકારની ત્રણ માત્રાઓથી પર એવું અમૃત સ્વરૂપ છે.

છઠ્ઠો અને છેલ્લો પ્રશ્ન સુકેશા ભારદ્વાજે પુછયો 'હે ભગવાન, કોશલ દેશના રાજકુમાર હિરણ્યનાભે મને પ્રશ્ન પુછયો છે કે ષોડશ (સોળ) કલા (અંશ) વાળા ષોડશી પુરૂષને તમે જાણો છો? આ પ્રશ્ન ઉપરથી આપણે વર્તમાન કાળની રાજકીય પરિસ્થિતિ અંગે સરખામણી કરીએ તો કહેવાતા વિકસિત આધૂનિક ગ્લોબલ યુગમાં રાજકરણીઓમાં ધર્મ તો ઠીક પરંતુ આવો જ્ઞાનમય પ્રશ્ન પુછવાની પણ કોઈ લાયકાત છે? આપણે કેવા નેતાઓને ચૂંટીને મોકલીએ છીએ? જેને પુરૂષ ભાષાકીય જ્ઞાન પણ નથી, સામાજીક જ્ઞાન પણ નથી પછી બુધ્ધિનો વિચાર કરીએ તો લગભગ રાજકારણીઓ ચિલાચાલુ, ખુરશી પ્રેમી જ હોય છે. આંવો પ્રશ્ન પુછી શકે તે જ ખરેખર શાસન કરવાને લાયક કહેવાય !

તો જુઓ પ્રશ્ન અને તેનો જવાબ સુકેશા આગળ કહે છે આચાર્ય ! મને આનો ઉત્તર આવડયો નહિ તો કૃપા કરીને બતાવો કે તે પુરૂષ કોણ છે?

ઋષિ પિપ્પલાદે જવાબ આપ્યો હે સૌમ્ય? આ શરીરમાં જ ષોડશ કલાવાળો પુરૂષ રહે છે આ નાશરહિત (અમૃત) પુરૂષની સોળ કલાઓ આ પ્રમાણે છે. પ્રાણ, શ્રધ્ધા, આકાશ, વાયુ, જયોતિ, જળ, પૃથ્વી, ઈન્દ્રિયો , મન, અન્ન, વીર્ય, તપ, મંત્રો, કર્મ, લોક અને નામ. વાસ્તવિક રીતે તો આ પાંચભૂત, પાંચ પ્રાણ, પાંચકોશ અને પ્રજાપતી (જીવ) મળીને સોળ તત્વોનું 'ષોડશીપુરૂષ' એવું નામ વેદમાં કહેવાયું છે.

આ સોળ કલાઓની વચ્ચે તેમને એકતા આપનારૂ, તેમનો સમન્વય કરીને તેમનું સંચાલન કરનારૂ આત્મતત્વ અથવા પુરૂષ (આત્મા) એજ ષોડશી પુરૂષ છે, તેને જ 'બ્રહ્મ' પણ કહેવામાં આવે છે.

આમ છએ પ્રશ્નો લોકોનું આધ્યાત્મ અને પ્રાણના અર્થ તરફ ધ્યાન દોરે છે. આ પ્રશ્નોપનિષદ એક દ્વારા જ. ઋષિએ જીવનનું રહસ્ય, જીવનની ઉત્પતિ, કારણ, સ્થિતિ, ઉત્ક્રાંતી અને ઈશ્વરનું સ્વરૂપ 'ૐ'નું સ્વરૂપ અને પરમાત્માની પ્રાપ્તી કે સદ્‌ગતિ માટેનો ટુંકો રસ્તો એ વેદોકત સનાતન સત્યને છએ શિષ્યોના પ્રશ્નો દ્વારા પુછાવીને મૃત્યુલોકના માનવીને જીવન મુકિત કે સદ્‌ગતી કેમ પ્રાપ્ત થાય તેનું અદ્‌ભૂત રહસ્ય સમજાવેલ છે.

**વિશ્વરસ- " ૐ Has over hundred meaning - one of them peace for all. "**

# કોંગ્રેસ દરેક તાલુકામાં ઓબીસી સમિતિની રચના કરશે: ડો. મહેશ રાજપુત

## ગુજરાત પ્રદેશ કોગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે પદભાર સંભાળતા ડો. મહેશ રાજપુતઃ રાજયભરમાંથી કોંગ્રેસના આગેવાનો કાર્યકરો ઉમટયા

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના નવનિયુક્ત ચેરમેન ડો. મહેશભાઈ રાજપુતનો પદભાર ગ્રહણ કરવાનો આ અવસર માત્ર એક રાજકીય ઘટના નહીં, પરંતુ ગુજરાતના ૫૨ ટકાથી વધુ ઓ.બી.સી. સમાજની અસ્મિતા અને અધિકારો માટેનો એક વિરાટ જન-આંદોલનનો શંખનાદ સાબિત થયો છે.

આ સમારોહમાં આધ્યાત્મિક ચેતનાના પ્રતીક એવા ગોગા મહારાજ ના સંત મુકેશભાઈ દેસાઈ અને રઘુવીરદાસજી બાપુ (કાગદડી આશ્રમ)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પૂજ્ય સંતોએ ડો. મહેશભાઈ રાજપુતને આશીર્વાદ પાઠવીને જણાવ્યું હતું કે, "જ્યારે નેતૃત્વ, નૈતિકતા અને સેવાભાવ સાથે જોડાય છે, ત્યારે તે સમાજના છેલ્લા માણસ સુધી ન્યાય પહોંચાડી શકે છે. ઓ.બી.સી. સમાજ એ સેવા અને સમર્પણનો પર્યાય છે." સંતોના આ વચનોએ ઉપસ્થિત હજારો કાર્યકરોમાં એક નવી ઊર્જા અને પવિત્રતાનો સંચાર કર્યો. ભરતસિંહ સોલંકીએ પક્ષના ઈતિહાસને યાદ કરતા કહ્યું કે, કોંગ્રેસ હંમેશા પછાત વર્ગોની પડખે રહી છે. ડો. મહેશભાઈની વરણી એ પક્ષના પાયાના કાર્યકરોની જીત છે.






જગદીશભાઈ ઠાકોરે ગજવતા કહ્યું કે, "ઓબીસી સમાજે હવે જાગૃત થવાનો સમય આવી ગયો છે. આપણા હક કોઈ ભીખ નથી, આપણો અધિકાર છે. જાતિ આધારિત વસ્તી ગણતરી એ સમયની માંગ છે અને કોંગ્રેસ આ મુદ્દે રસ્તા પર ઉતરતા અચકાશે નહીં."

અમિતભાઈ ચાવડાએ આંકડાકીય માહિતી સાથે જણાવ્યું કે વર્તમાન સરકાર ઓબીસી સમાજની અનામત સાથે ચેડા કરી રહી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં યોગ્ય પ્રતિનિધિત્વ અને શૈક્ષણિક સુવિધાઓ માટે આ નવી ટીમ એક મજબૂત વિરોધ પક્ષ તરીકેની ભૂમિકા ભજવશે.

કાર્યક્રમમાં લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું કે સેવાદળ અને ઓબીસી વિભાગ ખભેખભા મિલાવીને ગુજરાતના દરેક ગામડામાં કોંગ્રેસ પક્ષની વિચારધારા પહોંચાડશે અને પછાત વર્ગ એક મંચ પર આવે છે ત્યારે પરિવર્તન નિશ્ચિત છે. ઋત્વિકભાઈ મકવાણાએ યુવાપેઢીને સક્રિય થવા અને સોશિયલ મીડિયાના માધ્યમથી સમાજની વાત પ્રબળ બનાવવા હાકલ કરી હતી.

ચંદનજી ઠાકોર અને જીવણભાઈ કુંભારવાડીયા આ પ્રસંગ માત્ર પ્રદેશ પૂરતો મર્યાદિત નહોતો. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિમાં મહત્વનું સ્થાન મેળવનાર ચંદનજી ઠાકોર અને શ્રી જીવણભાઈ કુંભારવાડીયાનું રાષ્ટ્રીય સંયોજક તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. નવનિયુક્ત ચેરમેન ડો. મહેશભાઈ રાજપુતનો 'સંકલ્પ પત્ર' પોતાના પદગ્રહણ બાદ અત્યંત નમ્રતા સાથે ડો. મહેશભાઈ રાજપુતે પોતાની ભવિષ્યની રણનીતિ સ્પષ્ટ કરી હતીઃ ગામડા સુધી સંગઠનઃ આગામી થોડા દિવસમાં તમામ તાલુકાઓમાં ઘઈઈ સમિતિઓની રચના કરાશે. ઓબીસી સમાજના વિદ્યાર્થીઓ અને સરકારી યોજનાઓના લાભાર્થીઓ માટે માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરવું. રાજ્યભરમાં ભ્રમણ કરીને ૨૭% અનામતના અમલીકરણની સમીક્ષા કરાશે.

ગુજરાતરાજ્ય સરકાર બજેટ મા ૫૨% ઓ બી સીની વસ્તી માટે પણ બજેટમા ૨૭ % નાણાં ઓ બી સી ના વિકાસ માટે વાપરવા માટે જોગવાઈકરે અને

નવી પેઢીના શિક્ષિત ઓબીસી યુવાનોને રાજકારણમાં સક્રિય કરવા. ઉપરાંત ઓબીસી અનામત અને જાતિ આધારિત વસ્તી ગણતરીના મુદ્દે લડાયક મૂડમાં રહેવા કાર્યકરોને હાકલ કરી હતી.

રાજીવ ગાંધી ભવનના વિશાળ હોલમાં બહોળી સંખ્યામાં કાર્યકરોએ કાર્યક્રમ નિહાળ્યો હતો. કાર્યક્રમના અંતે કાર્યકરોએ હાથમાં ઓબીસી એકતાના સપથ લઈ વિદાય લીધી હતી. આ પદગ્રહણ સમારોહ સાબિત કરે છે કે ગુજરાતમાં હવે ઓબીસી મતોનું ધ્રુવીકરણ કોંગ્રેસ તરફ થઈ રહ્યું છે. ડો. મહેશભાઈ રાજપુતના રૂપમાં સમાજને એક શિક્ષિત, વિનમ્ર અને લડાયક નેતા મળ્યા છે, જેમના નેતૃત્વમાં ગુજરાતનું ઓબીસી સંગઠન આગામી સમયમાં નવી ઊંચાઈઓ સર કરશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા પાછળ પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ ચેરમેન રાજેશભાઈ ગોહિલ ,પૂર્વ કાર્યકારી ચેરમેન રમેશભાઈ દેસાઈ અને અમદાવાદ શહેર ઓ બી સી ડિપાર્ટમેન્ટ ચેરમેન રણજીતસિંહ બારડએ જહેમત ઉઠાવેલ હતી.

# સરકારી પોલિટેકનિક ખાતે રમતગમત સપ્તાહનો શુભારંભ

## ૭ દિવસમાં ૧૯થી વધારે રમતોમાં વિદ્યાર્થી કૌવત બતાવશે

**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીઓને તેમની રમતગમતની પ્રતિભાને વિકસાવવનો અને રજૂ કરવાનો મોકો આપવાના ઉદ્દેશ્યથી સરકારી પોલીટેકનિક રાજકોટ ખાતે તા. ૨૩/૨/૨૦૨૬ થી ૨૭/૨/૨૦૨૬ના સ્પોર્ટ્સ વીકનો આજરોજ તા.૨૩/૨/૨૦૨૬ના ભવ્ય કાર્યક્રમ સાથે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિત મહેમાન તરીકે રાજકોટ ભાજપ મહિલા પ્રદેશ અધ્યક્ષ લક્ષ્મીબેન મિશ્રા, રાજકોટ સીટી હ્યુમન રાઈટ્સ કમીશનના ચીફ ઓફિસર પૃથ્વીસિંહ રાણા તેમજ બી.કે. મોદી ફાર્મસી કોલેજ રાજકોટના આચાર્ય ડો. એ. વી. દુધરેજીયા અને એવીપીટી ઈન્સ્ટીટયુટ રાજકોટના આચાર્ય જી.વી.પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના વિવિધ વિભાગના ખાતાના વડાઓ તેમજ અધ્યાપકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અત્રેની સંસ્થાના આચાર્ય ડો. એ. એસ. પંડ્યા દ્વારા સ્વાગત ઉદબોધન દ્વારા કરવામાં આવી હતી તેમજ ભણતરની સાથે રમત-ગમતનું મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ લક્ષ્મીબેન મિશ્રા તથા પૃથ્વીસિંહ રાણા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. જેમાં રમતગમત દ્વારા કૌશલ્યો, ટીમવર્ક અને સંકલનના પાસાઓને કેળવી શકાય તેમ તેઓએ જણાવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો.આર.જે રાવલ દ્વારા કરવામાં આવેલ હતું. અંતે સ્પોર્ટ્સ વીકના કો-કન્વીનર પી.ડી.સોરઠીયા દ્વારા આભારવિધિ વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ મહાનુભાવો દ્વારા મશાલને પ્રજ્વલિત કરીને સ્પોર્ટ્સ વીકના કાર્યક્રમનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો.



રમતગમત સપ્તાહના સફળ સુચારૂં સંચાલન માટે સ્પોર્ટ્સ સમિતિના કન્વીનર ડો. એસ. કે. ચારોલા અને તેની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. સ્પોર્ટ્સ વીકમાં ક્રિકેટ, બેડમિન્ટન, વોલીબોલ, ચેસ, રુબીક્સ ક્યુબ, કેરમ, વકતૃત્વ સ્પર્ધા, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, ડીબેટ, રંગોળી, મહેંદી, વન મિનીટ, જંકયાર્ડ, ક્લાસ ડેકોરેશન, રસાખેંચ, ટ્રેઝર હન્ટ, સિંગિંગ સ્પર્ધા, પોએમ રાઈટીંગ તેમજ ચેમ્પિયન થ્રુ ચેલન્જીસ જેવી વિવિધ ઈન્ડોર અને આઉટડોરની કુલ ૧૯ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે. સંસ્થાના આશરે ૯૫૦થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. વિવિધ રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પર રહેનાર વિદ્યાર્થીઓને ઈનામ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

# સૌ.યુનિ. કેરિયર કાઉન્સેલીંગ સેન્ટર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને પ્રાથમિક તબક્કાનું અપાશે કોચિંગ

## સરકારી નોકરીની તૈયારી કરનારને ઉત્તમ તક-રજીસ્ટ્રેશન શરૂ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી - જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. જેના કારણે સૌરાષ્ટ્ર વિસ્તારના અનેક છાત્રોને સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન સાકાર થયેલ છે. સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.ક્યુ. પરીક્ષા, જ્ઞાનના સાગર રૂપી ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ વર્ગ-૩ ક્લાર્કની અંદાજીત વિવિધ વિભાગોમાં ૬૫૫૦ જગ્યાઓ માટે તાલીમ વર્ગો શરૂ થવાના છે. સૌરાષ્ટ્ર વિસ્તારના મહત્ત્વ ઈચ્છુકો સરકારી નોકરી મેળવે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ઉત્પલભાઈ જોષી અને કુલસચિવ ડો.મનિષભાઈ ધામેચાના સફળ માર્ગદર્શન હેઠળ ટીમ સી.સી.ડી.સી. મારફત અનેક સફળતાપૂર્વક કાર્યક્રમ અને તેના ફળ સ્વરૂપ દરેક પરીક્ષામાં છાત્રો મારફત ઝળહળતી સફળતા મેળવી સીસીડીસીના તાલીમવર્ગોને અને કાર્યશાળાઓના આયોજનને બિરદાવેલ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, વર્ગ-૩ (ગ્રુપ-એ તથા બી) દ્વારા સમાજ કલ્યાણ નિરીક્ષક-૧૨૫, કાર્યાલય અધિક્ષક-૩, આસિસ્ટન્ટ મેનેજર-૧, જુનિયર આસિસ્ટન્ટ-૪, સિનીયર આસીસ્ટન્ટ-૪, ડેપો મેનેજર-૪૨, મદદનીશ અધિક્ષક-૧, મહેસૂલી ક્લાર્ક-૧૬૦૦, હેડ ક્લાર્ક-૨૫૮, સિનિયર ક્લાર્ક-૬૩૫ અને જુનિયર ક્લાર્ક-૩૮૬૦ મળી કુલ ૬,૫૫૦ જગ્યાઓની ભરતી કરવામાં આવનાર છે. આ માટે ભરતીની જાહેરાતના અનુસંધાને સી.સી.ડી.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા.૦૬-૦૩-૨૦૨૬ ને શુક્રવારથી સી.સી.ડી.સી. ખાતે પ્રાથમિક પરીક્ષાના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

તાલીમ વર્ગોમાં રજિસ્ટ્રેશન શરૂ કરાયેલ છે અને વહેલા તે પહેલાનાં ધોરણે એડમીશન આપવામાં આવશે.

આ પ્રાથમિક પરીક્ષાના અભ્યાસક્રમમાં ગુજરાતી, અંગ્રેજી, ક્વોન્ટીટીવ એપ્ટીટયૂડ અને રીઝનીંગ જેવા વિષયોની સઘન તાલીમ આપવામાં આવશે. તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો તા. ૦૩-૦૩-૨૦૨૬ સુધીમાં ગ્રાઉન્ડ ફલોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ગૌણ સેવા પસંદગી મંડળનું ઓનલાઈન ભરેલ ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ, છેલ્લી માર્કશીટ અને સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ સાથે રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

# જંગલેશ્વરના ડિમોલેશનમાં નિરાશ્રિત પરિવારોને વૈકલ્પિક આશરો અથવા વળતર આપવા બ્રહ્મ સેનાની માંગણી

## આર્થિક પછાત સ્થિતિ, બોર્ડની પરીક્ષા અને તહેવારોને ધ્યાનમાં લઈ તંત્રને માનવતા લક્ષી અભિગમ દાખવવા અપીલ

**અબતક રાજકોટ**

રાજકોટના જંગલેશ્વરમાં થયેલા ડિમોલેશનમાં બે ઘર બનેલ પરિવારોને વૈકલ્પિક આશરો અને વળતર આપી રાજધર્મ નિભાવવા સૌરાષ્ટ્ર ગુજરાતના બ્રહ્મ સેના ના આગેવાનોએ કમિશનર ને અપીલ કરી છે.

બ્રહ્મસેના સ્થાપક અધ્યક્ષ જગદીશભાઈ રાવલ એ મ્યુનિસિપલ કમિશનરને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે જંગલેશ્વર ડીમોલેશનથી અનેક વ્યકિતના પરિવારો ઉપર સંકટ આવી પડ્યું છે, અહીં મોટા ભાગના લોકો ઓછું ભણેલા અને આર્થિક રીતે પછાત હોય, કેટલાક લોકો ગેરકાનુંની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોય તેમ છતાં વ્યાપક હિત ને ધ્યાને લઈ હાલ આર્થિક મુશ્કેલી, બોર્ડની પરીક્ષાઓ, મુસ્લિમ ધર્મના રમજાનના તહેવારો ને ધ્યાને લઈ તંત્રને રાજધર્મ બજાવી આશ્રિતો ને વૈકલ્પિક આશરો અથવા તો સહાય આપવી જોઈએ તેવી રજૂઆત બ્રહ્મસેનાના આગેવાનોએ કરી છે

# મહિલાઓના વિશ્વાસનો આધાર બનતું સખી વન સ્ટોપ સેન્ટર

## રાજ્ય સરકારની મહિલાલક્ષી યોજનાઓ અંગે માહિતીપ્રદ સેમિનાર યોજાયો

**અબતક, રાજકોટ**

જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ સખી વન સ્ટોપ સેન્ટર, રાજકોટના કર્મયોગીઓ દ્વારા નંદન વન આરોગ્ય કેન્દ્ર, રાજકોટ ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આંગણવાડી બહેનો, આશા બહેનો તેમજ લાભાર્થી બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વ્હાલી દીકરી યોજના અંતર્ગત મળતા લાભો, સખી વન સ્ટોપ મહિલાલક્ષી યોજનાઓ, કાયદાકીય સહાય, કાઉન્સેલિંગ, આરોગ્ય તથા પોલીસ સહાય સહિતની સેવાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



# પ્રાથમિક તબકકામાં કેન્સરનું નિદાન થઇ જાય તો દર્દીને મોતના મુખમાંથી ઉગારી શકાય

## પુજીત રૂપાણી ટ્રસ્ટના કેન્સર નિદાન કેમ્પમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા





**અબતક, રાજકોટ**

પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ, વિજયભાઈ રૂપાણી મેમોરીયલઅનેરોટરી કલબ મીડ ટાઉનના સંયુકત ઉપક્રમે તથાઆર.બી. કોઠારી ડાયગ્નોસ્ટિક સેન્ટરના સહયોગથી પુજીત ટ્રસ્ટના ભવન કિલ્લોલ, મયુરનગર-૧, ખાતે અંજલિબેન વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અંતર્ગત સ્ત્રીરોગ અને સ્ત્રીઓમાં થતા સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સરના નિદાન માટેનો નિઃશુલ્ક કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં બહોળા પ્રમાણમાં દર્દીઓએ નિદાન લાભ લીધો હતો. જેમાં જરૂરિયાતમંદ દર્દીઓને મેમોગ્રાફી તપાસ, પેપસ્મિયર તપાસ, સોનોગ્રાફી તપાસ અને લેબોરેટરી પરીક્ષણ નિઃશુલ્ક કરી આપવામાં આવેલ હતી.

આ કેમ્પમાં પ્રગતિ હોસ્પિટલના કેન્સર નિષ્ણાંત ડો.બબીતાબેન હાપાણીએ માર્ગદર્શન આપતા જણાવેલ કે સ્ત્રીઓ હેલ્થ ચેકઅપ કરાવતા સંકોચ અનુભવે છે જયારે આ પ્રકારના નિદાન કેમ્પ ખૂબ ૪૦ વર્ષથી ઉપરની મહિલાઓએ ડોકટરની સલાહ મુજબ મેમોગ્રાફી અને પેપસ્મિયર તપાસ કરાવી જોઈએ ગર્ભાશયના કેન્સર માટે વેકિસન પણ ઉપલબ્ધ છે. પ્રાથમિક તબકકામાં જો કેન્સર ને જાણી શકાય તો તેની ઉત્તમ સારવાર થઈ શકે અને દર્દી મોતના મુખમાંથી બચી શકે છે. સ્ત્રીઓએ પોતાના શરીરમાં કોઈ અસામાન્ય લક્ષણો એકાએક વજન વધવું, લોહીના ટકા ઘટવા, કયાંય નાની ગાંઠ કે મોઢામાં ચાંદી પડે તો ડોકટરની સલાહ મુજબ વિનાસંકોચે ટેસ્ટ કરાવવા જરૂરી છે. પુજીત ટ્રસ્ટ લોકોના કલ્યાણ માટે ઘણી વખત ખાસ પ્રકારના રોગો માટે કેમ્પનું અવારનવાર આયોજન કરે છે તેનો મહિલાઓએ અવશ્ય લાભ લેવો જોઈએ ડો.કૃપાલી ભાલારા ભાયાણી એ જણાવ્યું હતું કે દેશમાં દર પાંચ સાત મિનિટે એક વ્યકિતનું મૃત્યુ થાય છે ત્યારે કેન્સર અંગેની જાગૃતિ માટે આજનો કેમ્પ ખૂબ ઉપયોગી થશે. આજના આ કેમ્પનો હેતુ લોકોમાં જાગૃતિ લાવવાનો છે તે ખૂબ આવકારદાયક છે તેમ કહી ટ્રસ્ટના આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ કેમ્પમાં ડો.બબીતાબેન હાપાણી, ડો.કૃપાલીબેન ભાલારા ભાયાણી ઉપરાંત વરિષ્ઠ સ્ત્રીરોગ નિષ્ણાંત ડો.તારાબેન ગાંધી, સ્ત્રીરોગ-પ્રસુતિ અને વંધ્યત્વ નિષ્ણાંત ડો.કવિતાબેન લાધાણી ઉપરાંત આર. બી. કોઠારી નિદાન સેન્ટરનાં રિયાબેન સિંધવે સેવાઓ આપી હતી.

કેમ્પની શરૂઆતમાં ટ્રસ્ટની તબીબી સમિતિના ડો.જૈમનભાઈ ઉપાધ્યાયે પ્રસ્તુક પ્રવચનમાં આજના આ કેમ્પનો હેતુ સમજાવતા જણાવેલ કે ટ્રસ્ટ ખાસ ઉદ્દેશ્ય સાથે અવારનવાર ખાસ પ્રકારના રોગો માટે કેમ્પ યોજે છે, ટ્રસ્ટની પરંપરા મુજબ ટ્રસ્ટી અંજલીબેન વિજયભાઈ રૂપાણી, ડો.બબીતા હાપાણી અને અન્ય ઉપસ્થિત મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મુકવામાં આવેલ. ટ્રસ્ટના તબીબીકમિટીના સદસ્યો નયનભાઈ શાહ, હરીશભાઈ શાહ, શૈલેષભાઈ લોટીયા, ગીતાબેન વસા, દિવ્યેશભાઈ અધેરા જાહન્વીબેન લાખાણી દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવેલ. સ્વાગત કેમ્પના ઉદ્દઘાટન સમારોહનું સંચાલન હસુભાઈ ગણાત્રા દ્વારા કરવામાં આવેલ.જયારે આભારવિધિ ડો.નયનભાઈ શાહદ્વારા કરવામાં આવેલ. આ કેમ્પ દરમ્યાન રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ મુલાકાત કરી હતી. તેઓ ટ્રસ્ટની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતા ભાજપના આગેવાન નીતિનભાઈ ભારદ્વાજ, ડો.મેહુલભાઈ રૂપાણી, ઋષભભાઈ વિજયભાઈ રૂપાણી, વિજયસિંહ ચૌહાણ, ખીમાભાઈ જોગરાણા, બીનાબેન આચાર્ય, નરેન્દ્રસિંહ ઠાકુર તથા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનના જીજ્ઞેશભાઈ કામદાર સહિતના આગેવાનો જોડાયા હતા. સમગ્ર કેમ્પના આયોજનમાં ટ્રસ્ટી અંજલીબેન વિજયભાઈ રૂપાણી, મહેશભાઈ ભટ્ટ ડો.મેહુલભાઈ રૂપાણીના માર્ગદર્શન અંતર્ગત મેડીકલ કમિટીના મેમબર્સ ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, દિવ્યેશભાઈ અધેરા, ગીતાબેન બિપીનભાઈ વસા, શૈલેષભાઈ લોટીયા, હરીશભાઈ શાહ, કેતનભાઈ મેસવાણી, કાર્યકતાઓ કે.બી.ગજેરા, રાજુભાઈ શેઠ, હરેશભાઈ ચાંચીયા, રવજીભાઈ દવેરા, નીરદભાઈ ભટ્ટ, છગનભાઈ ચૌહાણ, જગદીશભાઈ પંડ્યા, વહીવટી અધિકારી ભાવિનભાઈ ભટ્ટ કો-ઓર્ડીનેટર સાગરભાઈ પાટીલ, કર્મચારીઓ શીતલબા ઝાલા, ડો.ગ્રીષ્મા માલવિયા, ડો.જસ્મિતાબેન ચાવડા, ડો.ચિંતનભાઈ જોષી, ડો. કૃશાંગી વ્યાસ, ડો.મહેક મહેશ્વરી, ડો.મહિમા ચૌહાણ, ડો.અંજલિ મેવાસીયા, ડો.ઓમિકા મકવાણા, ડો.ત્રિશા પટેલ, ડો.દર્શના કેશવાલા, ડો. ઋત્વી કાનાણી, પ્રીતિબેન મહેતા, ધાનીબેન મકવાણા, હેતલબેન પરમાર, વર્ષાબેન મકવાણા, પદમાબેન પરમાર, આરતીબેન લાલકીયા, હાજરાબેન બુંભાણીઠેબા, સિંગ રીનારાની, અનિલભાઈ ચાવડા, પ્રવીણભાઈ વેકરીયા, કાંતિભાઈ નિરંજનની, સકીનાબેન અજમેરી વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાંજણાવાયું છે.

# મવડી સ્પોર્ટર્સ કોમ્પલેકસ ખાતે કાલથી પાંચ દિવસ કોચિંગ કેમ્પ

## કોઈપણ એજ કેટેગરીના લોકો કેમ્પમાં જોડાઈ શકશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મવડી વિસ્તારમાં ઈન્ડોરસ્ટેડીયમનુ નિર્માણ કર્યુ છે. જેનુ સંચાલન રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશનનેસોપવમાં આવેલ છે.શહેરીજનો પોતાના આરોગ્ય પ્રત્યે સજાગ બનીને વિવિધ રમત ગમતની સુવિધાઓનો બહોળા પ્રમાણમાં લાભ લે તે માટે રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન દ્વારા સંચાલિતશ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમવડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ કોચિંગ કેમ્પમવડીસ્થિત શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, રામધણ પાસે યોજવામાં આવશે.

આ કોચિંગ કેમ્પતા કાલ થી તા.૨૮ સુધી દિવસ ૫ માટે યોજવામાં આવશે. ,આ કેમ્પમાં નિષ્ણાંતકોચિસ દ્વારા કોચિંગ આપવામાં આવશે. , કોચિંગ કેમ્પનોસમય સાંજે ૪ થી ૮ વાગ્યાનો રહેશે. ,ફ્રી કોચિંગ કેમ્પમાં બેડમિન્ટન, વોલીબોલ, કબડ્ડી, ટેનિસ, બાસ્કેટબોલ જેવી રમતોનો સમાવેશ થશે. ,

કોઈ પણ એજ કેટેગરીના લોકો આ ફ્રી કોચિંગ કેમ્પમાં ભાગ લઈ શકશે.

# લગ્નના દબાણ વચ્ચે અભ્યાસની જીદ કરતી યુવતીની વ્હારે આવતી 'અભયમ' ટીમ

## યુવતીને 'સખી વન સ્ટોપ સેન્ટર' ખાતે સુરક્ષિત આશ્રય અપાયો



**અબતક, રાજકોટ**

રાજ્યમાં મહિલાઓની સુરક્ષા અને તેમના સર્વાંગી વિકાસ માટે કાર્યરત ગુજરાત સરકારની '૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન' ફરી એકવાર પીડિત યુવતી માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. રાજકોટમાં અભ્યાસ કરી આત્મનિર્ભર બનવા માંગતી યુવતીને તેના જ પરિવાર દ્વારા અભ્યાસ છોડાવી લગ્ન માટે કરવામાં આવતા માનસિક ત્રાસ સામે અભયમ ટીમે સમયસર રક્ષણ પૂરું પાડ્યું છે.

રાજકોટમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર એક ૨૦ વર્ષીય યુવતીનો કોલ આવ્યો હતો, જેમાં તેણે આક્ષેપ કર્યો હતો કે માતા-પિતા આગળ અભ્યાસ કરવા દેવા માંગતા નથી અને લગ્ન કરાવવા માટે દબાણ કરી રહ્યા છે. ઘટનાની ગંભીરતાને સમજીને અભયમ ટીમ તત્કાલ યુવતીના ઘરે પહોંચી હતી, જ્યાં યુવતી રડતી અને ગભરાયેલી હાલતમાં મળી આવી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન યુવતીએ જણાવ્યું કે તે ત્રણ બહેનોમાં સૌથી મોટી છે. માતા-પિતા અન્ય બે નાની બહેનોને અભ્યાસ કરાવે છે, પરંતુ મોટી દીકરી હોવાને કારણે તેની પાસે માત્ર ઘરકામ કરાવવામાં આવે છે અને તેને વાંચવા માટે સમય આપવામાં આવતો નથી. યુવતીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે તે પાર્લરનું કામ શીખીને આત્મનિર્ભર બનવા માંગે છે, પરંતુ તેના પિતાએ માનસિક ત્રાસ આપીને કોર્સ કરવાની મનાઈ કરી છે.

અભયમ ટીમ દ્વારા જ્યારે યુવતીના પિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું, ત્યારે પિતાએ જણાવ્યું હતું કે જો મોટી દીકરી ભણવા જાય તો ઘરની જવાબદારી અને કામ કોણ સંભાળે. પિતાના નકારાત્મક અભિગમ અને યુવતીની સુરક્ષાને ધ્યાને રાખીને ટીમે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો હતો.

પિતા દીકરીના ભવિષ્ય માટે સમજવા તૈયાર ન થતા, અંતે યુવતીની માનસિક શાંતિ અને સુરક્ષા માટે તેને રાજકોટ સ્થિત 'સખી વન સ્ટોપ સેન્ટર' ખાતે સુરક્ષિત આશ્રય માટે રીફર કરવામાં આવી હતી. સમયસર મદદ મળતા યુવતીએ ૧૮૧ અભયમ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ડેલાવાળા પરિવારને ત્યાં ફૂલ ફાગ રશિયા મનોરથ ઉજવાયો

## દ્વારકેશલાલજી મહારાજના સાનિધ્યનો વૈષ્ણવાચાર્યા ભકિતમાં રસ તરબોળ







**અબતક, રાજકોટ**

મોંઘીબેન કસ્તુરચંદ ડેલાવાળા પરિવાર તરફથી જશુ મંડાણ ખાતે ફુલ ફાગ રશિયા અને સાથે ભવ્ય મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ પર જગદગુરુ વલ્લભાચાર્ય પ્રાગટય પીઠ ગૃહધિપતિ સોમયાજી દીક્ષીત અનંત વિભૂષિત દ્વારકેશલાલજી મહારાજની સાનિધ્યમા ભવ્ય રશિયાના કીર્તનનો લાભ મળેલ સાથે ફુલ ફાગ મહોત્સવનો લાભ લીધેલ, આ પ્રસંગે બાલ કૃષ્ણલાલજી હવેલીના કીર્તનકાર મંગળદાસભાઈ કારીયા, હસમુખભાઈ ડેલાવાળા, ભરતભાઈ સોની, ઘનશ્યામભાઈ સોની, ચીમનભાઈ લોઢીયા તેમ જ કીર્તનીયા મંડળીના તમામ સભ્યોની કીર્તનની મોજ કરાવેલ. આ પ્રસંગે રાજકોટના મહાનુભાવો પ્રભુદાસભાઈ પારેખ, અશોકભાઈ ઝીંઝુવાડીયા અશોકભાઈ સોની, સ્મિતભાઈ પટેલ, કાળુભાઈ કાનગડ, જીતુભાઈ ચંદારાણા, કિરીટભાઈ આદ્રોજા, હરેશભાઈ લાખાણી, અરવિંદભાઈ તાળા, રાકેશભાઈ પોપટ, રાજદીપસિંહ જાડેજા, નમ્રતાબેન પંડયા હાજર રહેલ. આ ઉત્સવનું આયોજન ગુણવંતભાઈ ડેલાવાળા, ડાયાભાઈ ડેલાવાળા, પ્રવીણભાઈ ડેલાવાળા, જયસુખભાઈ ડેલાવાળા, કેતનભાઈ ડેલાવાળા, દીપભાઈ ડેલાવાળા તેમજ સમગ્ર ડેલાવાળાના પરિવાર જનોએ હાજરી આપેલ.

# ટાગોર રોડને જોડતો કલ્યાણ સોસાયટીનો રસ્તો સ્થાનિકોએ બંધ કર્યા: ખુલ્લો કરવાની માંગણી

## જો તંત્ર દ્વારા દિવાલ હટાવવાની કામગીરી નહીં કરાય તો આત્મવિલોપનની ચીમકી

**અબતક, રાજકોટ**

ટાગોર રોડને જોડતો કલ્યાણ સોસાયટીનો માર્ગ સ્થાનિકો દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે. જે ખુલ્લો કરાવવા ચાર જેટલા સ્થાનિકોએ બીડું ઉપાડ્યું છે. જો રસ્તાને બંધ કરવા ખડકાયેલી દિવાલ તોડવામાં નહિં આવે તો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

શહેરની કલ્યાણ સોસાયટીમાં ૧૨થી વધુ પરિવારો વર્ષોથી કાયદેસર રીતે વસવાટ કરે છે. ટાગોર રોડને જોડતો માર્ગ ૨ કલ્યાણ સોસાયટીમાંથી પસાર થાય છે, જે જાહેર માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતો રહ્યો છે.

આઠ સ્થાનિક રહેવાસીઓ દ્વારા પોતાના અંગત હિતોને પ્રાધાન્ય આપી જાહેર માર્ગ પર ગેરકાયદેસર રીતે દિવાલનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ બાબતે અન્ય સ્થાનિકોએ ડિસેમ્બર-૨૦૨૩ દરમિયાન લેખિત રજૂઆત કરવામાં આવતા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તપાસ કરી ગેરકાયદેસર દિવાલ ડિમોલિશન કરવામાં આવ્યું હતું.

પરંતુ ત્યારબાદ સોસાયટીના ત્રણ મકાનધારકો દ્વારા ફરીથી ગેરકાયદેસર રીતે દિવાલ ચણી જાહેર માર્ગ બંધ કરી દેવાયો છે. સંબંધિત સોસાયટી હવે વિસર્જિત થઈ ચૂકી છે, અને તે અંગેનો નિયંત્રણ તથા વહીવટી સત્તા સંપૂર્ણપણે રાજકોટ મહાનગરપાલિકા પાસે રહેલ છે. છતાં અમુક રહેવાસીઓએ કાયદાનો ભંગ કરી સ્વૈચ્છિક રીતે જાહેર માર્ગ અવરોધિત કર્યો છે. આ ગંભીર પ્રશ્ને વારંવાર રજૂઆતો અને ફરિયાદો છતાં યોગ્ય તથા સમયબદ્ધ કાર્યવાહી ન થતાં રહેવાસીઓમાં ગાઢ નિરાશા વ્યાપી રહી છે. ન્યાય મેળવવા માટે વિરોધનો માર્ગ અપનાવવો પડશે કે મહાપાલિકા કચેરી સામે કોઈ આત્મવિલોપન જેવુ પગલું ભરવું પડશે? અથવા મામલાને જાહેર માધ્યમો સમક્ષ રજૂ કરવાની ફરજ પડશે? તેવી રજૂઆત વિજયભાઈ કારીયાએ જણાવ્યું છે.

# વર્દી વગરના વફાદાર ટાયસનને પગમાં ગોળી વાગવા છતાં આતંકવાદીઓને નિશાને લેવડાવ્યા

## ટાયસન ઘાયલ હોવા છતાં તે આતંકીઓના કાચા મકાન સુધી પહોંચ્યો અને સુરક્ષા દળોને સચોટ લોકેશન બતાવ્યું



**અબતક, શ્રીનગર**

ભારતીય સેનાના જવાનોની બહાદુરીના કિસ્સા તો આપણે અનેકવાર સાંભળ્યા છે, પરંતુ જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં એક એવા 'મૂંગા સૈનિક'ની વીરતા સામે આવી છે જેણે પોતાની જાનની પરવા કર્યા વગર આતંકવાદીઓને પાઠ ભણાવ્યો છે. આ બહાદુર યોદ્ધાનું નામ છે 'ટાયસન', જે આર્મીનો એક તાલીમબદ્ધ શ્વાન છે.

કિશ્તવાડના છાત્રુ વિસ્તારમાં ચાલી રહેલા 'ઓપરેશન ત્રશી-૧' દરમિયાન, જ્યારે સુરક્ષા દળો આતંકવાદીઓના અડ્ડાની નજીક પહોંચ્યા, ત્યારે ટાયસને સૌથી પહેલા આગળ વધીને આતંકીઓના સંતાવાના સ્થાન પર હુમલો કર્યો. આતંકવાદીઓએ ડરીને ટાયસન પર ગોળીબાર કર્યો, જેમાં એક ગોળી તેના પગમાં વાગી હતી.

સામાન્ય રીતે કોઈપણ પ્રાણી ગોળી વાગતા ડરી જાય, પણ ટાયસન વિચલિત ન થયો. પગમાં ગોળી વાગી હોવા છતાં તે આતંકીઓના કાચા મકાન સુધી પહોંચ્યો અને સુરક્ષા દળોને સચોટ લોકેશન બતાવ્યું. તેના આ સાહસને કારણે જ સેનાના જવાનો જૈશ-એ-મોહમ્મદના કમાન્ડર સૈફુલ્લાહ સહિત ત્રણ આતંકીઓને ઠાર કરી શક્યા.

૨૦૨૪માં ઘૂસણખોરી કરનાર 'ઈઝરાયેલ ગ્રુપ'ના તમામ ૭ આતંકીઓને ખતમ કરી દેવાયા છે.આર્મીની ડેલ્ટા ફોર્સ, પોલીસ અને ઈછ્છ્ર એ ડ્રોનથી લઈને ડોગ સ્કવોડ સુધીના તમામ સંસાધનોનો ઉપયોગ કર્યો હતો.

હિમવર્ષા અને વરસાદ વચ્ચે ૮-૮ કલાકના ટ્રેકિંગ બાદ આ સફળતા મળી છે.

ઓપરેશન પૂર્ણ થયા બાદ ગંભીર રીતે ઘાયલ ટાયસનને તાત્કાલિક હેલિકોપ્ટર દ્વારા એરલિફ્ટ કરીને ઉધમપુરની મિલિટરી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર, ટાયસન અત્યારે ખતરાની બહાર છે અને રિકવરી કરી રહ્યો છે. આખું સૈન્ય આ 'વર્દી વગરના હીરો'ની વફાદારી અને શૌર્યને સલામ કરી રહ્યું છે.

# મહિલાઓને પગભર કરવા ભારત ટેકસીનો બૂસ્ટર ડોઝ

## સેવાની શરૂઆત દિલ્હી- એનસીઆરઅને આપણા રાજકોટથી થઈ રહી છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે




કેન્દ્રીય મંત્રી અમિત શાહે કેબ અને ઓટો ડ્રાઈવરો માટે એક નવી ક્રાંતિની શરૂઆત કરી છે. અત્યાર સુધી જે કામ મોટી ખાનગી કંપનીઓ કરતી હતી, હવે તે કામ 'ભારત ટેક્સી' નામનું સહકારી મોડેલ કરશે. ડ્રાઈવરોને તેમની કિલોમીટર દીઠ કમાણીના ૮૦% સીધા જ મળી જશે, જ્યારે બાકીના ૨૦% સહકારી મૂડી તરીકે જમા થશે. જેમ અમૂલમાં પશુપાલકો માલિક હોય છે, તેમ અહીં ડ્રાઈવરો માલિક બનશે. નફાનો ૮૫% હિસ્સો ફરી ડ્રાઈવરોને જ પરત કરવામાં આવશે. માર્કેટમાં ગમે તેટલી મંદી હોય, પણ ડ્રાઈવરને એક નક્કી કરેલું લઘુત્તમ ભાડું જ મળશે. મહિલા મુસાફરોની સુરક્ષા માટે ખાસ સુવિધા, જેમાં તેઓ મહિલા ડ્રાઈવરને પસંદ કરી શકશે. માત્ર ૫૦૦ રૂપિયાનો શેર ખરીદીને ડ્રાઈવર આ સંસ્થાનો સહ-માલિક બની શકશે.

'સારથી દીદી' જેવો કન્સેપ્ટ મુસાફરીને વધુ સુરક્ષિત બનાવે છે. આ સેવાની શરૂઆત દિલ્હી-ગઈછ અને આપણા રાજકોટથી થઈ રહી છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે. જ્યારે કોઈ મહિલા એકલી મુસાફરી કરી રહી હોય, ત્યારે તે આ ફીચર દ્વારા ફિલ્ટર સેટ કરી શકશે જેથી તેને ગાડી ચલાવવા માટે મહિલા ડ્રાઈવર (સારથી દીદી) જ મળે. જે મહિલાઓ ટેક્સી કે ઓટો ચલાવીને રોજગારી મેળવવા માંગે છે, તેમને અહીં ખાસ પ્રોત્સાહન મળશે. એકલી મુસાફરી કરતી મહિલાઓ કે રાત્રિના સમયે મુસાફરી કરતા સમયે ઘણીવાર ડર અનુભવતી હોય છે. 'સારથી દીદી' ફીચરથી મહિલા મુસાફર વધુ સુરક્ષિત અને સહજ અનુભવશે. આનાથી એવી ગૃહિણીઓ કે મહિલાઓ જે ડ્રાઈવિંગ જાણે છે, તેમને એક સન્માનજનક અને સુરક્ષિત પ્લેટફોર્મ મળશે જ્યાં તેઓ કમાણી કરી શકશે.

## સ્પોર્ટ્સ અબતક



# વિન્ડિઝનું વાવાઝોડું ભારતને ટુર્નામેન્ટમાંથી "ખદેડી" દેશે?

### ઝિમ્બાબ્વે સામે વેસ્ટ ઈન્ડિઝનો ૧૦૭ રને ભવ્ય વિજય:વેસ્ટ ઈન્ડિઝ ૨૫૫ રનના લક્ષયાંક સામે ઝિમ્બાબ્વે ૧૪૭માં ઓલઆઉટ: શિમરોન હેટમાયર પ્લેયર ઓફ ધ મેચ બન્યો

**અબતક, રાજકોટ**

પ્લેયર ઓફ ધ મેચ શિમરોન હેટમાયર અને રોવમેન પોવેલ વચ્ચે ત્રીજી વિકેટ માટે નોંધાયેલી તોફાની ૧૨૨ રનની ભાગીદારી અને સ્પિનર ગુડાકેશ મોતી તથા અકીલ હુસેનની વેધક બોલિંગની મદદથી વેસ્ટ ઈન્ડીઝની ટીમે સુપર-૮ના મુકાબલામાં ઝિમ્બાબ્વેને ૧૦૭ રને પરાજય આપી વિજયી પ્રારંભ કર્યો હતો. વેસ્ટ ઈન્ડીઝે પ્રથમ બેટિંગ કરતાં છ વિકેટના નુકસાને ૨૫૪ રન બનાવ્યા હતા જેના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ ૧૭.૪ ઓવરમાં ૧૪૭ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ૩૪ બોલમાં ૮૫ રન બનાવનાર હેટમાયરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં સુપર ૮નો તબક્કો રોમાંચક થઈ ગયો છે. સેમિફાઈનલની રેસ દરેક મેચ પછી રસપ્રદ થઈ રહી છે. દક્ષિણ આફ્રિકાએ રવિવારે ટીમ ઈન્ડિયાને હરાવ્યું, ત્યારબાદ વેસ્ટ ઈન્ડીઝ સામે ઝિમ્બાબ્વે સામે મોટી જીત મેળવી. વેસ્ટ ઈન્ડીઝની આ જીતથી સેમિફાઈનલ ગણિત વધુ જટિલ બન્યું છે. હવે, ભારતનો સેમિફાઈનલનો માર્ગ વધુ મુશ્કેલ બની ગયો છે.

જીત સાથે વેસ્ટ ઈન્ડીઝ સુપર ૮ના ગ્રુપ ૧ માં ટોચ પર છે. બે પોઈન્ટ સાથે વેસ્ટ ઈન્ડીઝનો રન રેટ +૫.૩૫૦ છે. દક્ષિણ આફ્રિકા બે પોઈન્ટ સાથે +૩.૮૦૦ ના નેટ રન રેટ સાથે બીજા સ્થાને છે. ભારત હવે ત્રીજા સ્થાને છે, પરંતુ તેનો નેટ રન રેટ (-૩.૮૦૦) ઝિમ્બાબ્વે (-૫.૩૫૦) કરતા સારો છે.

વેસ્ટ ઈન્ડીઝની જીત અને ઝિમ્બાબ્વેની હાર સાથે વેસ્ટ ઈન્ડીઝનો હાથ ઉપર છે. દરમિયાન ઝિમ્બાબ્વેની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. વેસ્ટ ઈન્ડિઝ પાસે હવે ભારત અને દક્ષિણ આફ્રિકા સામે બે મેચ બાકી છે. દરમિયાન ઝિમ્બાબ્વેએ દક્ષિણ આફ્રિકા અને ભારત સામે રમવાનું છે.જો વેસ્ટ ઈન્ડિઝ તેમની બાકીની બે મેચમાંથી એક જીતે અને એક હારે તો પણ સેમિફાઈનલમાં પહોંચવાની તેમની આશા જીવંત રહેશે. આ તેમના શ્રેષ્ઠ નેટ રન રેટને કારણે છે. જો ભારત અને દક્ષિણ આફ્રિકા પણ તેમની બંને મેચ જીતે, તો છ-છ પોઈન્ટ ધરાવતી ત્રણ ટીમો હશે. આનો અર્થ એ કે નેટ રન રેટ નિર્ણાયક પરિબળ હશે.

#### વાનખેડેમાં હેટમાંયરે ૧૯ બોલમાં ફિફ્ટી ફટકારીને પોતાનો જ રેકોર્ડ તોડ્યો

શિમરોન હેટમાયર ઝડપી ઈનિંગ રમ્યો. તેને માત્ર ૧૯ બોલમાં અડધી સદી ફટકારી. હેટમાયર હવે ટી૨૦ વર્લ્ડકપમાં વેસ્ટ ઈન્ડિઝ માટે સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે.પોતાની અડધી સદીની ઈનિંગ દરમિયાન શિમરોન હેટમાયરે ૪ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા. આ વિસ્ફોટક ઈનિંગને કારણે શિમરોન હેટમાયરે ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬માં સૌથી ઝડપી અડધી સદી ફટકારવાના રેકોર્ડની બરાબરી કરી. સાઉથ આફ્રિકાના એડન માર્કરામે આ વર્લ્ડકપમાં ૧૯ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. તેને ન્યુઝીલેન્ડ સામે આ સિદ્ધિ હાંસલ કરી હતી.

#### ભારત કેવી રીતે ક્વોલિફાય થશે?

જો ભારત સેમિફાઈનલમાં પહોંચવા માંગે છે, તો ગણિત સ્પષ્ટ છે. ભારતે તેની બંને મેચ સારા માર્જિનથી જીતવી જોઈએ. વધુમાં, તેમણે પ્રાર્થના કરવી જોઈએ કે દક્ષિણ આફ્રિકા પણ તેની બધી મેચ જીતે. જો દક્ષિણ આફ્રિકા અને ભારત તેમની બાકીની બે મેચ જીતે તો વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વેના ફક્ત બે-બે પોઈન્ટ રહેશે. આ કિસ્સામાં ભારત અને દક્ષિણ આફ્રિકા આ ગ્રુપમાંથી સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે.પરંતુ જો દક્ષિણ આફ્રિકા તેની એક મેચ હારે છે, તો નિર્ણય નેટ રન રેટ પર આધારિત હશે, જે ભારતની મુશ્કેલીઓ વધારી શકે છે. હાલમાં ભારતનો નેટ રન રેટ વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકા બંને કરતા નોંધપાત્ર રીતે ખરાબ છે.

**જીત સાથે વેસ્ટ ઈન્ડીઝ સુપર ૮ના ગ્રુપ ટોચ પર: બે પોઈન્ટ સાથે વેસ્ટ ઈન્ડીઝનો રન રેટ +૫.૩૫૦ જયારે દક્ષિણ આફ્રિકા બે પોઈન્ટ સાથે +૩.૮૦૦ ના નેટ રન રેટ સાથે બીજા સ્થાને: ભારતનું સેમિફાઈનલનું ગણિત બગડ્યું**



# વરસાદ પાકિસ્તાન માટે "માઠી" લઈ આવશે?



### પાકિસ્તાનને સુપર-૮માં પોતાનું ખાતું ખોલાવવા મેચ જીતવી જરૂરી: ઈંગ્લેન્ડ જીત સાથે પોતાનું સ્થાન સેમિફાઈનલમાં સુરક્ષિત કરવા માંગશે

**અબતક, રાજકોટ**

ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચેની સુપર ૮ ની પહેલી મેચ રદ થતાં આગામી બે મેચ બંને ટીમો માટે કરો યા મરોની સ્થિતિ જેવી છે. સેમીફાઈનલમાં પહોંચવા માટે પાકિસ્તાનને બાકીની બંને મેચ જીતવી પડશે. ઈંગ્લેન્ડ હાલમાં સારા ફોર્મમાં છે, તેને સુપર ૮ની મેચમાં શ્રીલંકાને મોટા અંતરથી હરાવ્યું છે. આ મેચમાં બંને ટીમો કેવું પ્રદર્શન કરશે તે જોવું રસપ્રદ રહેશે. જો વરસાદ આવશે તો પાકિસ્તાનનું સેમિફાઈનલમાં પહોંચવું વધુ અઘરું બની જશે!

ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-૮ રાઉન્ડમાં આજે ઈંગ્લેન્ડનો સામનો પાકિસ્તાન સામે થશે. ઈંગ્લેન્ડે પોતાની પ્રથમ મેચમાં યજમાન શ્રીલંકાને ૫૧ રને પરાજય આપ્યો હતો. આ વિજયી લયને જાળવી રાખવાના ઈરાદે આજે પાકિસ્તાન સામે ઉતરશે. જ્યારે પાકિસ્તાનનો સુપર-૮માં પ્રથમ મુકાબલો ન્યૂઝીલેન્ડ સામે હતો. જોકે, વરસાદને કારણે મુકાબલો રદ થતાં બંને ટીમોને ૧-૧ પોઈન્ટ અપાયા હતા. જેને કારણે પાકિસ્તાનને સેમિફાઈનલમાં પ્રવેશ મેળવવા માટે પોતાની બાકી બંને મેચ જીતવી જરૂરી બની ગઈ છે. પલેકલેમાં રમાયેલી શ્રીલંકા સામેની મેચમાં ઈંગ્લેન્ડના ઓપનર ફિલ સોલ્ટે શ્રીલંકન બોલિંગ એટેકનો સામનો કરતાં ૬૨ રન બનાવ્યા હતા. જોકે, અન્ય બેટ્સમેનોમાં વિલ જેક્સે ૨૧ રન જ્યારે અન્ય બેટ્સમેનોનો સહયોગ ખાસ ન મળતાં ટીમે ૧૪૬ રન બનાવ્યા હતા. ૧૪૭ રનના લક્ષ્ય સામે શ્રીલંકા જીતી જાય તેમ લાગી રહ્યું હતું પરંતુ ઈંગ્લેન્ડના સ્પિનર વિલ જેક્સ, લિયામ ડોસન અને આદિલ રશીદે સાત વિકેટ ઝડપી હતી. જ્યારે જોફ્રા આર્ચર અને જેમી ઓવર્ટને પણ પેસ વેરિયેશન દ્વારા શ્રીલંકાન બેટ્સમેનોને બેકફૂટ પર ધકેલી મેચ ૫૧ રનથી જીતી લીધી હતી.પાકિસ્તાન સામે પણ ઈંગ્લેન્ડ આ જ બોલિંગ લાઈન સાથે ઉતરે તેવી શક્યતા છે. બીજી તરફ પાકિસ્તાનની ટીમની પ્રથમ મેચ વરસાદમાં ધોવાઈ ગઈ હતી. આથી આજે ઈંગ્લેન્ડ સામેની મેચ જીતવી જરૂરી બની ગઈ છે. પાકિસ્તાનની ટીમ પાસે સ્પિન આક્રમણ મજબૂત છે પરંતુ બેટિંગમાં ટીમનો મુખ્ય આધાર ઓપનર શાહિબઝાદા ફરહાન પર રહેલો છે જ્યારે યુવા ખેલાડી સઈમ ઐયુબ અને અનુભવી ખેલાડી બાબર આઝમ લયમાં જોવા મળ્યા નથી. જે પાકિસ્તાન માટે મોટી સમસ્યા રહી છે. આથી પાકિસ્તાને મેચ જીતવા માટે બાબર અને કેપ્ટન સલમાન આગાએ પણ લય મેળવવી જરૂરી બની ગઈ છે.

#### ઉસ્માન તારિક સહિત પાક. ફિરકીને જોઈ લેવા ઈંગ્લેન્ડ સજ્જ

આજનો પાકિસ્તાન માટેનો મેચ 'કરો યા મરો' જેવી છે. જ્યારે ઈંગ્લેન્ડ જીત સાથે પોતાનું સ્થાન સેમિફાઈનલમાં સુરક્ષિત કરવા માંગશે. ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ મેચમાં ધીમા બોલરો માટે અનુકૂળ પીચ પર ટકરાશે, ત્યારે ધ્યાન સ્પિન બોલિંગ પર રહેશે. ઈંગ્લેન્ડે હજુ સુધી તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું નથી.ત્યારે આજે ઉસ્માન તારિક સહિત પાક. ફિરકીને જોઈ લેવા ઈંગ્લેન્ડ સજ્જ છે.

# બુમરાહ-અર્શદીપ સિવાયની બુઠ્ઠી બોલીંગ ભારતને હવે ભારે પડશે!

**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતીય ટીમની બોલિંગ યુનિટને લઈને એક મોટી ચિંતા સામે આવી રહી છે. જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહની જોડી સિવાયની બાકીની બોલિંગ લાઈન-અપ હવે ટીમને ભારે પડી રહી છે. તાજેતરની સુપર-૮ મેચમાં દક્ષિણ આફ્રિકા સામેની કારમી હારે આ વાતને વધુ સ્પષ્ટ કરી દીધી છે.

આ મેચમાં દક્ષિણ આફ્રિકાએ પહેલા બેટિંગ કરતાં ૭ વિકેટે ૧૮૭ રન બનાવ્યા હતા. ભારત તરફથી બુમરાહે શાનદાર પ્રદર્શન કરતાં ૪ ઓવરમાં માત્ર ૧૫ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે અર્શદીપ સિંહે પણ ૨ વિકેટ લઈને સારું બોલિંગ કર્યું હતું પરંતુ બાકીના બોલરોની સ્થિતિ ખરાબ રહી. વરુણ ચક્રવર્તી જેવા નંબર ૧ રેન્કડ ટી૨૦ બોલરે ૪ ઓવરમાં ૪૭ રન લીધા અને માત્ર ૧ વિકેટ લીધી. અન્ય બોલરોએ પણ રન વહેતા કર્યા, જેના કારણે દક્ષિણ આફ્રિકાના મિડલ ઓર્ડરે ડેવિડ મિલર, ડેવાલ્ડ બ્રેવિસ, ટ્રિસ્ટન સ્ટબ્સ મોટી ભાગીદારી કરી.

ચેઝમાં ભારતીય બેટિંગ પણ ધરાશાયી થઈ ગઈ અને ટીમ માત્ર ૧૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ, જે ૭૬ રનથી હારમાં પરિણમી. આ હાર ભારત માટે ટુર્નામેન્ટમાં સૌથી મોટી હારોમાંની એક બની.

આ પરિણામથી સ્પષ્ટ થાય છે કે બુમરાહ અને અર્શદીપની ગેરહાજરી કે ખરાબ દિવસમાં ભારતની બોલિંગ યુનિટમાં ઊંડી ખામી છે. પેસ બોલિંગમાં બેકઅપ તરીકે મોહમ્મદ સિરાજ કે હર્ષિત રાણા જેવા બોલરો પર આધાર રાખવો પડે છે, પરંતુ તેઓ હજુ સુધી સતત પ્રદર્શન આપી શક્યા નથી. સ્પિન વિભાગમાં વરુણ ચક્રવર્તી સિવાય અક્ષર પટેલ કે કુલદીપ યાદવ જેવા વિકલ્પોનો સંતુલિત ઉપયોગ ન થઈ રહ્યો છે, જેના કારણે મિડલ ઓવર્સમાં રન રોકવામાં મુશ્કેલી પડે છે.

આઉટફિલ્ડિંગ અને રણનીતિમાં પણ કેટલીક ખામીઓ જોવા મળી રહી છે, જેમ કે પાવરપ્લેમાં વધુ પડતા બુમરાહ-અર્શદીપને ઉપયોગ કરવો અને અન્ય બોલરોને વિશ્વાસ ન આપવો. ભારતીય બેટ્સમેનો પણ સ્પિન અને પેસ-ઑફ બોલિંગ સામે સંઘર્ષ કરી રહ્યા છે, પરંતુ બોલિંગની આ નબળાઈ હવે ટીમને સેમિફાઈનલ સુધી પહોંચવામાં મોટી અડચણ બની રહેશે.જો ટીમ મેનેજમેન્ટે આ તાત્કાલિક સુધારા ન કર્યા તો આગામી મેચોમાં પણ આવી જ સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. બુમરાહ-અર્શદીપની જોડી ભારતની સૌથી મોટી તાકાત છે, પરંતુ તેમના સિવાયની બોલિંગને મજબૂત ન કરી શકાય તો વર્લ્ડ કપ જીતવાનું સપનું મુશ્કેલ બની જશે. ટીમે હવે વધુ હમ્બલ રહીને આ ખામીઓ પર કામ કરવું જરૂરી છે!




#### પંડ્યા-દુબે માલ્કમ માર્શલ નથી જે બેટ્સમેનને ડરાવી શકે: શોએબ અખ્તર

શોએબ અખ્તરે હાર્દિક પંડ્યા અને શિવમ દુબેની ખાસ ટીકા કરી છે. તેમણે કહ્યું કે આ બંનેએ ૬ ઓવરમાં માત્ર ૧ વિકેટ લઈને ૬૭ રન આપ્યા હતા. આ બંને માલ્કમ માર્શલ જેવા નથી કે જેઓ બેટ્સમેનને ડરાવી શકે. ડેથ ઓવર્સમાં આવા બોલર્સને રમાડવું એ વ્યૂહાત્મક ભૂલ હતી, એમ તેમણે કહ્યું. તેમણે વરુણ ચક્રવર્તીના સ્પેલને પણ નબળું ગણાવ્યું અને કહ્યું કે તેમની સ્પીડ ઘટી ગઈ હતી, જેના કારણે બેટ્સમેનોએ સરળતાથી રન બનાવ્યા.

# રણજી ટ્રોફી ફાઈનલમાં કર્ણાટક સામે જમ્મુની ધીમી પણ મક્કમ શરૂઆત

### જમ્મુએ ટોસ જીતી પ્રથમ બેટીંગ કરતા ટી ટાઈમ સુધીમાં બે વિકેટ ગુમાવી ૧૭૭ રન બનાવી લીધા: યાવેર હસને ૧૫૦ બોલમાં ૮૮ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી

**અબતક, રાજકોટ**

રણજી ટ્રોફીની ફાઈનલ મેચનો આજથી પ્રારંભ થયો છે જેમાં આઠ વખતની ચેમ્પિયન કર્ણાટકની ટીમનો સામનો પ્રથમ વખત રણજી ટ્રોફીની ફાઈનલમાં પહોંચેલી જમ્મ-કાશમીરની ટીમ ટકરાઈ રહી છે. કર્ણાટકની ટીમ ૧૪ વખત રણજી ટ્રોફીની ફાઈનલમાં પહોંચી ચૂકી છે અને તેની નજર નવમી વખત ટાઈટલ જીતવા પર રહેશે જ્યારે જમ્મુ-કાશમીરની ટીમ પણ ઈતિહાસ રચવાના ઈરાદે મેદાને ઉતરી છે. જમ્મુ કાશમીરે ટોસ જીતી પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. અને આ લખાઈ રહ્યું છે ત્યારે જમ્મુએ ૨ વિકેટ ગુમાવી ૧૭૭ રન બનાવી લીધા છે.યાવેર હુસેન ૧૫૦ બોલમાં ૮૮ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી.શુંભમન પુણધીરે ૧૪૦ બોલમાં અણનમ ૬૪ રન પર જયારે પારસ દોંગા ૮ રન બનાવી ક્રિઝ પર છે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશમીરની ટીમે આ સિઝનમાં શાનદાર પ્રદર્શન કરતાં દિલ્હી, મધ્ય પ્રદેશ અને બંગાળ જેવી મોટી ટીમોને પરાજય આપ્યો હતો. જમ્મુ-કાશમીરની ટીમે ક્વાર્ટર ફાઈનલમાં એમપીને ૫૬ રને જ્યારે સેમિફાઈનલમાં પશ્ચિમ બંગાળને છ વિકેટે પરાજય આપી ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.





ટીમનો મુખ્ય બોલર આકિબ નબીએ નવ મેચમાં ૫૫ વિકેટ ઝડપી ટીમને ફાઈનલ સુધીમાં પહોંચાવડામાં મહત્વની ભૂમિકા ભજવી છે. જ્યારે મીડિયમ પેસર સુનિલકુમારે ૨૯ અને સ્પિનર આબિદ મુશ્તાકે ૨૬ વિકેટ ઝડપી ટીમના વિજયી દેખાવમાં યોગદાન આપ્યું છે.

બીજી તરફ કર્ણાટકની ટીમે શરૂઆતમાં થોડી મુશ્કેલીનો સામનો કર્યા બાદ નોકઆઉટ રાઉન્ડમાં શાનદાર દેખાવ કર્યો હતો જેમાં ક્વાર્ટર ફાઈનલમાં મુંબઈને ચાર વિકેટે પરાજય આપ્યો જ્યારે સેમિફાઈનલમાં પ્રથમ ઈનિંગના આધારે ઉત્તરાખંડ સામે વિજય મેળવી ફાઈનલમાં સ્થાન બનાવ્યું હતું.

ટીમના ખેલાડી આર. સ્મરણ (૯૫૦ રન), કરુણ નાયર (૬૯૯ રન), દેવદત્ત પડિકલ (૫૩૨ રન) અને લોકેશ રાહુલ (૪૫૭ રન) જોરદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. જેને કારણે કર્ણાટકની બેટિંગ અને જમ્મુ-કાશમીરની બોલિંગ વચ્ચે મુકાબલો જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી રણજી ટ્રોફીમાં બંને ટીમો ચાર વખત ટકરાઈ ચૂકી છે અને ચારેય વખતે કર્ણાટકે જીત મેળવી છે.

તેમાં પણ બે વખત ઈનિંગથી વિજય મેળવ્યો છે. જોકે, આ વખતે જમ્મુ-કાશમીરની ટીમ જે રીતે પ્રદર્શન કરી રહી છે તે જોતાં આ મુકાબલો રસાકસીભર્યો જોવા મળી શકે તેમ છે.



વિકસિત ભારત

ગુજરાત બજેટ 2026-27

વિકસિત ગુજરાત



## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું

# સૌથી મોટું બજેટ

# ₹ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ

## 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'નો ધ્યેય થશે સિદ્ધ

**રાજ્ય સરકારનો સર્વગ્રાહી અને સર્વ-સમાવેશી અભિગમ**

પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત બજેટ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ

**₹૧૯,૧૧૯ કરોડની જોગવાઇ**

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ (છ) ક્ષેત્ર માટે

**₹૨૦૦૦ કરોડની જોગવાઇ**

**"સૌના માટે ઘર"**નો સંકલ્પને સાકાર કરવા વિવિધ આવાસ યોજનાઓ હેઠળ આશરે ૩.૧૫ લાખથી વધુ આવાસો બનાવવા

**₹૪૨૭૨ કરોડની જોગવાઇ**

૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેક્નોલોજીથી સ્માર્ટ બનાવવા

**₹૧૨૫૦ કરોડનું રોકાણ તેમજ ₹૫૦ કરોડના રોકાણથી**

૧૨૦ મીની GIDCનું નવીનીકરણ.

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી **"અમૃતમ્ (મા યોજના)"** યોજના હેઠળ


**₹૩૪૭૨ કરોડની જોગવાઇ**

નમો શક્તિ એક્સપ્રેસ-વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ માટે વધુ

**₹3000 કરોડની જોગવાઇ**

VB-G RAM G (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)) યોજના હેઠળ કામના દિવસો 100થી વધારી ૧૨૫ કરવામાં આવ્યા, **જેના માટે કુલ ₹૧૫૦૦ કરોડનું આયોજન**

સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે **૭૭ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ₹ ૫૯૬૭ કરોડની જોગવાઇ**



નિકાસને વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવાનો નિર્ણય

કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹ ૧૫૬૫ કરોડની જોગવાઇ**

મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ વિસ્તારવા **₹ ૪૭ કરોડની જોગવાઇ**

મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારી વધારવા પાંચ નવા સેટેલાઇટ ટાઉન કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ **₹ ૫૬૦૦ કરોડની જોગવાઇ**

અદ્યતન પરિવહન સુવિધા માટે ૨૪૬૩ જેટલી નવી બસો (જે પૈકી ૫૦૦ AC ઇલેક્ટ્રિક બસો) તેમજ આદિજાતિ તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં ૫૦૦ મીડી બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ **₹ ૧૨૮૬ કરોડની જોગવાઇ**

ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના માટે **₹ ૬૦ કરોડની જોગવાઇ**

આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળતી માસિક સહાય **₹ ૩૪૦ નો વધારો કરી ₹ ૨૫૦૦ કરવાનો નિર્ણય**

> **"ગરવા ગુજરાતની પ્રગતિને આગવી ગતિ આપતું આ ઐતિહાસિક બજેટ વર્ષ ૨૦૨૬-૨૭ નાગરિક જીવનના તમામ પાસાને સ્પર્શી તેને બળ આપનારું અને સૌને વિકાસની સમાન તકો આપનારું બની રહેશે."**
>
> **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



# હસનવાડીમાં નાદ ટ્રાન્સપોર્ટની ઓફિસમાં ઘુસી યુવાનને છરીના સાત ઘા ઝીંકી દેવાયા

## ગાળો બોલવાની ના પાડતા રવિ ઉર્ફે ભગત અને મહેશ ઉર્ફે ગટીયો તૂટી પડ્યા

## ગાયત્રીનગરમાં જેની સાથે માથાકૂટ કરી તે ગેરેજ સંચાલકને શોધવા ટ્રાન્સપોર્ટ ઓફિસે ધસી ગયા: નિર્દોષ યુવાન પર જીવલેણ હુમલો કરી ફરાર થઈ ગયાં

**અબતક, રાજકોટ**

હસનવાડીમાં આવેલ નાદ ટ્રાન્સપોર્ટની ઓફિસમાં ઘુસી કુખ્યાત રવી ઉર્ફે ભગત નામના શખ્સે આતંક મચાવી ગાળો બોલવાની ના પાડનાર યુવાનને છરીના સાત ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કરતાં ઘવાયેલ યુવાન સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે ભક્તિનગર પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે પોપટપરા શેરી નં.૧૪ માં ભરવાડ સમાજની વાડીમાં રહેતાં કાસમભાઈ અલ્લારખાભાઈ ચાનીયા (ઉ.વ.૫૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રવી ઉર્ફે ભગત અને જયેશ ઉર્ફે ગટીયો મહેશ દવેનું નામ આપતાં ભક્તિનગર પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ એપીએસ સિક્યોરીટીમાં સીકયોરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેઓને સંતાનમાં બે દિકરીઓ તથા એક દિકરો છે. જેમાં નાનો દિકરો ૨૩ વર્ષીય અમન જે અપરણીત છે અને હસનવાડી શેરી નં. ૩ માં આવેલ નાદ ટ્રાન્સપાર્ટમાં છેલ્લા એક વર્ષથી નોકરી કરે છે.

ગઈકાલે તેઓ ૧૫૦ ફુટ રિંગ રોડ પર આવેલ આંબેડકર ચોક પાસે કૃતિ ઓનેલા બિલ્ડીંગમાં બેંકની બહાર એટીએમ ઉપર સીક્યોરીટી ગાર્ડની નોકરી ઉપર હતાં ત્યારે દસેક વાગ્યાની આસપાસ તેમના ભત્રીજા અમિત ચાનીયાનો ફોન આવેલ કે, તમારા દિકરા અમનને નાદ સર્વિસ ટ્રાન્સપોર્ટની હશનવાડી શેરી નં. ૩ માં આવેલ ઓફિસ ઉપર કોઈએ છરીના ધા મારી દીધેલ છે અને તેને મધુરમ હોસ્પિટલે લાવેલ છે, તમે મધુરમ હોસ્પિટલ આવો કહેતાં તેઓ તુરંત જ હોસ્પિટલ પર દોડી આવેલ અને જોયેલ અમનને ઈમરજન્સી રૂમમાં સારવારમાં હતો.



તેને શરીરે પીઠમાં બે જગ્યાએ, છાતીમા ત્રણ જગ્યાએ, મોઢા ઉપર દાઢીના ભાગે એક તથા હાથની હથેળીમાં છરીના ધા મારેલ હતો.

### રવિ ઉર્ફે ભગતે અગાઉ કારખાનેદારને પણ છરી પોરવી દીધી'તી

નિર્દોષ યુવાન પર છરી વડે હુમલો કરી સાત ઘા ઝીંકી દેનાર રવિ ઉર્ફે ભગતએ અગાઉ કારખાનેદાર પર પણ છરી વડે હુમલો કર્યો હતો. અગાઉ પણ પોલીસ અરજી પરત ખેંચી લેવાનું કહી સરા જાહેર કારખાનેદારને પણ છરીના ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો હતો. રવિ ઉર્ફે ભગત અવારનવાર માથાકૂટ કરી ભય ફેલાવતો રહે છે.

તેમનો પુત્ર બોલી શકતો નહતો તે આખો લોહી લુહાણ હાલતમાં હતો. તેમનો પુત્ર જ્યાં ટ્રાન્સપોર્ટની ઓફિસમાં કામ કરે છે તે ઓફિસના મૂળ માલીક જીતુભાઈ ટારીયા તેઓને મળેલ અને વાત કરેલ કે, ગઈકાલે તેઓ તેમના ગાયત્રી નગર શેરી નંબર ત્રણના ખૂણે આવેલ સર્વિસ સ્ટેશન પર હતા ત્યારે રાત્રિના નવ વાગે તેઓની સાથે જયેશ ઉર્ફે ગટિયો અને રવિ ઉર્ફે ભગત બંને કોઈ કારણોસર ઝઘડો કરવા લાગેલ અને તેઓને ત્યાં સર્વિસ સ્ટેશનથી ભગાડી અને કાઢી મુકેલ હતા. ત્યારબાદ રાત્રીના સાળા નવ વાગે આ બંને શખ્સો હસનવાળી શેરી નં.૩ માં આવેલ નાદ સર્વિસ ટ્રાન્સપોર્ટએ જીતુભાઈ ટારીયા જેઓ તે ટ્રાન્સપોર્ટની દુકાનના માલીક હોય જેથી તેઓ ત્યાં મળશે તેમ સમજી બંને શખ્સો ત્યાં ઘસી આવી જીતુભાઈ ટારીયા બાબતે પૂછી અમન સાથે ઝઘડો કર્યો હતો.

જે બાદ રવિ ઉર્ફે ભગતે છરી કાઢી અમનને શરીરના ભાગે આડેધડ છરીના ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે બાદ બંને શખ્સો યુવાને ત્યાં જ મૂકી નાસી છૂટ્યા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી પીઆઈ એમ.એમ.સરવૈયા અને ટીમે તપાસ આદરી આરોપીની શોધખોળ આદરી હતી.

## ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડાયો: ભક્તિનગર પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી

# રણછોડનગરમાં મકાનમાં ચાલતું જુગાર ધામ ઝડપાયું

## પીસીબીની ટીમે રૂ.૧.૦૬ લાખના મુદ્દામાલ સાથે છ પતા પ્રેમીને ઝડપી લીધા

**અબતક, રાજકોટ**

શહેરના સદગુરુ રણછોડ નગર શેરી નંબર ૦૧માં મકાનમાં ચાલતા જુગાર ધામ પર પીસીબીની ટીમે દરોડો પાડી રૂ.૧.૦૬ લાખના મુદ્દામાલ સાથે છ પત્તા પ્રેમીને ઝડપી લીધા છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીસીબી ની ટીમ રણછોડ નગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, સદગુરુ રણછોડ નગર શેરી નંબર ૦૩માં રહેતો આશિષ ઉર્ફે ભૂરો અમૃતભાઈ પીપળીયા નામનો શખ્સ તેના મકાનમાં જુગારનો અખાડો ચલાવી રહ્યો છે. બાતમીના પગલે પીસીબી ની ટીમે મકાનમાં દરોડો પાડી , જુગાર રમતો આશિષ ઉર્ફે ભૂરો પીપળીયા, ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગણેશ પાર્કમાં રહેતો મુકેશ લાલજીભાઈ મકવાણા, મોરબી રોડ જકાતનાકા પાસે સતનામ પાર્કમાં રહેતો નિલેશ લાલજીભાઈ ભોગાયતા, મોરબી રોડ શ્રી હાઈટ્સ માં રહેતો અને ચાંદીકામ કરતો કાનજી દેવરામભાઈ ભોગાયતા, પેડક રોડ પર આરાધના સોસાયટીમાં રહેતો પ્રવીણ લખમણભાઈ રામાણી, સદગુરુ સોસાયટી શેરી નંબર ૦૩માં રહેતો અને ઈમિટેશનનો ધંધો કરતો હિતેશ કેશુભાઈ પીપળીયા અને રણછોડ નગર શેરી નંબર ૦૩માં રહેતો ઈમિટેશનનો ધંધો કરતો જયેશ જીવરાજભાઈ પીપળીયા નામના પતા પ્રેમીઓને રૂ.૧.૦૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. દરોડા ની કામગીરી પીસીબી પીઆઈ એમ આર ગોંડલીયા, એમ જે હુંણના માર્ગદર્શન હેઠળ, પીએસઆઈ આર કે જાડેજા, એ.એસ.આઈ મયુરભાઈ પલાળીયા, કોસ્ટેબલ નગીનભાઈ ડાંગર અને હિરેનભાઈ સહિતના સ્ટાફે બજાવી છે.

# સી.જે. ગ્રુપ દ્વારા ૧૮ દીકરીઓને આપી સ્મૃતિ ભેટ આપી



**અબતક, રાજકોટ**

સી.જે. ગ્રુપ રાજકોટ દ્વારા મધ્યમ વર્ગની ૧૮ દિકરીઓને કન્યા વિદાય સમારોહમાં સી.જે. ગ્રુપ પરિવારના સહયોગથી સ્મૃતિ ભેટો આપવાનું રાજકોટ સી.જે. ગ્રુપે નક્કી કરેલ. આ શુભ કાર્ય રાજકોટના સી.જે. ગ્રુપના સ્થાપક ચિરાગભાઈ ધામેચાના પ્રયત્નથી તેમજ તેમના માર્ગદર્શન નીભે મધ્યમ વર્ગની દીકરીઓને ગોતવામાં આવેલ. આ વંદનીય અને સરાહનીય કાર્ય બદલ સી.જે. ગ્રુપ ઉપર મો. નં. ૯૪૨૮૨ ૩૧૨૭૧ શુભેચ્છાઓ આપી રહ્યા છે.

# અકસ્માતના ગુનામાં કાર ચાલક આત્મન પટેલના આગોતરા જામીન અદાલતે ફગાવ્યા

## ક્રિસ્ટલ મોલ પાસે બીએમડબલ્યુ કારે મોટરસાયકલને ઠોકરે લઈ સર્જેલા અકસ્માતમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થીનું મોત નિપજ્યું તું

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલ પાસે બી એમ ડબલ્યુ કારે મોટરસાયકલને ઠોકરે લઈ સર્જેલા અકસ્માતમાં યુવકના મોત નીપજવાના બનાવમાં મૃતકના પરિવાર દ્વારા પોલીસ કમિશનરને કરેલી રજૂઆત બાદ હિટ એન્ડ રન ની કલમ બીએનએસ ૧૦૫ અને એમ વી એક્ટ ૧૮૫ નો કરેલો ઉમેરો બાદ કાર ચાલક આત્મન પટેલે પોલીસ ધરપકડની દેહસતથી કરેલી આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા રોડ નજીક આવેલ નંદાહોલ પાસે અર્જુન પાર્કમાં રહેતો અભિષેક નરેન્દ્રભાઈ નાથાણી નામનો ૨૦ વર્ષીય એન્જિનિયરિંગનો વિદ્યાર્થી લષ ૩ પીઈ ૯૮૧૨ નંબરનું ગત તારીખ ૧૦/ ૧૧ /૨૦૨૫ ના રોજ વહેલી સવારે કાલાવડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવતી જીજે૩ ક્ષબ ૭૩ ૦૧ નંબરની બળૂ નંબરની કારે એક્સિસને ઠોકરે લેતા સર્જાયેલા અકસ્માતમાં અભિષેક નાથાણી નામના યુવાનને ગંભીર રીતે ઘવાયેલા અભિષેકનું મોત નીપજતા મૃતકના ભાઈ કેવલ નરેન્દ્રભાઈ નાથાણીએ તાલુકા પોલીસ મથકમાં કારના ચાલક આત્માન અક્ષય ભાઈ પટેલ નામના વેપારી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માતની કલમ હેઠળ ગુનો નોંધી પોલીસ સ્ટેશનમાં જામીન આપવામાં આવ્યા હતા. બાદ ફરીયાદી કેવલ લાખાણી એ પોલીસ કમિશનર સહિત અધિકારી ને લેખિત રજૂઆત કરી બનાવ હિટ એન્ડ રનનો હોય અને સીસીટીવી ફૂટેજ તપાસમાં સામેલ રાખવા અંગે તેમજ બીએનએસ કલમ ૧૦૫ નો ઉમેરો કરવા માંગ કરી હતી. બાદ પોલીસ દ્વારા આરોપી આત્મન પટેલનું બ્લડ સેમ્પલ લેવામાં આવ્યું હતું. તપાસનીશ દ્વારા તારીખ ૫ / ૨ /૨૬ ના રોજ અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવ્યા બાદ બ્લડ સેમ્પલનો રિપોર્ટ આવતા જેમાં આરોપી આત્મન પટેલના બ્લડ સેમ્પલ માંથી આલ્કોહોલની હાજરી મળી આવેલી હોય તે સંબંધિત પુરાવો મળી આવતા પોલીસે તારીખ ૧૨ ૨ ૨૬ ના રોજ હિટ એન્ડ રન અંગેની કલમ બીએનએસ ૧૦૫ અને એમવી એક્ટ ૧૮૫ ની કલમનો ઉમેરો કરવા અદાલત સમક્ષ અરજી કરી હતી. આ અંગે આરોપી આત્મન પટેલને જાણ થતાં તેઓએ ધરપકડથી બચવા સેશન્સ અદાલત સમક્ષ આગોતરા જામીન અરજી કરી હતી. આગોતરા જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફથી આગોતરા જામીન અરજી અંગે સખત વિરોધ કરી એ.પી.પી. દ્વારા થયેલી રજૂઆતો મૂળ ફરિયાદીના વકીલ તરફે થયેલી રજૂઆતોમા આરોપી બ્લડ સેમ્પલમાંથી આલ્કોહોલની હાજરી મળી આવેલી હોય, આરોપી પૂરઝડપે બેફિકરથી બીએમડબલ્યુ કાર પૂરઝડપે ચલાવતા હોય તેમજ અકસ્માત સ્થળેથી સ્કૂટર ૨૩૦ ફુટ દૂર ફંગોળાઈ ગયેલ અને મૃતકનો મોબાઈલ સ્કૂલના કમ્પાઉન્ડમાંથી મળી આવેલ હતો જેથી કારની સ્પીડ કેટલી હોય જેનો અંદાજ આવી શકે તેમ છે. તેમજ આરોપીને આગોતરા જામીન આપી શકાય તેમ ન હોય તે અંગેના

સર્વોચ્ચ અદાલતોના ચુકાદાઓ રજૂ રાખવામાં આવેલ હતા. તમામ પક્ષ પક્ષ દ્વારા થયેલી રજૂઆતો ધ્યાને લઈ સેશન્સ અદાલત દ્વારા આરોપીની આગોતરા જામીન અરજી રદ કરવામાં આવી છે.આ કામે સરકાર પક્ષે એ.પી.પી. પ્રશાંતભાઈ પટેલ તથા મૂળ ફરિયાદી કેવલભાઈ નાથાણી તરફે ધારાશાસ્ત્રી રાજેશ કે. મહેતા, ધવલ પી. મહેતા, ગૌરવ પી. મહેતા, ગૌરાંગ મહેતા, સી. વી. અઘેરા, એચ. આર. મહેતા, સુરેન્દ્રસિંહ જાડેજા, એમ. એન. ચુડાસમા રોકાયેલા હતા.

# લાંચના ગુનામાં આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટની રેગ્યુલર અને નિવૃત્ત અધિકારીના આગોતરા જામીન રદ

## ઈન્કમટેક્સ વિભાગમાં નિવૃત્ત અધિકારીનું ચાર લાખનું એરિયર્સ બિલની ચુકવણી માટે રૂા. ૪૫ હજારની લાંચ લેતા ત્રણ ઝડપાયા

**અબતક, રાજકોટ**

ઈન્કમટેક્સ વિભાગમાં નિવૃત્ત અધિકારીનું રૂપિયા ચાર લાખનું એરિયર્સ બિલની ચુકવણી માટે રૂા. ૪૫ હજારની લાંચના ફરજ પરના જોનલ કચેરીના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ અધિકારીની રેગ્યુલર જામીન અરજી અને તેની મદદગારી કરનાર ભુજના નિવૃત અધિકારીની આગોતરા જામીન અરજી ખાસ અદાલતના જજ ટી. એસ. બ્રહ્મભટ્ટ દ્વારા રદ કરવામાં આવી છે.

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે, ઝોનલ ઈન્કમટેક્સ કચેરીના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ આરોપી રવિકુમાર જાગીરે નિવૃત્ત અધિકારીના રૂા.૪ લાખના એરિયર્સની ચુકવણી માટે ૨૦% લેખે રૂા.૮૦ હજાર માંગ્યા બાદ કરેલ હતી. જે રકજકના અંતે રૂા.૫૦ હજારમાં નકકી થયેલ હતી. આ રકમમાંથી ફરીયાદીએ રૂા.૫,૦૦૦/- આપી દીધા બાદ રૂા.૪૫,૦૦૦ આરોપી રવિકુમારને ટ્રેપ અંગેની દહેસત થતા તેમણે ઈન્કમ ટેક્ષ નિવૃત પટાવાળા શૈલેષ ચૌહાણને ફોન કરી આ રકમ સ્વીકારાવવા માટે વ્યવસ્થા કરી આપવા જણાવેલ. આ નિવૃત અધિકારીએ ઈન્કમ ટેક્ષ ડિપાર્ટમેન્ટમાં તરીકે નોકરી કરતા અક્ષયભાઈ વાગડીયાને ફોન કરી ફરીયાદીને સ્થળ પર મોકલી લાંચની રકમ સ્વીકારાવેલ હતી. આ લાંચની રકમ સ્વીકારાય ગયા બાદ આ મુજબ પટાવાળા અક્ષય વાગડિયા છટકી જાય તે પહેલા એ.સી.બી.ના અધિકારીના હાથે ઝડપાઈ ગયેલ.આ ગુન્હામાં ભુજના નિવૃત અધિકારી શૈલેષ ચૌહાણે આગોતરા જામીન દાખલ કરેલ અને ફરજ પરના અધિકારી રવિકુમારે રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. બંને સામે ગુન્હો સાબિત થતો ન હોય તેથી તેઓને જામીન મુકત કરવા જોઈએ.જે સામે સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતું કે ટ્રેપ દરમ્યાન ફરિયાદીના શર્ટમાં જે વોઈસ રેકોર્ડર સેટ કરવામાં આવેલ હતું, તેમાં આ ત્રણેય આરોપીઓ વચ્ચેનો વાર્તાલાપ રેકોર્ડ થયેલ છે. ફરજ પરના અધિકારી રવિકુમારે ફરીયાદી પાસેથી રકમ સ્વીકારવા નિવૃત અધિકારીને ફોન કરેલ છે તે હકિકત જણાવે છે કે તેઓ ઝડપાઈ ન જાય તેવી ચોકકસ તકેદારી રાખીને લાંચની રકમ સ્વીકારે છે. નિવૃત્ત અધિકારી વિશે સરકાર તરફે જણાવવામાં આવેલ કે સરકારી હોદા પરથી નિવૃત્ત થઈ ગયેલ હોવા છતા લાંચની રકમ સ્વીકારવા કે મેળવવાની આદત જતી નથી, તેથી ફરજ પરના અધિકારીને મદદગારી કરી આવા ગેરકાનુની વ્યવહારો પુરા કરાવે છે. આ પ્રકારની મનોવૃતિવાળા લોકો અને તેઓ સામે ઈલેકટ્રોનિક પુરાવો ઉપલબ્ધ હોય ત્યારે જામીનના તબકકે જ ગુન્હો પુરવાર થતો હોવાનું જણાય છે. આ સંજોગોમાં બંને આરોપીઓને જામીન મુકત કરવા હિતાવહ નથી, આ દલીલોના અંતે ખાસ અદાલતના જજ ટી.એસ. બ્રહ્મભટ્ટે બંને આરોપીઓની જામીન અરજી રદ કરી છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# નાણાવટી ચોક પાસે કચરામાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળ્યો

**અબતક, રાજકોટ**

શહેરના આજે માનવતાને શર્મસાર કરતી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શહેરના નાણાવટી ચોક પાસે આવેલી નંદનવન સોસાયટીમાં નદિશ્વર મહાદેવ મંદિર સામે કચરાના ઢગલામાંથી આશરે ૧ થી ૨ દિવસની વય ધરાવતી નવજાત બાળકીનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, નાઈન્થ એવન્યુ બિલ્ડિંગની સામે આવેલી નંદનવન સોસાયટી પાસે જ્યારે સ્થાનિક લોકો પસાર થઈ રહ્યા હતા, ત્યારે કચરાના ઢગલામાં નવજાત બાળકી નજરે પડી હતી. બાળકીને જોતા જ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને તુરંત પોલીસ તેમજ ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ની ટીમ દ્વારા બાળકીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, કોઈ અજાણી મહિલા કે પરિવારે કોઈ કારણોસર બાળકીને જન્મ આપ્યા બાદ અહીં ત્યજી દીધી હોવાની શક્યતા છે. પોલીસે હાલ બાળકીને અહીં કોણ ફેંકી ગયું તે જાણવા માટે પોલીસ આસપાસના બિલ્ડિંગો અને રસ્તા પરના ઈઈઝટ ફૂટેજ તપાસી રહી છે. પોલીસે બાળકીના માતાપિતાની શોધખોળ કરવા આગળની તપાસ હાથ ધરી છે.

## ભાડે મેળવેલી કારનું અકસ્માત થતા નુકસાની ચૂકવવા આપેલો

# ચેક રિટર્ન કેસમાં નમ્રતાબેનને બે વર્ષની સાદી કેદની સજા

## ૩.૭૫ લાખ વ્યાજ સાથે સમય મર્યાદામાં ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ

**અબતક,રાજકોટ**

શહેરની રાજા મોમાઈ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ પાસેથી ભાડે મેળવેલી કાર નું અકસ્માત થતા જેનું નુકસાની ચૂકવવા આપેલો ૩ લાખનો ચેક વગર વસુલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે કાર ભાડે મેળવનાર મહિલા નમ્રતાબેન વ્યાસને બે વર્ષની સાદી કેદની સજા અને એક મુજબનું વળતર છ ટકા લેખે ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે અને જો દંડ ની રકમ ન ચૂકવે તો વધુ છ માસની સજા નો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ રાજકોટ શહેરમાં રહેતા નમ્રતાબેન યશભાઈ વ્યાસ નામની મહિલાએ તાલાલા જવા માટે રાજા મોમાઈ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ નામની પેઢી પાસેથી કાર ભાડે મેળવી શરત મુજબનું બાંહેધરી પત્રક કરી આપ્યું હતું. બાદ નમ્રતાબેન વ્યાસ કાર લઈને ગયા ત્યારે અકસ્માત થયો હતો અને કારમાં મોટું નુકસાન થયું હતું જે રકમ ચૂકવવા માટે આપેલો રૂપિયા ૩ લાખનો ચેક વગર વસુલાતે પરત ફર્યો હતો બાદ રાજા મોમાઈ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ ના સંચાલક દ્વારા નમ્રતાબેન વ્યાસને કાયદાકીય જોગવાઈ પ્રમાણે લીગલ નોટિસ પાઠવવામાં આવી હતી નોટિસ બીજી જવા છતાં સમય મર્યાદામાં નમ્રતાબેન વ્યાસએ સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે રાજા મોમાઈ ટૂટ સેલ ટ્રાવેલ્સના સંચાલક રવિ કુમાર અગ્રવાલ દ્વારા અદાલતમાં નમ્રતાબેન વ્યાસ વિરુદ્ધ ફોજદારી ફરિયાદ કરી હતી. આ કેસ ચાલી જતા ફરીયાદીનાં વાહનની નુકશાની પેટેની કાયદેસરની લેણી રકમ અદાલતમાં સાબિત થયેલી હોય તથા વિવિધ અદાલતોનાં ચુકાદાઓને ધ્યાને લઈ નમ્રતાબેન ડો/ઓ હર્ષદભાઈ મહેતા વા/ઓ. યશભાઈ પરસોતમભાઈ વ્યાસને અદાલતે ૨ વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ ૩.૭૫ લાખનો દંડ પેટે ચુકવવાનો હુકમ કરેલ, જો દંડ પેટેની રકમ ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ કરેલ છે, રકમ છ ટકા વ્યાજ સહિત ચુકવવાનો હુકમ કરેલ છે. રાજકોટનાં અગ્રણી ધારાશાસ્ત્રી સિધ્ધરાજસિંહ કે. જાડેજા રોકાયેલ હતાં.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ


| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૭૫૩ | ૮૩૪ | ૧૬૫૮ |
| પપૈયા | ૩૯ | ૮૪ | ૧૪૪ |
| બટેટા | ૫૧૬૦ | ૭૮ | ૧૭૯ |
| ડુંગળી સુકી | ૧૫૭૯ | ૫૦ | ૨૫૮ |
| ટમેટા | ૧૦૪૧ | ૮૭ | ૨૧૧ |
| સુરણ | ૧૧ | ૮૦૭ | ૧૦૧૧ |
| કોથમરી | ૪૧૬ | ૧૦૬ | ૧૬૦ |
| સકરીયા | ૬૧ | ૪૫૮ | ૬૬૭ |
| મુળા | ૬૩ | ૪૧૩ | ૬૦૯ |
| રીંગણા | ૪૬૫ | ૧૯૮ | ૬૦૭ |
| કોબીજ | ૪૦૩ | ૮૪ | ૧૨૩ |
| ફલાવર | ૩૫૯ | ૨૧૧ | ૪૧૭ |
| ભીંડો | ૧૭૮ | ૭૯૬ | ૧૩૧૩ |
| ગુવાર | ૧૬૯ | ૧૦૦૮ | ૨૦૨૩ |
| ચોળાસીંગ | ૮૫ | ૮૧૩ | ૧૨૧૪ |
| વાલોળ | ૧૬૧ | ૧૯૮ | ૫૧૩ |
| ટીંડોળા | ૩૩ | ૨૧૪ | ૩૨૩ |
| દુધી | ૩૪૮ | ૧૦૪ | ૩૦૨ |
| કારેલા | ૩૨૧ | ૭૯૭ | ૧૦૧૪ |
| સરગવો | ૬૪ | ૭૨૩ | ૧૩૨૯ |
| તુરીયા | ૪૨ | ૪૦૧ | ૮૧૫ |
| પરવર | ૨૪ | ૧૪૩૧ | ૧૯૭૭ |
| કાકડી | ૩૦૮ | ૩૯૧ | ૬૦૩ |
| ગાજર | ૩૪૦ | ૨૧૧ | ૩૩૬ |
| વટાણા | ૨૭૩ | ૪૩૩ | ૬૨૪ |
| તુવેરસીંગ | ૧૧૧ | ૩૦૧ | ૫૬૪ |
| ગલકા | ૧૭૮ | ૩૯૮ | ૬૦૯ |
| બીટ | ૨૬૪ | ૬૫ | ૧૪૭ |
| મેથી | ૩૨૧ | ૧૫૭ | ૨૨૧ |
| વાલ | ૪૧ | ૮૦૩ | ૧૦૧૩ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૨૧૭ | ૩૨૮ |
| આદુ | ૨૯૮ | ૯૨૬ | ૧૧૩૨ |
| ચણા લીલા | ૨૨૧ | ૧૧૫ | ૨૩૭ |
| મરચા લીલા | ૧૧૫૨ | ૪૨૩ | ૬૦૩ |
| હળદર લીલી | ૩૬ | ૩૧૭ | ૫૦૬ |
| લસણ લીલું | ૨૯ | ૭૦૮ | ૧૧૨૪ |
| મકાઈ લીલી | ૨૪૨ | ૧૬૮ | ૨૮૪ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૪૭૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૫૫૦૦ | ૪૯૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૨૪૦ | ૮૫૦ | ૧૧૪૦ |
| બાજરી | ૭૬ | ૨૫૦ | ૩૬૫ |
| મકાઈ | ૫ | ૨૭૦ | ૩૭૦ |
| તુવેર | ૦ | ૧૪૬૦ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૩૦૦૦ | ૯૨૫ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૫૦૦ | ૧૧૧૫ | ૧૭૭૦ |
| અડદ | ૧૧૦ | ૯૩૦ | ૧૬૪૫ |
| મગ | ૯૦ | ૮૩૧ | ૧૫૭૦ |
| વાલ દેશી | ૧૫૨ | ૮૦૦ | ૧૧૫૦ |
| વટાણા | ૩૪૦૦ | ૮૦૦ | ૧૪૭૫ |
| કળથી | ૧૮ | ૩૫૧ | ૫૪૦ |
| રાજમા | ૪૦૦ | ૧૨૦૦ | ૧૭૯૦ |
| મગફળી જાડી | ૦ | ૧૨૦૦ | ૧૫૪૯ |
| મગફળી જીણી | ૦ | ૧૨૫૦ | ૧૫૪૦ |
| તલી | ૧૮૦ | ૧૬૫૦ | ૨૦૮૦ |
| એરંડા | ૪૨૦ | ૧૧૬૦ | ૧૨૬૫ |
| અજમો | ૪ | ૭૨૫ | ૧૯૯૦ |
| સુવા | ૨ | ૮૦૦ | ૧૦૪૧ |
| સોયાબીન | ૨૨૦ | ૯૩૦ | ૧૦૦૩ |
| સીંગફાડા | ૩૦૦ | ૧૨૫૦ | ૧૬૭૪ |
| કાળા તલ | ૧૩૦ | ૨૩૦૦ | ૪૪૧૨ |
| લસણ | ૬૦૦ | ૮૦૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૪૭૦ | ૨૧૩૦ |
| મરચા સુકા | ૧૪૦ | ૨૩૬૦ | ૬૪૦૦ |
| ધાણી | ૩૦૦૦ | ૧૫૫૦ | ૨૪૪૦ |
| વરીયાળી | ૩૦ | ૧૧૦૦ | ૧૭૧૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૩૫૫૦ | ૪૪૫૧ |
| રાય | ૫૦૦ | ૧૨૨૦ | ૧૪૮૦ |
| મેથી | ૧૨૦૦ | ૮૯૦ | ૧૪૬૦ |
| કલોંજી | ૨૫ | ૨૭૦૦ | ૪૪૭૦ |
| રાયડો | ૮૦૦ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ગુવારનું બી | ૧૦ | ૯૯૫ | ૯૯૫ |

# વંદે માતરમની દરેક પંકિતમાં ભારત માતાનું અર્થપૂર્ણ ભકિતનું ગાનઃ મુખ્યમંત્રી

## વંદે માતરમ ગાનના ૧૫૦ વર્ષની ઉજવણીના ગૌરવ અવસરને વધાવતો સંકલ્પ વિધાન ગૃહમાં રજુ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વંદે માતરમ ગાનના ૧૫૦ વર્ષની ઉજવણીના ગૌરવ અવસરને વધાવવાનો સંકલ્પ ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં જે ગીતની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી થઈ રહી છે તે વંદે માતરમની દરેક પંક્તિમાં ભારત માતાનું અર્થપૂર્ણ ભક્તિ ગાન છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, વંદે માતરમ ગીતની તાકાત જ એટલી છે કે, ભલે તે ગુલામીના કાલખંડમાં રચાયું હોય પરંતુ તેનો અર્થ અને શબ્દો ગુલામીની છાયાં સુધી મર્યાદિત નથી રહ્યા આજે પણ એટલાં જ સુસંગત અને પ્રસ્તુત છે કે, આ વંદે માતરમ ગીત ક્યારેય અપ્રાસંગિક નહિ થાય.

આઝાદીની ચળવળને વેગ આપવાનું કારણ બનેલું વંદે માતરમ હવે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ અમૃતકાળમાં એ જ જોમ અને જુસ્સાથી વિકસિત ભારત - આત્મનિર્ભર ભારત માટે નવું પ્રેરણા બળ બની રહેશે તેમ તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ૧૮૭૫માં બંકિમ ચંદ્ર ચટોપાધ્યાયજીએ વંદે માતરમની રચના કરીને રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રચેતના સાથે સ્વતંત્રતાનો માર્ગ કંડાર્યો હતો અને જનજનમાં એવો વિશ્વાસ જગાવ્યો હતો કે, એવો કોઈ સંકલ્પ નથી જે પૂરો ન થઈ શકે, એવું કોઈ લક્ષ્ય નથી કે આપણે પ્રાપ્ત ન કરી શકીએ.

એટલું જ નહિ, મૂળ સભ્યતા, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાના રક્ષણની પ્રેરણા માટે રચાયેલા આ ગીતથી હચમચી ગયેલી તત્કાલિન બ્રિટીશ સરકારે વંદે માતરમ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. તે સમયે વંદે માતરમ ગાનારાઓને જેલમાં નાંખી દેવાતા તેમના પર કોરડા વિંઝવામાં આવતા હતા. આવા જૂલ્મો બાવજૂદ પણ વંદે માતરમ સ્વતંત્રતાનો જય ઘોષ અને લાખો દેશવાસીઓના સપનાના સમૃદ્ધ ભારતનો મંત્ર બની ગયો હતો

મુખ્યમંત્રીએ વંદે માતરમ ગીતમાં ભારત માતાની જળ, ફળ અને ધન-ધાન્યથી છલકતી, વિદ્યાદાયીની સરસ્વતી, સમૃદ્ધિ દાયીની માં લક્ષ્મી અને અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરનારી મા દુર્ગા તરીકેની જે ભક્તિ વંદના કરવામાં આવી છે તેનો ઉલ્લેખ કરતાં વંદે માતરમ ગીતની રચનાથી લઈને ૧૯૫૦માં બંધારણ સભાએ આ ગીતને જન ગણ મન રાષ્ટ્ર ગીતની સમાન દરજ્જો આપ્યો ત્યાં સુધીના રોમાંચક ઈતિહાસની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશની આઝાદી માટે અનેક નામી-અનામી સપૂતો વંદે માતરમનો નારો લગાવતાં લગાવતાં ફાસીને માંચડે ચડ્યા હતા અને સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. આ ગીતની પ્રેરણાથી દેશ વાસીઓમાં ભારત માતા માટે કુરબાન થઈ જવાની ભાવના અને ભારત ભક્તિ ઉજાગર થયા હતાં. આવા ત્યાગ, તપસ્યા અને બલિદાનથી ભારતને ગુલામીથી આઝાદી મળી પરંતુ દશકો સુધી મા ભારતીનું યોગ્ય સન્માન અને ગૌરવ ઉપેક્ષિત થતા રહ્યાં હતાં.

મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સેવા દાયિત્વ સંભાળતાં દેશ વાસીઓમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને રાષ્ટ્ર પ્રથમનો ભાવ ચેતનવંતો થયો છે. તેમણે વિરાસતોનું આગવું સન્માન કર્યુ છે અને મારી માટી-મારો દેશ, હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશી, હર ઘર તીરંગા - ઘર ઘર તીરંગા જેવા અભિયાનો સાથોસાથ હજારો વર્ષોની અટલ આસ્થા અને શ્રદ્ધાના પુનઃ જાગરણના સોમનાથ સ્વાભિમાન પર્વથી જન-જનમાં સાંસ્કૃતિક ચેતના પણ સુદ્રઢ કરી છે.

દુશમનોએ જયારે કાંકરીચાળો કર્યો ત્યારે ઓપરેશન સિંદૂરથી તેમને જડબાતોડ જવાબ બહુબલ ધારિણી રિપુદલ વારિણી ભારત માતાએ આપીને આપણી પરાક્રમની પરાકાષ્ટા

(અનુ. આઠમા પાને)

# રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં ઘઉં, ચણા, અને ધાણા સહિતની જણસીની નોંધપાત્ર આવક

## વિવિધ જણસી ભરેલા ૧૧૦૦ વાહનો યાર્ડમાં આવતા લાંબી કતારો લાગી

**અબતક,રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં વિવિધ પ્રકારની જણસીની નોંધપાત્ર આવક થઈ રહી છે. ઘઉં, ચણા અને ધાણાની સારી એવી આવક થવા પામી છે. આજે સવારે ૧૧૦૦થી વધુ વાહનો યાર્ડમાં આવતા લાંબી કતારો લાગી જવા પામી હતી. એક બાદ એક વાહનોને ક્રમશઃ યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આજે રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં કપાસની ૬૯૦૦ મણ, સોયાબીનની ૧૧૦૦ મણ, અડદની ૪૦૦ મણ, ઘઉંની ૨૧૦૦૦ મણ, ચણાની ૧૮૦૦૦મણ, ધાણાની આવક ૨૩૦૦૦ મણ, મગની ૩૦૦ મણ, લસણની ૧૦૦૦ મણ, સિંગફાડાની સફેદ તલની ૧૦૦૦ મણ, જીરૂની ૧૧૫૦૦ મણ, અને કાળાતલની ૫૦૦ મણ આવક થવા પામી હતી. વિવિધ જણસી



ભરેલા ૧૧૦૦થી વધુ વાનો યાર્ડમાં આવી જતા યાર્ડની બહાર વાહનોની લાંબી કતારો લાગી હતી. ખુદ યાર્ડના ચેરમેન વિજયભાઈ કોરાટ સહિતના યાર્ડના ડિરેકટરો ઉતરાય વ્યવસ્થામાં જોડાયા હતા.

# રાજયમાં ૩૧ મે સુધી જળ સંચયનું મહા અભિયાન યોજાશે

## સુજલામ સુફલામ જળ અભિયાનથી આઠ વર્ષમાં ૧ લાખ ૨૨ હજારથી વધુ કામો દ્વારા જળસંગ્રહ ક્ષમતામાં ૧ લાખ ૩૯ હજાર લાખ ઘન ફૂટ વધારો

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જળ સંચય અને જળ સંગ્રહ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા કેચ ધ રેઈન આહવાનને સાકાર કરવા ગુજરાતમાં સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી ૨.૦નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો છે.

જળ સંચય અને જળ સંગ્રહ માટેનું આ મહાઅભિયાન તા. ૩૧ મે ૨૦૨૬ સુધી યોજાશે. આ અભિયાન અંતર્ગત તાલુકા દીઠ ૧૦ તળાવો ઊંડા કરવા સહિત પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થાઓ વધુ સુદ્રઢ કરીને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના અને વરસાદી પાણીના સંગ્રહના કામો હાથ ધરવામાં આવશે.

આ હેતુસર, રાજ્ય સરકારના જળ સંપત્તિ, પાણી પુરવઠા, સરદાર સરોવર નર્મદા નિગમ, ગ્રામ વિકાસ, વન પર્યાવરણ, શહેરી વિકાસ સહિતના ૬ જેટલા વિવિધ વિભાગો તમામ જિલ્લાઓમાં લોકભાગીદારીથી જળસંચયના કામો હાથ ધરશે.

આવા કામોમાં હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનું ડીસીલ્ટીંગ, હયાત જળાશયો/નદીનું ડીસીલ્ટીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, નહેરો તથા કાંસની મરામત/જાળવણી/સાફ સફાઈ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ખેત તલાવડી, માટીપાળા, ટેરેસ/વનતળાવ, પીવાના પાણીના સ્ત્રોત/ટાંકી/સંપ/ ઈન્ટેક સ્ટ્રક્ચર તથા આસપાસની સફાઈ, તળાવોના વેસ્ટ વિયરના રીપેરીંગ, નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા વગેરે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષના સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી ૨.૦ની શરૂઆત ગાંધીનગર જિલ્લાના ભાટ ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીથી કરાવી હતી. આ તળાવ ઊંડુ થવાથી તેની કુલ સંગ્રહ ક્ષમતા ભવિષ્યમાં ૨.૦૧ લાખ ઘન ફૂટ થશે.

રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૮થી દર વર્ષે આ મહત્વપૂર્ણ અભિયાન એક ઝુંબેશ સ્વરૂપે હાથ ધરાય છે. ૨૦૧૮ થી ૨૦૨૫ના ૮ વર્ષ દરમિયાન જે ૧,૨૨,૨૯૯ કામો હાથ ધરવામાં આવેલા છે તેમાં તળાવો ઊંડા કરવાના, નવા તળાવોના ૩૯,૫૪૨, ચેકડેમ ડીસીલ્ટિંગના ૨૬,૫૪૪ તથા ૮૨,૨૪૦ કિલોમીટર લંબાઈમાં નહેરોની અને કાંસની સાફ-સફાઈના કામો થયા છે.

આ બધા કામોના પરિણામે રાજ્યની જળસંગ્રહ ક્ષમતામાં કુલ ૧,૩૯,૯૫૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે અને ૨૧૦ લાખ માનવદિન રોજગારી ઉભી થઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૬ના વર્ષ માટે સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી ૨.૦ની શરૂઆત ગાંધીનગરના ભાટ ગામથી કરાવી તે અવસરે જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી ઈશ્વરસિહ પટેલ, સાંસદ હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય

(અનુ. આઠમા પાને)

# ગુજરાતે ૧,૦૦,૧૩૫ એમએસએમઈ યુનિટસ સર્ટિફાઈડ કરી નવો રેકોર્ડ બનાવ્યો

## ▪ ૨૦૩૩ સુધીમાં ૨ લાખથી વધુ સરકારી જગ્યાઓ ભરાશેઃ હર્ષ સંઘવી
## ▪ ગુજરાતમાં હવે ટેન્કર રાજ નહીં 'નર્મદા રાજ' છેઃ ના. મુખ્યમંત્રી

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં રાજ્યપાલના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવમાં સહભાગી થતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિપક્ષ પર આકરા પ્રહાર કરવાની સાથે સરકારની સિદ્ધિઓનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યપાલશ્રીનું સંબોધન એ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત બનાવવાના સંકલ્પનો પવિત્ર દસ્તાવેજ છે. રાજ્યપાલનું અભિભાષણ ગુજરાતના 'પાસ્ટનો ફીડબેક' અને 'ફ્યુચરનો રોડમેપ' છે.

નાયબ મુખ્યમંત્રીએ ભૂતકાળની સરખામણી કરતા જણાવ્યું હતું કે, ૨૦મી સદીમાં કોંગ્રેસ શાસિત ગુજરાતની ઓળખ કરફ્યુ, કોમી રમખાણો અને ટેન્કર રાજ પૂરતી સીમિત હતી. વર્ષ ૨૦૦૧માં નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યા બાદ રાજ્યમાં કાયમી શાંતિ સ્થપાઈ છે. આજે 'કરફ્યુ' શબ્દ ગુજરાતની ડિક્શનરીમાંથી ભૂંસાઈ ગયો છે અને રાજ્યની દીકરીઓ અડધી રાત્રે પણ નિર્ભયતાથી ફરી શકે છે. જે પથ્થરો ક્યારેક રમખાણોમાં ફેંકાતા હતા, આજે એ પથ્થરોનો ઉપયોગ વિશ્વકક્ષાની હોસ્પિટલો અને યુનિવર્સિટીઓના નિર્માણ માટે થઈ રહ્યો છે.

રાજ્ય સરકાર માટે ગરીબ એ વોટબેંક નથી પણ 'દરિદ્ર નારાયણ' છે તેમ જણાવતા સંઘવીએ કહ્યું કે, 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ ૭૫ લાખ પરિવારોના ૩.૧૮ કરોડ નાગરિકોને વિનામૂલ્યે અનાજ અપાઈ રહ્યું છે. 'વન નેશન વન રેશનકાર્ડ' યોજનાથી ગરીબો-શ્રમિકો ગમે ત્યાંથી અનાજ મેળવી શકે છે. ગુજરાતમાં ૧૦ લાખથી વધુ લોકોને પાકા ઘર આપ્યા બાદ, આ વર્ષે વધુ ૩.૧૫ લાખ આવાસો આપવાનું લક્ષ્ય છે. 'આયુષ્માન ભારત-મા કાર્ડ' હેઠળ ૨.૭૨ કરોડ નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર સુલભ બનાવી છે.

યુવા વિકાસના આંકડા રજૂ કરતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, તાજેતરમાં જ ૧૯ ફેબ્રુઆરી ના રોજ ગુજરાતે ૧,૦૦,૧૩૫ એમએસએમઈ યુનિટ્સ સર્ટિફાઈડ કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે.

(અનુ. આઠમા પાને)

# જૂનાગઢ જીલ્લામાં ગ્રામ પંચાયતનો સ્વતંત્ર રીતે વહીવટ ચલાવનાર મહિલાને રૂ.૫૧ હજારનું પુરસ્કાર

## જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ.૩.૧૪ કરોડનું બજેટ મંજૂર કરાયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મહિલા સશકિત કરણના ભાગરૂપે જુનાગઢ જિલ્લા પંચાયત એ સમગ્ર રાજ્યમાં એક નવી અને પ્રેરણાદાયક પહેલ કરી છે. ગઈકાલે જિલ્લા પંચાયતની યોજાયેલી સામાન્ય સભામાં ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા મહિલા સરપંચ કે મહિલા પ્રતિનિધિ એકલી અન્યની દખલગીરી વિના સ્વતંત્ર રીતે ગામનો વહીવટ સંભાળતા હશે. તેમને જિલ્લા પંચાયત તરફથી રૂ. ૫૧,૦૦૦ નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું છે. આ સાથે આ બેઠકમાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬/૨૭ નું કુલ રૂ. ૩,૧૪,૧૪,૦૦૦ ની અંદાજિત આવક સામે રૂ. ૩,૦૯,૦૦,૦૦૦ ના ખર્ચના લક્ષ્યાંક સાથેનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે, આ બજેટમાં શિક્ષણ, બાંધકામ અને સામાજિક કલ્યાણ જેવા પાયાના ક્ષેત્રો પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

જુનાગઢ જિલ્લા પંચાયતમાં મંજૂર થયેલ બજેટ પર નજર કરીએ તો, આગામી નાણાકીય વર્ષ રૂ. ૧.૧૪ કરોડની ખુલતી સિલક સાથે શરૂઆત થશે. આવકના મુખ્ય સ્રોતોમાં જમીન મહેસૂલ જેવા વૈધાનિક અનુદાન રૂ. ૨૯.૧૮ લાખ અને સ્થાનિક વેરા રૂ. ૭.૫૬ લાખનો સમાવેશ થાય છે. જેની સામે સામાન્ય મહેકમ ખર્ચ માટે રૂ. ૫૩ લાખ અને પ્રવાસ ભથ્થા માટે રૂ. ૧૨.૩૦ લાખ ફાળવાયા છે. તમામ ખર્ચ બાદ કરતાં, નાણાકીય વર્ષના અંતે રૂ. ૧,૧૯,૬૪,૦૦૦ ની પુરાંત રહેવાનો અંદાજ છે.

આ બજેટમાં વિકાસ શ્રેત્રે ૧.૦૮ કરોડ, અને બાંધકામ ક્ષેત્રે

(અનુ. આઠમા પાને)

# ધ્રોલના જાયવા ગામે ખનિજ ચોરી પર ખાણ-ખનિજનો દરોડોઃ રૂ.૧ કરોડનો મુદ્દામાલ કબ્જે

## ગેરકાયદે મોરમનું ખનન કરતા એક્સકાવેટર મશીન અને ત્રણ ડમ્પર ઝડપાયા



તસવીરઃ સંજય ડાંગર, ધ્રોલ

**અબતક. સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના જાયવા ગામે ગેરકાયદે ખનિજ પ્રવૃત્તિ પર ખાણ-ખનિજ વિભાગે લાલ આંખ કરી છે. જાયવા ગામે તળાવ વિસ્તારમાં ગેરકાયદે મોરમ ખનીજનું બિનઅધિકૃત ખનન થતું હોવાની ફરિયાદ મળતા, ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા તા. ૨૩/૦૨/૨૦૨૬ના રોજ દરોડો પાડવામાં આવ્યો હતો.આ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી અંદાજે ૧ કરોડ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે, જેમાં સેની એક્સક્રાવેટર મશીન અને ત્રણ ડમ્પરનો સમાવેશ થાય છે. ખનિજ વિભાગની ટીમે બિનઅધિકૃત રીતે ખનન અને વહન કરવા બદલ આ તમામ વાહનોને કબજે કરી ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે કસ્ટડીમાં સોંપ્યા છે અને દંડકીય કાર્યવાહી હાથ ધરી છે.ઝડપાયેલા વાહનોમાં જયેશભાઈ સાનિયાની માલિકીનું સેની એક્સક્રાવેટર મશીન, રેવતુભા જાડેજા, ભગીરથસિંહ જાડેજા અને કુલદીપસિંહ જાડેજાની માલિકીના ત્રણ ડમ્પરનો સમાવેશ થાય છે. નિખિલભાઈ, ભાવેશભાઈ અને રમેશભાઈની તપાસ ટીમે આ સફળ કામગીરી પાર પાડી હતી. ખાણ-ખનિજ વિભાગની આ આકરી કાર્યવાહીથી પંથકના ખનિજ ચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# રાજયની નવી ૧૬ સરકારી કોલેજોમાં આચાર્ય સહિતની ૧૧૭ જગ્યા ભરવાની મંજૂરી

## તમામ કોલેજોમાં આસિ. પ્રોફેસરની ૫૨, ગ્રંથપાલની ૭ સહિતની જગ્યા ભરાશે, પટાવાળાની ૧૩ જગ્યા આઉટસોર્સિંગથી ભરવી પડશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આગામી દિવસોમાં ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવાની અને ૮ કોલેજમાં નવા પ્રવાહ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતની સાથે સાથે આગામી દિવસોમાં ૧૧૭ જેટલી ટીચિંગ અને નોન ટીચિંગની જગ્યાઓ પણ ભરવામાં આવશે. સરકાર દ્વારા કઈ કોલેજમાં કેટલી જગ્યાઓ ભરવાની રહેશે તેની પણ જાહેરાત કરી દેવામાં આવી છે. આમ, આગામી દિવસોમાં સરકારી કોલેજોમાં ભરતી માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી સરકારી કોલેજોને મંજૂરી આપવામાં આવી ન હોવાના કારણે અનેક વખત રજૂઆતો અને માંગણી કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં તાજેતરમાં વિધાનસભામાં બજેટસત્ર દરમિયાન બિન આદિજાતિ અને આદિજાતિ વિસ્તારમાં નવી કોલેજોને મંજૂરી આપવાની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આ જાહેરાતમાં અમદાવાદમાં હાથીજણમાં નવી સરકારી કોલેજમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની કોલેજ શરૂ કરવામાં આવશે. આજ રીતે બિન આદિજાતિ વિસ્તારમાં ખાનપુર, ઉના, ધાનેરા, માળીયા, રાણપુર, દહેગામ અને ગઢશીશા વિસ્તારમાં નવી કોલેજ શરૂ કરવામાં આવશે. આ સિવાય આદિજાતિ વિસ્તારમાં પણ બનાસકાંઠા, વલસાડ, મહિસાગર, દાહોદ, છોટા ઉદેપુર, સુરતમાં બે અને નવસારીમાં એક કોલેજ શરૂ કરવામાં આવશે. આ સિવાય બિન આદિજાતિ વિસ્તારમાં ચાલતી બે કોલેજોમા નવા પ્રવાહ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ કોલેજ શરૂ કરવાની મંજૂરી આપવાની સાથે સાથે સરકાર દ્વારા આચાર્ય, આસી.પ્રોફેસર, ગ્રંથપાલ, પીટીઆઈ, કલાર્ક, શ્રેયાન કલાર્ક, લેબ. આસિ. , જુનિયર કલાર્ક અને પટ્ટાવાળા સહિતની જગ્યાઓ માટેનું મહેકમ પણ મંજૂર કરી દેવામાં આવ્યું છે. સૌથી વધુ અમદાવાદના

(અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમા ઝાલાવાડ પંથકમાં

# લીંબડી નજીક કન્ટેનરના ચોરખાનામાંથી રૂ.૯૨.૭૩ લાખનો શરાબ પકડાયો

## એલસીબીએ દરોડો પાડી ૨૦૭૩૬ બોટલ દારૂ અને વાહન મળી રૂ.૧.૧૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, અશ્વીનસિંહ રાણા, લીંબડી**

સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમાજ ઝાલાવાડના લીબડી નજીક એલસીબીએ દરોડો પાડી રાજસ્થાન પાર્સિંગ ના કન્ટેનર માં ચોર ખાનામાં છુપાવેલો રૂપિયા ૯૨.૭૩ લાખની કિંમતનો ૨૦૭૩૬ બોટલ વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે પોલીસે વાહન અને દારૂ મળી રૂપિયા ૧.૧૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે. વિગત મુજબ હોળી ધુળેટીના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા વિદેશી દારૂની મોટા

(અનુ. આઠમા પાને)

## પાળીયાદ નજીક એસએમસીએ રૂ.૬૪.૩૩ લાખનો શરાબ પકડ્યો

### લિસ્ટેડ બુટલેગર સહિત આઠની શોધખોળઃ રૂ.૮૯.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે

હોળી - ધૂળેટીના પર્વ પૂર્વે દારૂના ધંધાર્થી દ્વારા મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી કરતા હોવાની એસએમસીને ધ્યાને આવતા દારૂબંધીનો કડક અમલ કરવા એસએમસીના વડા નિર્લિત રાયે આપેલી સૂચનાને પગલે બોટાદ પંથકમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે પાળીયાદના રતનપર ગામે વિદેશી દારૂનું કટીંગ થતું હોવાનું મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી રૂ.૬૪.૩૩ લાખની કિંમતનો ૧૫૩૨૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને વાહન મળી ૮૯.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો ગઢડાના રાયપર ગામના લિસ્ટેડ બુટલેગર વિજય રવુ બોરીચા, બરવાડાના ખંભાડા ઉદય રણુ ખાચર, હિતેશ હરેશ ખાચર અને કાર્તિક શિવરાજ ખાચર સહિત આઠ શખ્સોના નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## ભચાઉ નજીકથી રૂ.૧ કરોડનો દારૂનો જથ્થો પકડાયો

### એસ.એમ.સી.એ દરોડો પાડી રૂા.૧.30 કરોડનો મુદ્દામાલ કબ્જેઃ બુટલેગર સહિત સાતની શોધખોળ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉ તાલુકાના વોંધ ગામના આથમડા તળાવ પાસે ખુલ્લા મેદાનમાંથી એસ.એમ ની ટીમે વિદેશી દારૂની બોટલ ૭૦, ૮૦, જેની કિંમત ૧,૦૧,૮,૮૦૦ વાહન જેની કિંમત ૨૫ લાખ સોયાબીન પ્લાસ્ટિકની બેગ ૨૫૦ જેની કિંમત રૂ.૪,૫૦,૦૦૦ કુલ મુદ્દા માલની કિંમત એક કરોડ 30 લાખ ૫૮,૮૦૦ નો જથ્થો ઝડપી પાડ્યો હતો. સોયાબીનની આડમાં વિદેશી દારૂનો જથ્થો આવ્યો હોવાની બાતમી મળેલ હતી. જેના આધારે આ દારૂનો જથ્થો



એસએમની ટીમના પોલીસ ઈન્સ્પેક્ટર એમ એસ ત્રિવેદીએ ઝડપી પાડ્યો હતો. જેમાં અશોકસિંહ એન મામા બાલુભા જાડેજા, રહેવાસી ભચાઉ, અર્જુનસિંહ અશોકસિંહ જાડેજા ભચાઉ, ભગીરથસિંહ દુર્ગાસિંહ જાડેજા ભચાઉ જિલ્લા કચ્છના રહેવાસી, સીવમંસિંહ જાડેજા, ભચાઉ જિલ્લો કચ્છ, કન્ટેનર ટ્રકનો માલિક, કન્ટેનર ટ્રકનો ડ્રાઈવર, જેણે પણ માલ સપ્લાય કર્યો છે તે અજાણ્યા વ્યકિત ટોટલ સાત વોન્ટેડ આરોપીને પકડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.